ચંદ્રમણિ પ્રકાશન

કિંમત રૂા.૨૦

# મમતા

વર્ષ: ૧, અંક: ૧૦, ૨૦૧૨

વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક




| | | | |
|---|---|---|---|
| ગુલાબદાસ બ્રોકર | હિતેષ જાજલ | જયશ્રી ચૌધરી | કેતન કાનપરિયા |
| હરિક્ષિત શુક્લ | કોશા રાવલ | "વાર્તાસ્પર્ધા ૨૦૧૨" | નિકી રાજુ |
| ચિંતન શાહ | સુરેશ જાની | જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ | જ્હોન અપડાઇક |



# જહોન અપડાઇક/રાગ વિશ્વરંજની

# કેફિયત





વીસમી સદીના પ્રમુખ અમેરિકન લેખકોમાં જેની ગણના થાય છે તે જહોન અપડાઇકનો ઉછેર અમેરિકામાં આવેલી ભયંકર મંદી (ડિપ્રેશન)ના વર્ષોમાં થયો હતો. પિતા શિક્ષક અને માતાને વાંચવાનો શોખ. માતા પાસે માસ્ટર્સની ડિગ્રી હતી અને સાહિત્યકાર બનવાની પ્રબળ ઇચ્છા હતી. ઘરની જવાબદારીમાં પોતાની ઇચ્છા પૂરી ન થઇ શકી પણ જહોનને નાનપણથી જ નવું નવું વાંચવાની પ્રેરણા આપતી રહી. એકમાત્ર સંતાનને માતાનો આ શોખ વારસામાં મળ્યો અને નાનપણથી જ પ્રચુર વાંચન કર્યું. પંદર વર્ષની ઉંમરે એલિયટની “વેસ્ટ લેન્ડ” કવિતા વાંચી પણ સાથે સાથે એલેરી ક્વીન અને અર્લ સ્ટેનલીગાર્ડનર તો ખરા જ. યુવાનીમાં પગ મૂકતાં કવિતા અને ચિત્રકળા પર હાથ અજમાવ્યો. ચિત્રકળાની વિધિવત્ તાલીમ પણ લીધી. છેવટે ૧૯૫૪માં “ન્યૂ યોર્કર” સાપ્તાહિકમાં પ્રથમ વાર્તા છપાઈ અને ત્યાર બાદ એ જ સામયિકમાં બે વર્ષ નોકરી કરી ‘ટોક ઓફ ધ ટાઉન’ કોલમ લખી. અમેરિકન ટાઉનનું વાતાવરણ અને જીવન એના લખાણનો મુખ્ય વિષય રહ્યો છે.


એની ચાર એવી નવલકથાઓ છે જે જીવનના ચાર તબક્કાઓ રજૂ કરે છે. ‘રેબિટ રન’થી ‘રેબિટ એટ રેસ્ટ’ની આ યાત્રા હેરી (રેબિટ) એંગસ્ટ્રોમના પાત્રના જીવન સાથે સંકળાયેલી છે. ઘણાં વિવેચકો આને ચાર ભાગમાં લખાયેલી લેખકની આત્મકથા માને છે. જોકે જહોન અપડાઇક એ સ્વીકારતો નથી. છેલ્લી નવલકથામાં રેબિટના મૃત્યુ વિશે જહોન કહે છે - મેં એને મારી હયાતીમાં જ મારી નાંખ્યો નહિતર એ કોઈ કાર્ટૂનના પાત્રની જેમ અવિરત ચાલ્યા કરત. રેબિટના પાત્રને ભલે એ આત્મકથાનક ન માને પણ એટલું સ્વીકારે છે કે પોતાની ઉંમરનો હોવાના લીધે લખવામાં જરૂર સરળતા રહી.

પોતાની લેખની પદ્ધતિ વિશે જહોન અપડાઇકના અમુક વિચારો જોઈએ - લેખન પ્રવૃત્તિ સિવાય બીજો કોઈ વ્યવસાય કરતો નથી. દરરોજ ચારેક કલાક નિયમિત લખું છું - બે ત્રણ પાનાં તો ખરાં જ. મારી ચિત્રકળાની તાલીમ, વર્ણનો લખતી વખતે ઘણી સહાયરૂપ થાય છે. કવિતાથી લખવાની શરૂઆત કરી, પણ એ આવકનું સાધન ન બની શકે માટે ગદ્ય તરફ વળી ગયો. રહસ્ય કથાઓ લખવાનું બહુ મન હતું પણ લખી નથી શક્યો એનો રંજ છે. આવી કથાઓ લખવાની પદ્ધતિ બીજા લેખન કરતાં જુદી છે. અહીં લેખકે વાચકથી શું છુપાવવું તે મહત્વનું બની જાય છે. બીજા લેખનમાં લેખક વાચકથી કંઈ જ છુપાવતો નથી. હું કોઈ પણ પુસ્તક શરૂ કરતાં પહેલાં એનો અંત નક્કી કરી લઉં છું. બાકીની વિગતો પાછળથી ઉમેરાતી જાય છે. નવલકથા લખવાની પ્રક્રિયા લાંબી હોય છે અને તે સમયે એમાં એટલો ઓતપ્રોત થઈ જાઉં છું કે એ મારું બીજું ઘર બની જાય છે. શિસ્તબદ્ધ રીતે નિત્યક્રમની જેમ લખું છું અને નિવૃત્તિમાં માનતો નથી. નવલકથા અને ટૂંકી વાર્તા એકબીજાનાં પૂરક છે. લેખકે ઇશ્વર જેવા બનવું પડે છે. પોતાના લખાણમાં એ સતત હાજર રહે પણ દેખાય નહીં. જો લેખક જ દેખાયા કરે તો લખાણ નબળું પડી જાય છે. યુવાનીમાં કંઈ પણ લખી શકાય છે પણ વયસ્ક લેખકે જવાબદારીથી લખવું પડે છે. નવા લેખકોને મારી એક જ સલાહ છે કે દરરોજ ઓછામાં ઓછું એક કલાક નિયમિત લખતાં રહો.

લેખક સારો વક્તા હોય તે જરૂરી નથી. એનું કામ લખવાનું છે, બોલવાનું નહીં. હેમિંગ્વે કે ફોકનર જેવા લેખકો ક્યારેય કોઈ લેક્ચર ટૂર પર ગયા નથી. વક્તવ્યને હું એક ‘પરફોર્મિંગ આર્ટ’ ગણું છું જે તદ્દન જુદી જ પ્રક્રિયા છે. મેં જોયું છે કે ઘણા નબળા લેખકો બહુ સારા વક્તા હોય છે અને શ્રોતાઓમાં લોકપ્રિય હોય છે. મારી દૃષ્ટિએ વાચકો અને શ્રોતાઓના બૌદ્ધિક સ્તરમાં પણ ઘણો ફરક હોય છે. ફિલિપ રોથ, મુરિયલ સ્પાર્ક અને આઇરીસ મેર્ડોકને એ પોતાના પ્રિય લેખકોની યાદીમાં મૂકે છે. પોતાને જે સાચું લાગે અને સમાજ જેને સાચું માને આ બંને વચ્ચેનો સંઘર્ષ લેખક માટે પડકાર છે. દરેક લેખક પોતાની પ્રતિભા પ્રમાણે આ સંઘર્ષનો સામનો કરતો હોય છે. દરેક માણસ સ્વભાવે ધાર્મિક છે માટે જ પૈસાથી એને સંપૂર્ણ સુખ નથી મળતું. જીવનમાં સમૃદ્ધિ મળી જાય તો પણ આધ્યાત્મિકતાની જરૂરત પડે છે. તેના સિવાય સંતોષ મળતો નથી. અમેરિકામાં દરેક પ્રકારની સ્વતંત્રતા છે તેમ છતાં સૌથી મોટી તાનાશાહી પૈસાની છે. જ્યારે ધનને વધારે પડતું મહત્ત્વ અપાય છે ત્યારે એ દુઃખનું કારણ બની જાય છે.

આજે ગંભીર સાહિત્ય ઓછું વંચાય છે માટે એના વાચકોની સંખ્યા વધારવાની ખાસ જરૂરત છે. જો સમૃદ્ધ સાહિત્ય વિશે સભાનતા નહીં આવે તો હાંસિયામાં ધકેલાઈ જવાનો ભય છે. આજે કવિતાનું વાંચન મોટા ભાગે કવિઓ દ્વારા જ થતું હોય છે. ભવિષ્યમાં એવા દિવસો ન આવે કે વાર્તાકારોનું સર્જન કેવળ વાર્તાકારો જ વાંચે. આવી સ્થિતિને ટાળવા માટે સઘન પ્રયાસ જરૂરી છે.


જહોન અપડાઇક જો કે એની રેબિટ શ્રેણીની નવલકથાઓ માટે વધારે જાણીતો છે, પણ એનાં બીજાં પ્રમુખ પુસ્તકો છે - કપલ્સ, ઇન ધ બ્યૂટી ઓફ ધ લીલીઝ તથા વાર્તા સંગ્રહો આફ્ટર લાઇફ અને પીજન ફેધર્સ. અમેરિકાના લગભગ દરેક પ્રમુખ સાહિત્યિક ઇનામો મળી ચૂક્યાં છે જેમાં પુલિત્ઝર અને નેશનલ બૂક એવોર્ડનો સમાવેશ થાય છે. લેખક જહોન ચીવર અપડાઇકને એની પેઢીનો પ્રતિનિધિ લેખક માને છે. મ


















*વિવિધ સ્રોતમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત બકુલ બક્ષી*
*મો ૯૮૨૫૫ ૦૩૮૭૮*
*bakulbakshi@hotmail.com*

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર



શરલોક હોમ્સ નામના ડિટેક્ટિવ તથા સમગ્ર ડિટેક્ટિવ વાર્તાઓના પ્રપિતામહ સર આર્થર કોનન ડોયલની રહસ્યકથાઓ ઉપરથી શતશત કથાકારોએ પ્રેરણા લીધી છે. અગણિત ભાષાઓમાં એના અનુવાદ થયા છે. હોમ્સની કથાઓ ઉપરથી ડઝનબંધ નાટકો, ટીવી ફિલ્મો, શ્રેણીઓ, અને રજતપટીય ફિલ્મો બની છે. તેના કાલ્પનિક ડિટેક્ટિવ શરલોક હોમ્સના કાલ્પનિક નિવાસનો તીર્થમંદિર જેવો મહિમા છે. અને હોમ્સના ભક્તોની મંડળીઓ દુનિયામાં ઠેર ઠેર ચાલે છે. કેમ કે સર આર્થરની રચનાઓમાં રહસ્ય, કુતૂહલ, ભેદભરમ ને સનસનાટીનો આલમ કિનખાબના વેલબુટા ભરેલા જાંબલી મખમલના પરદા જેવો મુગ્ધકર છે. સર આર્થર તબીબ હતા, મહામશ્કરા હતા. પોતાના મિત્રોની ને શત્રુઓની નિર્મમ મશ્કરી કરનારા ડાક્ટર સાહેબે એક દિવસ પોતાના બારેક મિત્રોને ટેલિગ્રામ ભેજ્યાઃ 'Flee at once, the secret is discovered'. યાને 'ભાગો, ભાગો, પોલ ખૂલી ગઈ છે.' વાયકા છે કે તે બારે બાર મિત્રો રાતોરાત પરદેશ ભાગી ગયેલા.

આ અંક સખ્ખત મોડો થયો છે તેનું કારણ પ્રકાશક પરદેશ ભાગી ગયા છે તે નથી. કારણ શોધવા શરલોક હોમ્સ હોવાની જરૂર નથી. સંપાદક દાયકાઓ પહેલાં ભાગીને પરદેશ રહે છે, કારણ તે છે. 'મમતા'ના રજિસ્ટ્રેશનના કાગળિયામાં ભૂલો થયાના કારણે આજસુધી તેને રજિસ્ટ્રેશન મળ્યું નથી અને ગ્રાહકો જાણે છે કે દરેક અંક ઉપર સાત સાત રૂપિયાની ટિકિટ ચોડવાનું થાય છે; યાને કે ધારેલા અડસટ્ટા અને વાસ્તવિક ખર્ચ વચ્ચે પાણી અને છાંટાપાણી જેટલો તફાવત છે.

યસ, અનેક તુફાનોની વચ્ચે કાગજ કી કશ્તી ચલાવતાં સંપાદકને હાંફ ચડે છે. તો પછી દર અંકે દુખડાં રોવા કરતાં મીરાએ કહેલું તેમ, તમે કેમ નથી કહી દેતા, વાચક મનોમન પૂછે છે, કે જો હમ ઐસા જાનતે, મમત કિયે દુખ હોય, નગર ઢિંઢોરા પીટતે મમત ન કીજો કોય? ને સંપાદક એક્ટર પ્રાણની જેમ એક ભમ્મર ઊંચી કરીને શકીલ બદાયૂંનીના શબ્દો ટાંકે છેઃ ઝિંદાબાદ! ઝિંદાબાદ! યેહ મુહબ્બત ઝિંદાબાદ! નૌજવાન લેખક લેખિકાઓના ફણફણતા અરમાનના અફસાના ઝિંદાબાદ! નિવૃત્ત અફસરો, થનગનતી ગૃહિણીઓ, કાર્યરત તબીબો ને ઈજનેરો ને શિક્ષકો ને વ્યાવસાયિકોની,ગોટલીની સાથે કાપી શકાય એવી કાચી કેરી જેવી રચનાઓ માથે મૂકીને નંગે પાંવ કથ્થક કરવાનો એક 'નિશો' છે. ભલે કાલીન ઉપર કાચના કટકા વિખરાયેલા છે, પણ સંપાદકને આ કામથી વિશેષ જલસો બીજા કશામાં પડતો નથી. કદાચ અકળામણ, નિષ્ફળતાઓ, વિટંબણાઓ તે જલસાને ઔર ઉત્તેજક બનાવે છે. સફળતાની ઉમ્મીદ ઊછળી ઊછળીને દાવ ખેલાવે છે. કોઈ બરખુરદાર જુગારમાં, કોઈ પ્યાલીમાં, કોઈ પ્યારીમાં ને કોઈ યારીમાં પત્નીનાં ઘરેણાં ખુવાર કરે તેમ, સંપાદક ગાંઠનાં કાવડિયાં લુટાવીને પણ મમતથી વાર્તામાસિક ચલાવવા ધારે છે. લાહૌલ બિલાકૂવત! દર અંકે રજૂ થતી કઠણાઈઓની દાસ્તાં તે ફરિયાદ નથી પણ પરિજનોને અપાતો 'સ્ટેટસ રિપોર્ટ' છે, વાચક સાથે હાર્ટ ટુ હાર્ટ છે કેમ કે મમતા એટલે અમે વર્સેસ તમે નથી; હું, તું, તે, તેણી, તમે, તેઓ સર્વ છે. જેને શૂર ચડે તે મમતાનો વાવટો ઝાલી દોડવા લાગે છે. ઓસ્ટ્રેલિયાના અશ્વિન દેસાઈ સામે ચાલીને "મમતા-વતી" લેખકોને નિમંત્રે છે. અમેરિકાના વિખ્યાત બ્લોગર સુરેશ જાની 'મમતા' માટે ખાસ વાર્તા લખવા પ્રેરાય છે. પણ પ્રેસમાં જવાના ટાણા સુધી જાની સાહેબની વાર્તા એમના બ્લોગ ઉપર આવી ગઈ છે તેની જાણ નહોતી એટલે આ અંકમાં તે સામેલ છે. 'મમતા'માં અન્યત્ર કશેય પ્રગટ થયેલી કે થવાની હોય એવી રચના સ્વીકારાતી નથી. મુંબઈના રાજુભાઈ એક કે બે વાર્તા વિશે નહીં પણ બબ્બે અંકોની તમામ વાર્તાઓનો આસ્વાદ કરાવે છે. છાયાબહેન, સુચીબહેન, રીટાબહેન, મણિભાઈ, કેતનભાઈ મમતાનું કલેવર બનાવવામાં ઉત્સાહપૂર્વક ઉદ્યુક્ત છે. સંપાદકે હથેળી ઊંચી કરી છે, અશ્વિનભાઈ, સુરેશભાઈ, રાજુભાઈ, મણિભાઈ, કેતનભાઈની માફક સૌ વાચકભાઈ એમાં તમારી આંગળી ખૂંચાડો. છાયાબહેન, સુચીબહેન, રીટાબહેનની માફક સૌ વાચકબહેનો મમતાના મીંડલા શણગારો.

આ અંકમાં વાર્તાઓની સાથે મૂકેલાં ચિત્રો કેવળ સુશોભન માટે છે, કેમ કે વાર્તાઓનાં ચિત્રો કરાવવાનો સમય રહ્યો નહોતો. બધી ત્રુટિઓ માટે અને અકળાવી મૂકે એટલા વિલંબ માટે સંપાદક વિલા મોઢે દિલગીરી દર્શાવે છેઃ તેજસ્વિ નાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ.

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઇઝ કે એ-ફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઇ-મેઈલથી** mamatamonthly@hotmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઇલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઇલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- **વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઇન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઇ-મેઈલ આઈડી મોકલવાં.**
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઇ-મેઇલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઇચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઇઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું,** mamatacirculation@gmail.com **અથવા 'મમતા' કાર્યાલય ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭** સંપાદકીય પત્રવહેવાર માટે ઇ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩ • પંખીનો મેળો**

**૦૪ • ગુલાબદાસ બ્રોકર / અતીતરાગ**

**૦૮ • હિતેષ જાજલ / મહેશ્વરી**

**૧૨ • જયશ્રી ચૌધરી / અમૂર્ત**

**૧૬ • કેતન કાનપરિયા / કબર**

**૨૦ • હરિક્ષિત શુક્લ / આનું નામ તે...**

**૨૩ • કોશા રાવલ / હું નહિ હું**

**૨૭ • ચિંતન શાહ / અર્ધી ચિરી**

**૩૧ • નિકી રાજુ / ચોરીચપાટી**

**૩૬ • સુરેશ જાની / ઈશ્વરનો જન્મ**

**૩૯ • જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ/ છાયાછબીલી વાર્તા**

**કવર ૨ • જ્હોન અપડાઇક/ રાગ વિશ્વરંજની**



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**કોપી એડિટર** છાયા ત્રિવેદી **સંપાદન સહાય** સુચી વ્યાસ

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** રીટા ડાંગોદરા ફોન : ૯૪૨૬૪ ૧૮૫૧૦

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફ્સેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર અમદાવાદ: ૩૮૦૦૨૧ ફોન: ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય

**મુખપૃષ્ઠ અને રેખાંકન** સુલેમાન રોશનઅલી

# પંખીનો મેળો

મમતા અંક ૮, લેખિકા વિશેષાંકમાં વિનોદીની બહેનની વાર્તા વાંચતા રડવું આવી ગયું. સેજલ શાહની વાર્તા 'વચન' અદ્ભુત; નાવીન્યપૂર્ણ માહોલ અને પ્રસ્તુતિકરણ. અંત વધુ સરસ હોઈ શકયો હોત. પણ એકંદરે સરસ અનુભવ. પૂજા તત્સત લિખિત 'બોન વોયેજ'નું ફોર્મ સરસ પરંતુ એ 'ક્લિક'ન થયું અને કૃતિ અતિ સરલતાનો ભોગ બની ગઈ. જયશ્રી કૃષ્ણદેવની વાર્તા 'ઓહ અક્ષય' માત્ર પ્રસ્તુતિ માટે વિજ્ઞાન-કલ્પનાનો સહારો લે છે; પણ કથાવસ્તુ તો સંવેદના અને ઉષ્માની ઊણપ વિશેની જ છે. અંત 'છેવટનું સારું'ના ભાવથી ગ્રસિત. વાર્તાના લેખન અથવા સંપાદનમાં પેરા આગળ-પાછળ થઇ ગયા છે. નીલમ દોશીની વાર્તા 'તથાસ્તુ' બહુ જ આસ્વાદ્ય. પણ ગોપુના ભગવાન દર્શન વેળાના ભાગમાં સહજતાના સ્થાને એની દાર્શનિકતા કઠે છે, અને પાણીના પાઉચના જમાનામાં રૂપલીની પાણી વેચવાની વાત કેટલી પ્રસ્તુત?પન્ના ત્રિવેદીની વાર્તા 'ધુમ્મસ' બહુ જ સરસ વાર્તા છે.વાર્તાના ઉત્તરાર્ધમાં મહાસુખરામને 'લાર્જર ધેન લાઈફ' ન બતાવ્યો હોત તો પણ ચાલત. આશા વીરેન્દ્રની વાર્તા 'રિમોટ'ની શરૂઆત જેટલી અદ્ભુત એટલો અંત નિરાશાજનક. કલ્પના જિતેન્દ્રની વાર્તા 'ધરતી અને આકાશ' વાર્તાના ફોર્મમાં લખાયેલી કવિતા જાણે! અદિતિ સોનીની વાર્તા 'સંબંધની સીમા' બહુ ઉતાવળે લખાયેલી હોય એવું લાગ્યું. વાર્તા બિટવીન દ લાઈન્સ હોય એ ખરું પણ આ વાર્તા અધૂરી લાગી, કાં સંપાદનમાં કંઈ કાચું કપાયું -કાં આલેખનમાં કંઈ કાચું કપાયું, કાં મારી સમજણ ઓછી પડી. દેવાંગી ભટ્ટની વાર્તા 'પર્સેપ્શન' શ્રેષ્ઠ વાર્તા, સામયિક વાર્તા, શુદ્ધ વાર્તા. છાયા ત્રિવેદીની વાર્તા 'ગુડ ન્યૂઝ' ટ્રિકી વાર્તા છે, વાચક સાથે રમત રમાઈ હોય એવું લાગે છે. ગીતા ભોજકની વાર્તા 'રેવી'ને વાર્તા બનવાની તક જ ન મળી! સ્થિતિ અને પરિસ્થિતિના વર્ણનમાં જ વાર્તાનું આયખું પૂરું થઇ ગયું! દક્ષા બી. સંઘવીની વાર્તા 'સુખની વાર્તા' એક સાદ્યંત વાર્તા લાગી. અદ્ભૂત, અદ્ભૂત, અદ્ભૂત! સૌને ખૂબ ખૂબ ધન્યવાદ!

**રાજુ પટેલ,**
**raajupatel@gmail.com**

મમતા અંક નવમાં મણ માટીની મા (હસમુખ કે. રાવલ), અનાહત (કિશોર પટેલ), નડતર (દુર્ગેશ ઓઝા) અને તૂટ્યા તાર (બળવંત જાની) આ વાર્તાઓ બહુ ગમી. ચિત્રોમાં પણ નિખાર આવ્યો છે. સંપાદકીય માટે કવિ સિતાંશુ યશશ્ચન્દ્ર સાચા છે. સંપાદકજીએ ડંગોરો લઈને આંબાવાડિયાનું રખેવાળુ તો કરવું જ પડશે. વાંદરાઓ હળી જશે તો ઉપાધિ થશે. કોઈ કોઈ વાંદરા ખિસકોલાનો ડોળ કરી પેસી જાય એવાય હોય. ને કોઈ હોય ખરે જ ખિસકોલું પણ એનામાં વાંદરાપણું ઓચિંતું ફૂટી પડે એવુંય બને ને?

**રમણીક અગ્રાવત,**
**નર્મદાનગર, જિ. ભરૂચ**

જેને ને તેને વાર્તા લખવા દુરાગ્રહ કરવો તે સંપાદકને કવિતા લખવા ફરજ પાડવા જેવો અન્યાય છે. એ ન કરશો. નહીંતર અસહ્ય લખાણોનો ઢગલો લખાશે ને છપાશે. ને પછી ભગવાન બચાવે. હાલની વાર્તાઓની પસંદગી પણ જરા વિચાર માગે છે. લેખક નવા હોય કે જૂના હોય ખરાબ લખાણ એટલે ખરાબ લખાણ. વાચકોને મજા નહી આવે તો 'મમતા' ટકશે નહીં.

**એક શુભેચ્છક, મહેસાણા**

> ***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈ-મેઈલથી (sub: pankhino melo) મોકલવા. અથવા ટપાલનું સરનામું 'મમતા' વાર્તામાસિક, કેર ઓફ રીડર્સ પેરેડાઇઝ, ૬, ઉત્સવ રો હાઉસ, સાલ હોસ્પિટલની સામે, થલતેજ, અમદાવાદ ૩૮૦૦૫૨.***

અંક નવમાંમાં કામિની સંઘવીની આવેલી છાયાછબીલીની વાર્તા ગમી છે. તેમની ભાષા, શબ્દો અને કલ્પનાશકિત પર હું વારી ગઈ છું. તેમને મારાં ખૂબ ખૂબ અભિનંદન.


**કોકિલા રાવળ, ફિલાડેલ્ફિયા**

મમતા અંક નવમાં બકુલભાઈના રાગ વિશ્વરંજનીમાં પાઓલો કોએલો વિશે સરસ માહિતી છે. 'તૂટ્યા તાર' (બળવંત જાની)માં એક દુ:ખદ ઘટનાના વિવરણથી વિશેષ કંઈ મળ્યું નહીં. 'અનાહત' (કિશોર પટેલ)માં અનોખા વિષય ઉપરાંત એક વિશિષ્ટ તત્ત્વ એ લાગ્યું કે વાર્તાનો અંત, વાર્તાને છેવટે ન આવતો હોય છતાં વાર્તા સાદ્યંત પકડ ન ગુમાવે એવું આ કૃતિમાં સધાયું છે; પણ આ વાર્તાની લંબાઈ ૨૫% જેટલી ઓછી થઇ શકી હોત. 'મણ માટીની મા' (હસમુખ કે.રાવળ ) અનન્ય વર્ણન શૈલી, જીવંત સંવાદ અને રસદાર કથા ખૂબ ગમી. 'નડતર' (દુર્ગેશ ઓઝા) અન્ય રસપ્રદ અનુભવ-ગળે ઊતરી જાય એવું પાત્રાલેખન, અને ટૂંકી વાર્તાને છાજે એવો અંત. વાહ! 'નવનિર્માણ' (જિજ્ઞેશ અધ્યારુ)માં શહેરનું નામ ન પાડ્યું હોત તોય ચાલત. ફીલ ગુડ વાર્તા, ટૂંકાવી શકાઈ હોત. ''અમુભાઈ ને જમુભાઈ' (રમણીક અગ્રાવત) માં એક સામાન્ય વાતની અસામાન્ય રજૂઆત ખૂબ સરસ.'સરપ્રાઈઝ' (કલ્યાણી વ્યાસ) કાંઈક કમજોર લાગી. નાયકની પૂર્વ કથાનું દીર્ઘવર્ણન અનાવશ્યક. અંતે પત્નીના વલણમાં થયેલા ફેરફારનું કારણ અસ્પષ્ટ. સુખદ અંતના મોહનો ભોગ બનેલી કથા. 'ખાખી જીવડાં' (ડો. પ્રભુદાસ પટેલ) સરસ. સંપાદકના ઈજન પ્રમાણે તળપદી કથા મળી ખરી! કરુણ અને હૃદયસ્પર્શી. 'સામેની બારીમાં બેઠેલો' તે (પ્રકાશ બાળ જોશી/ લલિતકુમાર શાહ) ખૂબ ગમી. પ્રકૃતિ તત્ત્વના વંધ્ય સામાજિકરણનું અનન્ય આલેખન. અનુવાદ સુવાચ્ય.છાયાછબીલી (કામિની સંઘવી) ખૂબ સુંદર. સંપાદકીયમાં દેખાતાં શમણાં ગમે એવાં છે. અંકની ચિત્ર સજ્જા બહેતર. અનુક્રમણિકામાં બે લેખકની અટક સાથે અટકચાળાં સિવાય મુદ્રણદોષ નહિવત્.

**રાજુ પટેલ,**
**raajupatel@gmail.com**

મમતામાં બકુલ બક્ષી પ્રસ્તુત કેફીયતથી દુનિયાના જાણીતા લેખકોની જાણકારી તેમજ તે દરેકના લેખન અંગે તેમના વિચારોની જાણકારી મળી જે અમૂલ્ય છે. આ સિવાય આપણા ધુરંધર લેખકોની એક એક રચના આવે છે તેથી આપણા જાણીતા સાહિત્યકારો વાર્તાને કેટલી સરળ ભાષામાં રજૂ કરીને કેવી રીતે વર્ણવે છે તે શીખવા મળ્યું. માટે છેલ્લા પાનાના ફોટા પરથી છાયાછબીલી વાર્તા લખવા નવા વાર્તા લખનારાઓને ઉત્સાહ આપે છે. આમાં એક વિષય આપીને પણ લખવાનું કહી શકાય. અમારી સંસ્થા 'લેખિની'માં અમો બધી બહેનો એ રીતે જ લખતા શીખીએ છીએ. દર મહિને એક નવા વિષય પર લખવાનું.

**કલ્યાણી વ્યાસ,**
**kjvyas007@yahoo.com**



ગુલાબદાસ બ્રોકર (૧૯૦૯-૨૦૦૬)ખૂબ યશસ્વી અને ભરપૂર જીવન જીવ્યા. પચાસેક જેટલાં પુસ્તકો તેમણે આપ્યાં. એમને ૧૯૯૨માં પદ્મશ્રીની નવાજેશ થઇ. એમને રણજિતરામ ચંદ્રક, કુમાર ચંદ્રક જેવાં અનેક માન સન્માન મળ્યાં. સન ૧૯૭૪માં એમણે ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રમુખપદ પણ શોભાવ્યું હતું. ગુલાબદાસ બ્રોકરનું અસલ હાડ તો વાર્તાકારનું જ. અને એ હાડમાં એક એવો ઋજુ અને સમભાવી વાર્તાગુરુ પણ વસતો હતો જેણે અત્યારે નામાંકિત એવા વાર્તાકારોના ઉદગમકાળમાં તેમને ઘડ્યા હતા. મુંબઇમાં સ્થાયી હોવા છતાં તેમનું ગુરુકર્મ કોલકતાથી કચ્છ અને કોચીનથી નાગભૂમિ સુધી વિસ્તરતું હતું. તેજ મિજાજ ચંદ્રકાંત બક્ષી હોય, મધુ રાય હોય, મોહમ્મદ માંકડ હોય, કે સૌરાષ્ટ્રના ગામડાઓમાં આથડતો અને દૂર ફેંકાયેલો આ લીટીઓનો લખનાર વાર્તાકાર છોકરડો હોય, બ્રોકરની પારખુ નજર આ સૌ અને એવા બીજા અનેક નવોદિતોની ક્યારીમાં જળ સીંચતી. ગુજરાતી વાર્તા સાહિત્ય પર એમનું ઋણ અવિસ્મરણીય છે.

**વાર્તા સંકલન અને પરિચય**
**રજનીકુમાર પંડ્યા**
**ફો. ૦૭૯-૨૫૩૨ ૩૭૧૧**
**મો. +૯૧ ૯૮૯૮૦ ૧૫૫૪૫**
**rajnikumarp@gmail.com**

# ગુલાબદાસ બ્રોકર/અતીતરાગ

# જીવનસરિતા

તેને ચીડ ચડી. અહીં પણ એની એ જ વાત! કશું પવિત્ર જ નથી એ લોકોને મન! અને સામે જ...

ભાનુની આંખમાં ફરી પાણી ધસી આવ્યાં. ચિતા ભડભડ બળતી હતી. જે માતાએ આટલા લાલનપાલનથી તેને મોટો કર્યો હતો, જેણે પોતા ઉપર પ્રેમની સતત વર્ષા વર્ષાવી હતી, તે માતાના રહ્યાંસહ્યાં અંગોને, અગ્નિ વધતા જતા બળથી ભસ્મીભૂત કરી રહ્યો હતો અને પોતાની બાજુમાં જ થોડે દૂર મુરબ્બીઓ અને સ્નેહીઓ બેઠાં બેઠાં જાણે કશું જ ન બન્યું હોય તેમ વેપારની અને વીમાની, જમણી 'ચકાચક'ની વાતો કરતા હતા.

મિત્રમંડળથી વીંટળાયેલા ભાનુથી જોરથી રડી દેવાયું. કલાકેક થયો. વારંવાર આ રીતે રડી દેતા ભાનુને શાંત શી રીતે રાખવો એ મિત્રોને મન પ્રશ્ન થઇ પડ્યો હતો. હમણાં જ કંઇક શાંત પડ્યો હતો ત્યાં પાછું શરૂ થયું. નહિતર સ્મશાનમાં માતાને લાવ્યા અને ચિતા ગોઠવાઈ જતાં શબને તેના ઉપર સુવાડ્યું ત્યારે? ભાનુ વેગપૂર્વક શબ પાસે ધસી ગયો હતો અને તેને જોતો જ ઊભો રહ્યો હતો. કેટલી વિનવણી અને કેટલાં બળનો એને વારવામાં ઉપયોગ કરવો પડ્યો હતો? પછી પણ બધું તૈયાર થઇ ગયું અને ભાનુના હાથમાં લાકડું આપી અગ્નિદાહ દેવા તેને કહ્યું ત્યારે પણ તે કેવી રીતે વર્ત્યો? પ્રથમ તો માતાના અંગૂઠાને અગ્નિનો સ્પર્શ કરાવવાનું તેને કહેવામાં આવ્યું હતું. તે અંગૂઠા પાસે જઇ તેણે પોતાની આંગળીઓ તેને અડકાડી અને પછી એ આંગળીઓથી આંખને સ્પર્શી માથાના વાળમાં એ ફેરવી લીધી. પછી પાછો અનિમેષ નયને તે માતાનાં મૃતદેહ સામે જોતો ઊભો રહ્યો. આંખમાં આંસુઓની ધારા અને હાથમાં સળગતું લાકડું. સામે પડેલો માતાનો મૃતદેહ હમણાં વાત્સલ્યથી આંખ ઊંચી કરી તેને શાંત રહેવા સમજાવશે એમ જાણે એ ન માનતો હોય! જોનારાઓની આંખો પણ ભીની થઇ. માંડ ફરી તેણે એ અંગૂઠાને ત્રણ વાર આપ્યો અને પછી દાડી જઇ તેણે જોરથી રડી દીધું.

રોવું મૂકી દેવા સમજાવારને તે એક જ વાક્ય કહેતો - આંસુઓની વચ્ચેથી ધીમા પડેલા અવાજે :

'હવે આટલા નિર્મળ નિર્ભળ પ્રેમથી મને ચાહનારું કોઇ ન રહ્યું.'

ફરી પાછી આંસુની ધારા.

મિત્રો તો હતાં જ. મુરબ્બીઓ-સ્નેહીઓ બધા તેની આસપાસ આવ્યા. કોઈ કોઈએ આંખમાં આસું સાથે આ મરણથી કેવી ન પૂરી શકાય તેવી ખોટ પડી હતી તેનું કરૂણા પ્રેરે એવા શબ્દોમાં વર્ણન કર્યું. માતાના ગુણકથને ભાનુને જરી આશ્વાસન પણ આપ્યું. કાકાએ તો કહ્યું :

'તને તો ખબર પણ નહિ હોય ભાઇ, તું તો ત્યારે જન્મ્યો પણ નહોતો, પણ આ તારી માએ મને પણ ઉછેરી મોટો કર્યો હતો. મેં પણ સગી મા ગુમાવી હોય એવું મને

લાગે છે.'

અને એ બોલતાં તેમની આંખમાં જે એક આંસુનું ટીપું ઝળકી ગયું હતું કે જરા પણ ખોટું હોય તેમ ભાનુથી કહી શકાય તેમ નહોતું.

અને હજી તો એ વાતનો પૂરો કલાક પણ નહોતો થયો, હજી તો બધાં અંગો પણ બળી રહેવા નહોતાં આવ્યા ત્યાં તો એ જ કાકા બોલતા હતાં.

'પણ નાથુભાઇ, તમારી વીમા કંપનીમાં વીમો લેવાથી ફાયદો શું? કંઇક સમજાવો તો ખરા.'

અને બીજા મુરબ્બી હસતા હસતા તેમો ઉત્તર વાળતા હતાઃ

'નાથુભાઇના ખિસ્સામાં પૈસા પડે એમાં સમજાવવાનું શું છે?'

બીજા ભાઇ ગઇ કાલે જ મહાબળેશ્વરથી આવ્યા હતા. ત્યાંના વખાણ કરતા હતા.

'નાથુભાઇ, ત્યાંની રસોઇ પણ એવી સરસ! હજી એના તો ઓડકાર આવે છે.'

'અપચો થયો હશે.' બીજાએ કહ્યું અને એ ઉત્તરે હાસ્યનું જે મોજું ફેરવી દીધું તેમાં બળતી ચિતા કે સૂનમૂન બની બેસી રહેલા ભાનુનું કોઇને ભાન ન રહ્યું.

પછી તો વેપારની વાતો ચાલી. ક્યા શેરોમાં નાણાં રોકવાં વધારે ફાયદાકારક? કાચી ચીજોનો ભાવ હવે વધે કે ઘટે? કોણ કેટલું ફાવ્યું?

એક શબ્દ, એક અક્ષર પણ મરનાર વિષે કોઇ બોલતું નહોતું, કોઇને બોલવું સૂઝતું નહોતું.

'જો તો ખરો આ લોકો!' ભાનુએ આંસુ લૂછતાં લૂછતાં મિત્રને કહ્યું, 'કશી પડી છે એમને?'

'એ તો એમ જ હોય ભાઇ! સંસાર કોને કહેવાય?' મિત્રે કહ્યું, ત્યાં તો પેલા સમુદાયમાંથી કોઇ ધીમે અવાજે બોલ્યું તે વાક્ય ભાનુંના કાને અથડાયુંઃ

'ડોસીમા કેટલાં કલાક હજી ગાળશે કોણ જાણે, મને તો એવી ભૂખ લાગી છે!'

ભાનુ સૂનમૂન જેમ એ દિશામાં જોતો બેસી રહ્યો. આ બોલનારને તો માતાએ કેટકેટલી વાર ભાતભાતની રસોઇઓ કરી જમાડ્યો હતો! તે માંદો પડે ત્યારે તેને ભાવે એવી ચીજો તો માતા જ તૈયારી કરી દેતી અને હજી તો તે માતા મરી ગઇ છે એમ પણ પૂરું પોતાને નથી લાગતું ત્યાં આને ખાવાની લાહ્ય બળે છે પેટમાં? અજબ છે ને દુનિયાયે?

ખાવાનો વિચાર પણ કેમ આવે? હવે પછી ખાવાનું



> સ્નેહની સરિતાસ્તો! સ્મૃતિ ભાનુને છેક પોતાના બાલ્યકાળમાં ઘસડી ગઇ. ચારે બાજુ વિષાદનું વાતાવરણ પ્રસરી રહ્યું છે. પિતાજી મૃત્યુ પામ્યા. સગાંસંબંધી પછી આશ્વાસન આપી ચાલી ગયાં છે. રાતના દસ વાગી ગયા છે.

ભાવશે પણ નહિ પોતાને તો, ભાનુને થયું. ખાવું, ખાવું, ખાવું? માતા પોતાના વિષે કેવું ધ્યાન આપતી હતી! કેટલા પ્રેમથી પોતે ખાતો હોય ત્યારે એ જોઇ રહેતી! સુક્કો રોટલો પણ એ અમી નજર નીચે અમૃતમય બની જતો.

વહી જતાં આંસુને લહોવાનું પણ ભાનુને ભાન ન રહ્યું. હૈયે ઊઠતી માતાની સ્મૃતિ માળા જ જાણે આંસુની માળા બની રહી. ટીપે ટીપે એક એક સ્મરણ લટકી રહ્યું. હજી તો આઠ દિવસ પહેલાંની જ વાત, નિત્યક્રમ પ્રમાણે પોતે ઓફિસે જવા નીકળ્યો ત્યારે માતા દરવાજા સુધી તેને વળવવા ગઇ. દૂર દૂરના ટ્રેનના સ્ટેશનનો અને વળી ટ્રેનથી સારી એવી દૂર ઓફિસ સુધી પોતાને ચાલવાનો આંટો બચી ગયો. માતા હજી દરવાજા આગળ ઊભી હતી. વહી જતી મોટરમાંથી તેણે માતાની સામે હાથ ઊંચો કર્યો. માતાના મુખ ઉપર એક મંગળ પ્રસન્ન સ્મિત પથરાઇ રહેલું તેણે જોયું. 'હાશ, મારા દીકરાને આ એક દિવસ તો આટલો ઓછો થાક!' એ જ જાણે એક મોટું સૌભાગ્ય પ્રાપ્ત થયું ન હોય!

એક પળમાં જ અદૃશ્ય થઇ ગયેલી એ મૂર્તિ હૃદયમાં કેટલી કોરાઇ ગઇ હતી! કેટલો અકથ્ય સ્નેહ એ આંખોમાં ભર્યો હતો અને હજી તો એને પૂરા આઠ દિવસ પણ નહોતા થયા ત્યાં તો એ જ ચાલી ગઇ. સ્નેહની સરિતા જ જાણે જીવનના અમાપ રણમાં ક્યાંની ક્યાં લુપ્ત થઇ ગઇ!

સ્નેહની સરિતાસ્તો! સ્મૃતિ ભાનુને છેક પોતાના બાલ્યકાળમાં ઘસડી ગઇ. ચારે બાજુ વિષાદનું વાતાવરણ પ્રસરી રહ્યું છે. પિતાજી મૃત્યુ પામ્યા. સગાંસંબંધી એક પછી એક આશ્વાસન આપી ચાલી ગયાં છે. રાતના દસ વાગી ગયા છે. નાના ગામની એકાંતમય શૂન્યતા ભયંકરતા ધારણ કરી રહી હોય છે. બાળક ભાનુ રોતો હોય છે. પિતા ગયા એટલે શું એનું એને ભાન નથી. પણ, આખા દિવસના રોકકળના વાતાવરણે, ચારે બાજુથી તેને હેત કરવા લંબાયેલા હાથોએ, એને ભાન કરાવ્યું છે કે આ રોવાનો પ્રસંગ છે. સૂજી ગયેલી આંખો અને વિખરાયેલા વાળવાળી માતા એને પોતા પાસે ખેંચે છે. ખોળામાં સુવાડે છે. માતાના એક પગ ઉપર પડ્યો છે, બીજા પગ ઉપર પોતાથી એક બે વર્ષ નાની બહેન. માતા બન્નેનાં આંસુ લૂછે છે, ગાલે હાથ ફેરવી કહે છે :

'તમે રડો મા! તમારા બાપુ ચાલ્યા ગયા પણ હું તો બેઠી જ છું ને! હું તમારી બા અને બાપુ બન્ને થઇશ.'

વાતે સાચી જ હતી. એ પછી આટલાં વર્ષોમાં માતા જ પિતા પણ બની હતી. કદી પણ પોતાને પિતાની ખોટ સાલી ન હતી અને આજે એ જ માતા...

ચિતા ભડભડ બળતી હતી. હમણાં જ હોમાયેલા ઘીએ અગ્નિને પ્રદીપ્ત કર્યો હતો. માતા સ્મૃતિશેષ બનતી જતી હતી.

જોડેથી મશ્કરીનો, હસાહસનો, ટોળટપ્પાંનો અવાજ આવતો હતો. કાકા બાજુમાં બેઠેલાના હાથની તાળી ઝીલવા માટે તેની દિશામાં હથેળી લંબાવી બોલતા હતા:

'મેં તો પાનુશેઠને કહ્યું, વાત સાચી શેઠ, મારાં ભાભી માંદાં છે ને કંઇ થયું તો અમે તમારે ત્યાં લગન માણવા નહિ આવી શકીએ. પણ તેથી અમે તમને મૂકવાના નહિ. અમારો સોગ ઊતરે પછી તમારી પાસેથી મોટી પાર્ટી લેવાના. બંદા અમે કંઇ ગાંજ્યા જાય તેમ નથી.'

'હમણાં અળસીના સટ્ટામાં લાખો કમાયો છે. નસીબદાર હો!' કોઇ બોલ્યું.

'કેટલાં, વીસ-પચીસ લાખનો આસામી હશે?'

'કેમ, નાથાભાઇ, તમારી આંખોમાં ચમક આવી? એ કંઇ વીમો-બીમો ઊતરાવે એવો નથી, હોં!'

'લગ્નપાર્ટી, મોજમજા, વેપાર, નફો, બધાને એ જ સૂઝે? પણ એમને તો એ જ સૂઝે ને? એમનું ગયું છે શું? દુનિયા આખી એમને માટે તો એની એ જ છે. મારે માટે બધું પલટાઇ ગયું.' ઊંચે ને ઊંચે ચડતી જતી અગ્નિશિખા સામે ભાનુ તાકી રહ્યો.

'કેટકેટલું સાથે લઇ જાય છે? આ સ્નેહ, મમતા, અપાર ઔદાર્ય, બધું જ, બધું જ એ છે. છતાં કંઇ જ એનું એ નથી રહ્યું હવે તો. જગત આખું અર્થહીન બની જાય છે મારે માટે તો. તેમાં ક્યાં જમણ ને લગ્ન, નફો ને તોટો! મા, મા, મા!'

અશ્રુમિશ્રિત તેના નિશ્વાસે ફરી પાછા મિત્રોને ભાનુની આસપાસ ધકેલ્યા. ફરી પાછા આશ્વાસનના શબ્દોની હેલી તેના તપ્ત હૃદય ઉપર પડી.

પોતાનું કામ પતાવેલા અગ્નિ ઉપર પણ પાણીની હેલી પડી. બધું શાંત થઇ ગયું. જીવનનો સર્વ આનંદ ત્યાં જ મૂકી

જતો હોય એવી એક નજર ભાનુએ એ ભસ્મના પુંજ ઉપર નાખી અને બધાં ત્યાંથી ચાલતા થયા.

ધીમે પગલે ચાલી જતા ભાનુના અંગ ઉપર થાક સ્પષ્ટ દેખાઇ આવતો હતો. આખી રાતનો ઉજાગરો, સવારના આઠથી છેક સાડા બાર વાગ્યા સુધી ધોમ તડકે સ્મશાનમાં બેસી રહેવું, વારંવાર રોઇ રોઇ સૂજી ગયેલો ચહેરો, બધું પોતપોતાની અસર તેની ઉપર મૂકી ગયું હતું. તેની દૃષ્ટિમાં એક જાતનું શૂન્યત્વ દેખાઇ આવતું હતું. બધાંઓની પાછળ ધીમે પગલે તે ચાલી આવતો હતો. હજારો વિચારનું સંગ્રહસ્થાન તેનું મગજ બની ગયું હતું.

નાકે આવ્યા ત્યાં જ એના સસરાએ ભાનુના કાકાને કહ્યું :

'જુઓ, તમારે બધાને નાહીધોઇને જમવાનું મારે ત્યાં છે હોં. જલદી આવી પહોંચજો. રસોઇ તૈયાર હશે.'

'જેવી ભાનુની ઇચ્છા.' કાકાએ એની તરફ આંગળી નહોતી. તેને નિમંત્રણ આપતાં જ તેણે કહ્યું :

'કાકા ને બધાં ત્યાં આવશે. મને તો ભૂખ લાગી જ નથી.'

'ફરી પાછા જમવાની જ વાત? એને તો એક પળ વીસરતા જ નથી આ લોકો.' તે મનમાં ગણગણ્યો.

'ના, ભાઇ, એવું ન ચાલે. તારે ન જમવું હોય તો અમારે કોઇને જમવું નથી.'

બધાએ આગ્રહ કર્યો. ભાનુને પણ થયું કે વ્યવહારને ખાતર પણ પોતે ન જમતાં આ લોકો નહિ જમે. તેણે ત્યાં જવાનું કબૂલ રાખ્યું.

નાહી-ધોઇ બધાં નજીકમાં જ રહેતા ભાનુના સસરાને ત્યાં પહોંચી ગયા.

ત્યાં એક ખૂણામાં ગૂંચળું વળી ભાનુ બેસી ગયો. સ્નાનને લીધે તેના અંગોમાં કંઇક સ્ફૂર્તિ આવી હતી પણ તેની આંખોમાં વિષાદ અને મુખ પર ગ્લાનિ એવાં હતાં. તેના પેટના ખાડામાં કંઇ ન સમજાય તેવી અકળામણ થતી હતી. કાકાએ કહ્યું:

'ચાલો વેવાઇ, ત્યારે! દોઢ તો વાગી ગયો, હવે તો ભૂખ લાગી છે.'

'બધું તૈયાર છે ને!' કહેતા વેવાઇ ઊઠ્યા. ભાનુ તિરસ્કારથી કાકા સામે જોઇ રહ્યો.

થાળીઓ પીરસાઇ. 'મારે કશું ખાવાની ઇચ્છા નથી.' ભાનુએ કહ્યું. સસરાએ આગ્રહ કર્યો. કાકા ઠપકાભરી આંખે તેની સામે જોઇ રહ્યા.

તે જમવા બેઠો.

ઉત્સવ નહોતો કે વિવિધ વાનગીઓ પીરસાય. થેપલાં, શાક ને દહીં પીરસાતાં જ કાકા અને બીજા સગાઓ જામી પડ્યા. ભાનુ એક પછી એક બધાંની સામે જોઇ રહ્યો. સસરા તેની સામે જ જોઇ રહ્યા હતા. અનુકંપાથી, સમભાવથી, તેની આંખોમાં સરી આવતાં આંસુને અટકાવી તેણે થેપલાનું બટકું મોંમાં મૂક્યું.

તેની ઇચ્છા વિરૂદ્ધ તેને એ બટકું સ્વાદિષ્ટ લાગ્યું. પેટમાં થતી અકળામણ ઓચિંતી શાંત પડી જતી લાગી. એક પછી એક બટકાં મોંમાં જવા લાગ્યાં અને ઉદર સંતોષ અને તૃષ્ણાપૂર્વક વધુ ને વધુ ભોગ માણવા લાગ્યું. ભાનુ પોતે પોતાની ભૂખથી શરમાવા લાગ્યો. પણ તેના વેગને રોકી શક્યો નહિ. કાકાએ પણ 'હાશ' કહીને પાણી મોંએ લગાડી વધુ ના પાડી ત્યારે પણ ભાનુના પેટનો ખાડો વધુ ને વધુ ભરાવા માગતો જ રહ્યો. તેને પીરસવા આવેલી વસ્તુ સ્વીકારવાની ઇચ્છા છતાં તે માંડ ના પાડી શક્યો.

બધા જમતા હતા ત્યારે જ જાતજાતની વાતો થતી હતી. કાકા અને બીજા સગાઓ તેમની આદત પ્રમાણે વેવાઇની મશ્કરી કરી મોજ ઊડાવતા હતા. ભાનુ એ બધું સાંભળતો જતો હતો પણ કશું બોલતો નહોતો. જમી રહ્યા પછી હાથ-મોં ધોઇ બધા પાન-સોપારી લેવા બેઠા ત્યારે પણ વાતોનો વરસાદ તો ધોધમાર વરસતો જ હતો. સોપારી લેતાં પોતાને કંઇક પુછાતાં તેનો ટૂંકો જવાબ આપ્યો અને પછી તે જ સંદર્ભમાં ભાનુ બોલ્યો :

'કાકા, એ સ્મશાનમાં નાથુભાઇ પોતાની કંપનીનાં વખાણ કરતો હતો, પણ એમાં માલ નથી હો!'

'કેમ ભાઇ!' ઘણે સમયે ભત્રીજાને બોલતો જોઇ કાકાને આનંદ થયો.

'એનું બોનસ પણ કેટલું ને વાત કેટલી? એનાં કરતાં તો આપણી ઘણી દેશી કંપનીઓ સરસ છે.' ભાનુએ કહ્યું.

'એમ? ત્યારે તો પાનુ શેઠમાં ફાવવાનો નહિ નાથુભાઇ. ચીકણો છે પાનુ શેઠ તો.' કાકાએ નાથુભાઇની નાસીપાસમાં પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

'પાનુ શેઠ તો મસાણિયો છે. એ શું કોઇને ખટાવતો'તો? ભાનુએ કહ્યું.

વાતો લાંબી ચાલી. વેપારધંધામાં નાની ઉંમરે પણ ભાનુની નજર ઠીક પહોંચતી. ત્યાંથી ઊઠતી વખતે કાકાની સામે તાળી ઝીલવા હાથ લંબાવી તેણે કહ્યું : 'આ મેં કહ્યું એમ કરીએ અને પાસો સીધો પડે તો આપણે ન્યાલ થઇ જઇએ કાકા. લાખ બે લાખ તો સહેલાઇથી બની જાય. ને નહીંતર જોખમ તો દસ વીસ હજારનું જ ને!'

'હા, ઇ બરોબર, ભાઇ! તારી નજર ભારે પહોંચે હોં, આ બધામાં.' કહી કાકાએ પ્રશંસાભર્યું સ્મિત કર્યું.

ભાનુના મુખ પર પણ આત્મસંતોષનું સ્મિત ફેલાયું. એ ક્ષણે જ માતાનું સુસ્મિત વદન તેની દૃષ્ટિ સમક્ષ તરી રહ્યું. સાશ્ચર્ય તે એની હાસ્યમિશ્રિત કટાક્ષમાં વળેલી ઓષ્ઠરેખાઓને



*હું ડાયેટ (DIET) રાજકોટમાં ચાલતા DCE (District Centre for English)માં R.P (Resource Person) Teacher Trainer તરીકે કાર્યરત છું.*

**સંત કબીર રોડ**
**૧૦ રાજારામ નગર**
**રાજકોટ ૩૬૦ ૦૦૩**
**મો. ૯૩૭૪૧ ૮૨૪૩૨**

હિતેષ જાજલ

# મહેશ્વરી

સાંજે હું ઘરે આવ્યો ત્યારે ઘરની સૂરત જ બદલાઈ ગઈ હતી. દરવાજે જૂના તોરણનું સ્થાન બે દિવસ પહેલાં ખરીદાયેલા નવા તોરણે લીધું હતું. સેટી પર નવા ઓછાડ પથરાયેલા હતા. સામાન્ય રીતે રેક પર અસ્તવ્યસ્ત પડેલાં મારાં પુસ્તકો વ્યવસ્થિત કતારબદ્ધ ઊભાં હતાં. બધી વસ્તુઓ પોતાના યથાવત્ સ્થાને ગોઠવાઈ ગઈ હતી. ચમકતી ફર્શ તરફ જોતાં મારાથી પૂછાઈ ગયું, ‘‘આજે કોઈ મહેમાન આવવાનું છે?’’

‘‘આજે રમા આવવાની છે!’’ બાલ્યસખીનું નામ લેતાં મમ્મીનાં ચહેરા પર ખુશીની એક લહેર દોડી ગઈ.

રમામાસી! નામ સાંભળતાં જ એ નામ સાથે જોડાયેલાં શૈશવકાળનાં અમુક દશ્યો ઊભરી આવ્યાં. બચપણમાં સાંભળેલી એમની ગતાગમ વગરની વાતો યાદ આવતાં અણગમો પણ થઈ આવ્યો. એ ઉંમરે પણ એમની એવી વાતો સાંભળીને હસવું આવતું. એમના સંબંધીઓ, એમની નણંદો, પાડોશીઓ, પુરુષો, પતિઓ, ભૂત-પ્રેત, બાધા-આખડી... વિષયોની ખોટ એમને ક્યારેય પડતી જ નહીં. સાંભળતાં સાંભળતાં હું એમની સામે જ હસવા માંડતો ત્યારે મમ્મી ઠપકો આપવાનું કરતાં. મને બહાર ભાગી જવા સિવાય કોઈ છૂટકો ન રહેતો. એમના પતિ વસંતલાલની છાપ લગ્ન પહેલાં પણ એક ભેજાગેપ માણસ તરીકેની હતી. પછી જ્યારે રમામાસી સાથે એમનું ગોઠવાયું ત્યારે બન્ને પક્ષો એવું કહેતા સંભળાવતા ‘અમારે તો ભૈ જેવું જોઈતું હતું એવું જ મળ્યું.’ આ વિધાન પર સગાંસંબંધીઓ હસીમજાક કરી લેતાં અને આ બંનેનું ગાડું આજીવન સુંદર રીતે ચાલશે એમાં કોઈ મીનમેખ નહીં એવું માની સાત્વિક આનંદ પણ અનુભવતાં. ‘તું તો ભૈ હજુ ચાલતાં પણ શીખ્યો નહોતો...’ એ વાક્યથી શરૂ કરીને રમામાસીનાં લગ્નની ઝીણામાં ઝીણી વિગતોનું પણ વર્ણન મમ્મીએ અનેક વખત મારી સમક્ષ કર્યું છે.

એમનાં લગ્ન પછી છ-સાત વર્ષના ગાળામાં એમને ત્રણ સંતાનો થયાં. ત્રણેય દીકરીઓ. પછી એમને સંતાનો ન થયાં. કુટુંબ-નિયોજનની ભાવના જો એનું કારણ રહ્યું હોત તો એમની સમજદારી મેં મનોમન બિરદાવી હોત. મને ગુસ્સો તો ત્યારે આવતો, જ્યારે પચાસ વર્ષની ઉંમરે પણ રમામાસી મમ્મી પાસે કૃષ્ણની બાળલીલાઓ યાદ કરીને ઈશ્વરને એવા જ કાનકુંવર આપવા પ્રાર્થના કરતા.

મારા બાળપણમાં બે-ત્રણ વાર અમે જામખંભાળિયા તાલુકામાં આવેલા એમના ગામ વાડિનારની મુલાકાત લીધાનું યાદ છે. એ સમયે મારી ઉંમર દસ-બાર વર્ષની હશે. ભૈરવી અને ધારા જોડિયા બહેનો હતી. બીજાં બાળકોની અવેજીમાં હું એ બંને સાથે જ પૂરો દિવસ રમ્યા કરતો. મહેશ્વરી એ સમયે માંડ ત્રણ વર્ષની હશે. ભૈરવી થોડી તુંડમિજાજી અને મુશ્કેલ છોકરી હતી. ધારા સાથે મારે વધારે ભળતું, બાલ્યાવસ્થામાં થતા પ્રેમ જેવું.

વસંતલાલને અવારનવાર જેટી બંદરે સ્ટીમરોમાં થતા મિસ્ત્રીકામ માટે જવાનું થાય. ત્યાંના સ્ટાફમાં બધા સાથે એમની ઓળખાણ. એક વાર સ્ટીમરની મુલાકાત લેવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. વસંતલાલના એક પરિચિત કેપ્ટને સ્ટીમર ઉપડે એ પહેલાં અમને પહોંચી જવાનું જણાવ્યું હતું. સ્ટીમર પર ફરવાની મારી ઇચ્છા એટલી તીવ્ર હતી કે એ દિવસે હું સવારે છ વાગ્યે ઊઠી ગયો હતો. શિયાળાની સવાર હતી અને હજુ ધુમ્મસી અંધકાર છવાયેલો હતો. પૂરી અગાસીનાં બે ચક્કર લગાવ્યા પછી પણ મને ઉતરવાના દાદરા મળ્યા નહીં, એટલે કંટાળીને હું ફરી ગાદલામાં પડી સૂઈ ગયો હતો! સવારે આઠ-નવ વાગ્યે અમારે ત્યાં પહોંચી જવાનું હતું. બધાં તૈયાર થઈ ગયાં હતાં, પણ રમામાસી ભારે ઢીલા. એમની ટાપટીપ અને વાતોમાંથી પરવારી અમે સ્થળે પહોંચ્યા ત્યારે ઉપડી ગયેલી સ્ટીમરનું દૃશ્ય જ જોવા મળ્યું. મોડું કરવા બદલ એમના પરનો મારો ગુસ્સો આજ સુધી ઊતર્યો નથી.

એ લોકો અમદાવાદ ચાલ્યા ગયા પછી અમુક વર્ષો સુધી કોઈ પ્રકારનો સંપર્ક રહ્યો નહીં. વસંતલાલે પોતાનું મિસ્ત્રીકામ આટોપી લઈને લગભગ નિવૃત્તિ જ લઈ લીધી હતી. આડોશ-પાડોશના એમના જેવા નવરાધૂપ માણસો વચ્ચે બડાઈ હાંકવામાં જ સમય પસાર કરતા. ઘર ચલાવવાનો બધો મદાર મોટી દીકરીઓ પર આવી ગયો હતો. ભૈરવીને કોઈ કંપનીમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ મળી ગયું હતું અને ધારા અગરબત્તી બનાવવાના કારખાનામાં જોડાઈ ગઈ હતી. સૌથી નાની મહેશ્વરી હજુ કોલેજમાં હતી.

ભૈરવી અને ધારા વિશે જ્ઞાતિજનોમાં જે ચર્ચા થતી હતી એ ચિંતાપ્રેરક હતી. નોકરી પર લાગ્યા પછી બંને બહેનો કંઈક અંશે સ્વચ્છંદી બની હતી. અનેક પુરુષ-મિત્રો સાથેના એમના સંપર્કની ચર્ચા બધે થયા કરતી. શરૂ-શરૂમાં મમ્મીને કાને આવી વાત પડતી ત્યારે આ બધું માનવા એ તૈયાર ન હતાં. હું કંઈક બોલું તો મારી વાત અધવચ્ચે જ કાપીને બોલતાં : 'રમાને દીકરો નથી એ જ શું એનો વાંક? ધણી કમાતો નથી તો કોઈકે તો કમાવું જ રહ્યું. આ ઉંમરે એ પોતે ક્યાં કામ શોધતી ફરશે? બંને દીકરીઓએ દીકરાની જેમ કમાઈને ઘરને સાચવી લીધું છે અને દીકરીઓ ઘરની બહાર નીકળે એટલે બોલવાવાળા તો બોલ્યે જ રહેવાના...'

આખરે જેની આગાહીઓ થતી હતી એ જ બન્યું. ભૈરવીએ ઘરથી ભાગીને બીજી જ્ઞાતિમાં લગ્ન કર્યાં. બે જ મહિના પછી ધારાએ પણ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. રમામાસી દીકરીઓના



સ્વચ્છંદીપણા પર અંકુશ મૂકવાને બદલે જ્ઞાતિની નિંદા કરવામાં મશગૂલ હતાં. ધારાનાં લગ્ન રમામાસી અને વસંતલાલની સંમતિથી થયાં હતાં એ જાણ્યા પછી પણ આ સમગ્ર ઘટનાક્રમ પ્રત્યેની મારી નારાજગીમાં ફરક પડ્યો ન હતો. જ્ઞાતિમાં જ લગ્ન થવાં જોઈએ એવા પરંપરાગત ખ્યાલમાં તો હું પોતે પણ માનતો ન હતો, પણ સંતાનોના તરંગી મનોરથો પર માબાપ પોતાની સંમતિની મહોર લગાડે ત્યારે ગુસ્સો જરૂર ચડતો. મમ્મી કંઈક જુદા જ દૃષ્ટિકોણથી બધું જોતાં હતાં. આટઆટલું જોયા-સાંભળ્યા પછી પણ એ બહેનપણી કે એમના પરિવાર વિરુદ્ધ બોલવા કે સાંભળવા તૈયાર ન હતાં. વિધિની વક્રતા સિવાય એ કોઈનો દોષ જોતાં ન હતાં.

દરમિયાન રમામાસી અને વસંતલાલ હરિદ્વારની જાત્રાએ જવાનાં હતાં એ મુજબનો પત્ર આવ્યો. મહેશ્વરી એ દરમિયાન અમારે ઘેર રહે એવી ઇચ્છા દર્શાવી હતી. મમ્મીને તો એથી આનંદ જ થયો. સગી દીકરી આવતી હોય એટલા આનંદથી એમણે મહેશ્વરીને આવકારી. અમારી વચ્ચે સહવાસ વધે એવી મમ્મીની છૂપી ઇચ્છાથી હું બેખબર નહોતો. મહેશ્વરી લગભગ પંદરેક દિવસ અમારે ત્યાં રહી એ દરમિયાન અમારી વચ્ચે વાર્તાલાપ અનેકવાર થયો, પણ બને ત્યાં સુધી હું એને ટાળતો. આમ છતાં એનો સરળ સ્વભાવ અને આંતરિક ગુણો મારી ધ્યાન બહાર રહ્યા ન હતા. બીજા કોઈ સંજોગોમાં કદાચ આકર્ષણ પણ અનુભવાયું હોત.

રમામાસી અને વસંતલાલ હરિદ્વારની જાત્રાએ જવાનાં હતાં. મુજબનો પત્ર આવ્યો. મહેશ્વરી એ દરમિયાન અમારે ઘેર રહે એવી ઇચ્છા હતી. મમ્મીને તો આનંદ જ થયો. સગી દીકરી આવતી હોય એટલા આનંદથી એમણે મહેશ્વરીને આવકારી.

હરિદ્વારની જાત્રાથી પાછાં ફરીને રમામાસી મહેશ્વરીને તેડી ગયાં એમના ગયા પછી મમ્મીએ મહેશ્વરીને પરણવા અંગેનો પ્રસ્તાવ મૂક્યો. મારો જવાબ તૈયાર જ હતો.

"એ છોકરીમાં શું તકલીફ તને લાગે છે? આપણી જ્ઞાતિની છે, સુંદર છે, ભણેલી છે, સંસ્કારી છે... અને વધુમાં એ પોતે પણ તારી સાથે પરણવા રાજી છે."

"આવું એણે કહ્યું?"

"છોકરી થઈને એ થોડી મને કહેવા આવવાની? રમાએ એની ઇચ્છા જાણીને જ વાત કરી છે."

મહેશ્વરીમાં શું વાંધો છે એ તો હું એ દિવસે મમ્મીને કહી ન શક્યો. કદાચ પ્રત્યક્ષપણે મને પોતાને પણ ખ્યાલ ન હતો. એના પરિવાર પ્રત્યેની મારી સૂગને કારણે ક્યારેય હું એને પત્ની તરીકે જોઈ શકતો ન હતો.

બંને બહેનોના ગયા પછી મહેશ્વરીએ અભ્યાસ છોડી દીધો અને એક ઇન્શ્યોરન્સ કંપનીમાં સેલ્સ-મેનેજર તરીકે જોડાઈ ગઈ. બે'ક વર્ષ પછી અમે કન્યા જોવા માટે અમદાવાદ ગયા ત્યારે રાજકોટ પાછા ફરતા પહેલાં એમના ઘરે ગયા. અગાઉથી જ મેં મહેશ્વરીને ફોન કરીને અમારા આવવા વિશે જણાવી દીધું હતું.

બંને બહેનપણીઓ ભેટી પડી. મહેશ્વરીએ મમ્મીનાં ચરણસ્પર્શ કર્યાં. મારા તરફ ફરીને બોલી, "કેમ, કેવી લાગી કન્યા?"

એની તરફ જોતાં જ એક ક્ષણ ચોંકાઈ જવાયું. શું આ એ જ મહેશ્વરી હતી, જેને મેં બે વર્ષ પહેલાં જોઈ હતી? બે વર્ષમાં શરીર આટલું કમજોર થઈ શકે? બે વર્ષ પર જોયેલી એના ચહેરા પરની કાંતિ જાણે હણાઈ ગઈ હતી. ઘર ચલાવવામાં મહેશ્વરીને ભોગવવી પડતી હાડમારીઓની વાત મમ્મીએ મને કરી હતી, પણ ત્યારે મારા પર એટલી અસર નહોતી થઈ, જેટલી અત્યારે એને પ્રત્યક્ષ જોઈને થઈ હતી. લોકોની પુત્રજન્મની કામનાઓની ટીકા મેં અનેકવાર કરી છે, પણ એ દિવસે મને થયું કે રમામાસીને એક પુત્ર હોત તો ઘરની પરિસ્થિતિ કદાચ વધુ સારી હોત.

જવાબ આપવામાં વિલંબ થયો એટલે મહેશ્વરીએ ચપટી મારીને પ્રશ્નનું પુનરાવર્તન કર્યું.

"એક જ મુલાકાત પરથી કેમ કહી શકાય? છતાં સારી હતી."

"ઓહ! તો તમારે કેટલી મુલાકાતો કરવી છે?"

"બે-ત્રણ તો ખરી... આજે તો એ ચૂપચાપ જ બેઠી રહી. હું પૂછું ત્યારે જ બોલે. બે-ત્રણ મુલાકાતો થાય, થોડો સહવાસ વધે..."

"વધુ સહવાસથી છોકરીની માનસિકતાનો ખ્યાલ આવી શકે એવું કોણે કહ્યું?"

એનો પ્રશ્ન ખૂંચ્યો હતો. એમાં ફરિયાદનો કોઈ ભાવ હતો. મેં એની આંખોમાં એ જોવાનો પ્રયત્ન કર્યો. આંખો વાંચતાં આવડતું હોત તો કદાચ થોડું ઘણું સમજાયું હોત.

એ પછીના દિવસોમાં લગ્નની તૈયારીમાં મહેશ્વરી કે એના પેલા પ્રશ્ન વિશે વિચારવાનો સમય જ ક્યાં હતો? આરતી

સાથેનાં મારાં લગ્ન પછીના ટૂંક સમયમાં જ મહેશ્વરીનાં લગ્ન પણ થયાં. એણે એની બહેનો જેવું કર્યું ન હતું એથી મમ્મીને પણ આનંદ થયો હતો. આ તરફ અમારી ગૃહસ્થી, જેમ જેમ સમય પસાર થતો હતો એમ એમ ડહોળાતી જતી હતી. પહેલી મુલાકાતમાં ચૂપચાપ બેસી રહેલી આરતી લગ્ન પછી કર્કશ બની જતી. ક્યારેક ઝઘડાઓ થઈ જતા. વાત વણશે એટલે એ બેગ-બિસ્તરા ભરીને પિયર ચાલી જાય. શરૂઆતમાં ઝઘડવા માટે કારણોની જરૂર પડતી, પછી કારણો વિના પણ થઈ જતો. આરતીનાં પિતા સદ્‌ગૃહસ્થ છે એટલે દીકરીની સાથે સાથે અમારી સાથે પણ હમદર્દી રાખીને વાત કરે છે.

✷ ✷ ✷

ડેલીનો દરવાજો ખખડ્યો. પહેલાં રમામાસી અને પછી એક જાજરમાન યુવતીએ પ્રવેશ કર્યો. મહેશ્વરી! કેટલી બદલાઈ ગઈ હતી. બે'ક વર્ષ પર મેં જોઈ હતી ત્યારે કેટલી દુબળી અને નિસ્તેજ દેખાતી હતી. શરીર પણ પહેલા કરતાં પુષ્ટ થયું હતું.

"આવ, આવ, રમા. ક્યારનીયે તારી જ રાહ જોતી હતી" કહેતાં ફળિયામાં જ મમ્મી એમને ભેટી પડ્યાં.

"અલી તારું ઘર તો હવે બંગલા જેવું બની ગયું છે. તારો દીકરો બહુ કમાવા માંડ્યો લાગે છે. ક્યાં છે એ?"

હું પગથિયાં ઊતરીને નીચે આવ્યો અને રમામાસીનાં ચરણસ્પર્શ કર્યાં.

"કેમ છો?" મહેશ્વરીએ પૂછ્યું.

"કેવો લાગું છું?"

"એકદમ ફીટ" કહીને એ હસી પડી.

"મહેશ્વરીને પણ લાવી એ સારું કર્યું. કેટલાયે દિવસોથી મારી દીકરીને જોઈ નથી." કહીને મમ્મીએ એને સોડમાં લઈને ચૂમી લીધી.

"જમાઈરાજા એમની ટ્રેનિંગ માટે બેંગલોર ગયા છે, એટલે એ દસેક દિવસ મારી સાથે જ રહેવાની છે" રમામાસીએ કહ્યું.

"તારી સાસુએ તને પિયર જવાની રજા આપી દીધી? બહુ ઉદાર સાસુ લાગે છે તારી." મમ્મીએ કહ્યું.

"રજાનો સવાલ જ ક્યાં હતો? હવે અમે અલગ રહીએ છીએ. વળી, તમારા જમાઈનો આદેશ હતો કે મારે મમ્મીને ત્યાં જ રહેવું."

"તમારા, આજકાલના જુવાનીયાઓની આ જ તકલીફ છે. ત્યાં બધાની સાથે રહેવામાં તમને શું તકલીફ હતી?"

"મને કોઈ તકલીફ નહોતી. એમણે જ પપ્પા સાથે ઝઘડો કરીને અલગ રહેવાનો નિર્ણય કર્યો. બાકી મને તો હવે એકલા એકલા કંટાળો જ આવે છે. સાથે હતાં ત્યારે સાસુ, નણંદ, જેઠાણી અને એમનાં છોકરાંઓની વાતોમાં જ દિવસ કેમ ચાલ્યો જતો એની ખબર જ ન પડતી. એ રાજી થાય તો આવતીકાલે જ પાછાં ચાલ્યાં જઈએ."

મમ્મીએ એક ક્ષણ મારી સામે જોઈ લીધું. જાણે કહેતાં ન હોય : 'જો, આનું નામ વહુ કહેવાય. માણસો કાદવમાં પડેલું રતન પણ તેનું મૂલ્ય સમજી ઉઠાવી લે છે. તું એ પણ ન કરી શક્યો.'

થોડી વાર આરતીની વાતો ચાલી. પછી રમામાસીએ એમના વિસ્તારમાં યોજાયેલી ભાગવત સપ્તાહની વાત માંડી અને કેવી રીતે પોતે જશોદા અને વસંતલાલે વાસુદેવનો રોલ કર્યો હતો એનું વિગતવાર વર્ણન કરવા માંડ્યું. મને સખત કંટાળો આવવા લાગ્યો. મારી હાલત જોઈને મહેશ્વરી મારી સામે હસી પડી. મને પણ હસવું આવ્યું. મમ્મીએ મારી સામે જોઈને કહ્યું, "ફરી હસવાનું શરૂ કર્યું? તને કંટાળો આવતો હોય તો જા મહેશ્વરીને ઉપરનો માળ બતાવી આવ."

"ચાલો, મમ્મીની આજ્ઞાનું પાલન કરો!" કહેતાં મહેશ્વરી ઊભી થઈ ગઈ. પગથિયાં ચડતાં-ચડતાં મેં કહ્યું, "તું સાચે જ ઘણી બદલાઈ ગઈ છો."

"દેખાવમાં? હા, થોડી જાડી થઈ ગઈ છું. સુકેતુ ધમકી આપે છે કે વધારે જાડી થઈ જઈશ તો તને છોડીને બીજીને પરણી જઈશ!"

"અચ્છા, સુકેતુકુમાર કેવા છે, પતિ તરીકે?"

"મેડિકલ રિપ્રેઝન્ટેટીવ છે એટલે થોડો પક્કો તો છે જ, પણ પતિ તરીકે લાગણીશીલ અને કહ્યાગરો છે. કોઈ ફરિયાદ નથી."

અમે ઉપર પહોંચ્યાં. બેઠકખંડ, શયનખંડ, મારો સ્ટડીરૂમ...

"સુંદર."

"આરતી પિયર ગઈ ન હોત તો એને મળીને પણ તું આ જ શબ્દ બોલી હોત. એ પણ સુંદર છે, એટલિસ્ટ ઈન લૂક્સ."

"તમારામાં ગમવા જેવું કેટલું બધું છે. એને તમારામાં શું ખામી લાગી હશે? મમ્મીએ મને બધું જણાવ્યું ત્યારે..."

મહેશ્વરી અમારી સાથે રહેવા આવી હતી એ દિવસો, એની સાથેનાં લગ્નની મારી ના, આરતી સાથેનાં લગ્ન... બધાં દૃશ્યો ફટાફટ ચાલતી કોઈ ફિલ્મના રોલની માફક આંખો સમક્ષ પસાર થઈ ગયાં અને અંતે જે અનુભવાયું એ શું હતું? અફસોસ કે અપરાધભાવ અને એ પણ આટલાં વર્ષોને અંતે.

"કેમ સ્ટેચ્યુ થઈ ગયા? અગાસી પર નહીં લઈ જાઓ?"

"હં" કહેતાં હું ફરી વર્તમાનમાં આવી ગયો. થોડો ક્ષોભ પણ થયો. મહેશ્વરી અગાસી તરફ જતી સીડી પર ઊભી હતી. એની તરફ આગળ વધતાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો : મારા મસ્તિષ્કમાં ચાલી રહેલા આ બધા મનોભાવો એ વાંચતી હશે? **મ**



ગુજરાતી સાહિત્યનાં જાણીતાં સામયિકોમાં મારી વાર્તા પ્રગટ થતી રહી છે. તેલુગુ સામાયિક VIPULA-November 2012માં મારી 'સેવનટ્રીઝ' વાર્તા પ્રગટ થઇ હતી. પરંતુ વાર્તાસંગ્રહ પ્રગટ થયો નથી.

**બી ૩૯ ધનલક્ષ્મી**
**ગૃહસંકુલ, દીવી રોડ**
**અંકલેશ્વર ૩૯૩ ૦૦૧**
**chaudharijayshree79@yahoo.com**
**મો. ૯૪૨૮૪ ૪૨૭૭૩**
**ફો. ૦૨૬૪૬ ૨૪૩૩૦૭**

જયશ્રી ચૌધરી

# અમૂર્ત

"માય ફ્રેન્ડ, ધેર ઇઝ એવરી મોમેન્ટ સ્ટાર્ટ્સ ધ ન્યૂ ગેમ ઇન ધ લાઇફ. ઇટ્સ અનટાઇલ્ડ ગેમ  લાઇક એબસ્ટ્રેક્ટ પેઇન્ટિંગ. નાઉ સ્ટાર્ટ ધ ગેમ." એ, એ... માંગલિક ધ્યાનથી સાંભળ. અભિજાતે માંગલિકની શૂન્યમનસ્ક આંખો સામે શ્રદ્ધાપૂર્વક જોતા કહ્યું.

"માંગલિક... ઇફ યુ વિન ગેમ યુ ગેટ સમથિંગ. બટ યુ લોસ્ટ ધ ગેમ ગેટ લોટ ઓફ એક્સપીરિયન્સ ફોર વિન ધ સેકન્ડ ગેમ, સો ડોન્ટ વરી. જસ્ટ ઇમેજિન વોટ યુ સી?"

અભિજિતે ૭૮મી વખતે એકના એક શબ્દો જુદા જુદા આરોહ અવરોહથી પૂરી ધીરજથી ઉચ્ચાર્યા. લગભગ માંગલિકના કર્ણમૂળની નજીક... માંગલિકના મગજમાં તંદ્રિત અવસ્થામાં સંચરિત 'આલ્ફા વેવ્ઝ'ની મધ્યમગતિ સહેજ તેજ થઈ ગઈ.

શાલ્વ-માંગલિકના પિતા. શાલ્વએ આશ્ચર્યચકિત થઈને અભિજાત તરફ જોયું. પૂછ્યું, 'એટલે?'

અભિજાત શાલ્વ તરફ ફર્યો.

"એટલે કે આ ગેમ સતત ચાલતી જ રહે છે. તેમ એક વાર ગેમ હારો છતાં તમે બધું જ ગુમાવતા નથી. તમે વધારે બહેતર બનતા જાવ છો; તમે અનુભવને અંકે કરો છો; તમે. તમે... બીજી ગેમ જીતવાની શક્યતાઓમાં ઉમેરો કરો છો." અભિજાતને ઉપચારના એક ભાગ રૂપે શાલ્વની સામેલગીરી જરૂરી લાગી.

"અંકલ, તમને વાંધો ન હોય તો એક અમૂર્ત ચિત્ર-એ મેં તમારા માટે પણ તૈયાર કર્યું છે. માંગલિકના અમૂર્ત ચિત્ર-બી સાથે એનું કનેક્શન પણ છે..."

૭૯મી વખતના અભિજાતના ઉચ્ચારણ પછી માંગલિકના ચિત્તમાં આલ્ફા વેવ્ઝની સંખ્યામાં વધારો થયો. માંગલિકના ચિત્તે અભિજાતના આદેશનો સ્વીકાર કર્યો. એની આંખોમાં ચેતન આવ્યું. તેની આંખો સફેદ કેન્વાસ પર અંકિત થયેલા અમૂર્ત ચિત્ર-બી પર સ્થિર થઈ.

"માંગલિક, માય ફ્રેન્ડ આ ચિત્રને તું એકાગ્રતાથી જો... તને શું દેખાય છે?"

સફેદ રંગના ખંડમાં કલાની દેવીની છબી પર લાલ ગુલાબની માળાની મ્હકથી હકારાત્મક કણોનો સંચાર હવામાં વધી ગયો હતો. મધ્યમ ગતિથી સૂફી સંગીત સરકતું હતું. માંગલિકની લગભગ બંધિયાર થઈ ગયેલી આંખોમાં માછલીઓ જેવો સળવળાટ થયો. કેટકેટલાં આકાર ચિત્રમાં સળવળતા હતાં, લખોટા ભરેલી પેટીમાંથી સોયો શોધવા જેવી અકળામણ માંગલિકને થઈ રહી. સાવચેતીપૂર્વક લખોટા હઠાવતાં હઠાવતાં થાકી ગયો હોય તેમ એણે ઘૂંટણ પર કોણી ટેકવી ગાલ ઉપર હથેળીનો આધાર લીધો. "નીલપંખી. એ નીલપંખી...' અસ્ફૂટપણે માંગલિકના અધખુલા હોઠમાંથી શબ્દો સર્યા.

"શું દેખાય છે? માંગલિક શું દેખાય છે તને?"

"એક નીલપંખી."

"એ ક્યાં બેઠું છે?"

"એ પેલા ચાંદ જેવા ચમક્તા વૃક્ષ પર બેઠું છે."

"એની ચાંચમાં કંઈ દેખાય છે."

"હા આ... આ..."

"બોલ... ધ્યાનથી જો"

માંગલિકના ચિત્તે ઝટકો અનુભવ્યો; "સોનેરી વાંસળી."

શાલ્વ હર્ષથી માંગલિક નજીક ધસી ગયો. અભિજાતે એને રોક્યો.

"થોડા દિવસ રાહ જુઓ અંકલ.. આપણે વધારે બેટર કરી શકીશું." અભિજાત નવી પેઢીનો છોકરો હતો. એને આધ્યાત્મિક, મનોવૈજ્ઞાનિક અને તાત્ત્વિક વાતો ઉજાગર કરતા પુસ્તકો વાંચવાનું ગમતું હતું. એ પોતે ધ્યાન, યોગ, પ્રાણાયામ, મંત્રજાપ કરીને હકારાત્મક શક્તિઓના પ્રભાવને અનુભવી શકતો હતો. એ દઢપણે માનતો હતો કે, આ વિશ્વમાં એવી હકારાત્મક અને નકારાત્મક શક્તિઓનું અસ્તિત્વ છે, જે નરી આંખે દેખાતી નથી. આ શક્તિઓ જડ અને ચેતન પર તેનો પ્રભાવ પાડી શકે છે. ક્યારેક બળપૂર્વક હાવી થઈ ગયેલી નકારાત્મક શક્તિઓને નાથવા માટે હકારાત્મક શક્તિઓનું આવાહ્ન કરવું જ પડે. અભિજાતે માંગલિકના ઉપચાર માટે સફેદ રંગના ખંડને પસંદ કર્યો હતો, જે માંગલિકનો જ ખંડ હતો. એ ખંડમાં અભિજાત વહેલી સવારે પૂર્વાભિમુખ થઈ કલાદેવીની આરાધના કરતો હતો. માંગલિકના સાજા થવા માટે એ પ્રાર્થના કરતો હતો. ધીરે ધીરે ખંડના અણુઓમાં બંધિયારપણું દૂર થતું એ અનુભવી શકતો હતો.

છેલ્લા એકાદ વર્ષથી હતપ્રભ થઈ લગભગ અવાચક્ બની ગયેલા માંગલિકને આમ બોલતો જોઈ શાલ્વ અભિજાત પર વારી ગયો.

"તું શું કહેતો હતો મને? તારા આ ઉપચારમાં તને મારી કંઈ જરૂર છે?"

અભિજાત અંતઃપ્રેરણાથી જ બોલ્યો : "હા, અંકલ... હું તમારા રૂમમાં એક અમૂર્ત ચિત્ર-એ મૂકવાનું વિચારું છું... તમે પહેલાં તમારા અસ્તવ્યસ્ત વિચારોને કાબૂમાં લઈ ધ્યાનથી એ ચિત્રનું નિરીક્ષણ કરજો."

● ● ●

"આ ગઈકાલનો છોકરો. ચિત્રશાળામાં એવું તે શું શીખવાનો હતો?" શાલ્વ અને કલ્પિતાની એક સમયની સહાધ્યાયી સંજીધાના દીકરા અભિજાતને જોઈને શાલ્વને વિચાર આવી ગયો હતો. રાજ્યકક્ષાએ ચિત્રસ્પર્ધામાં હંમેશાં અવ્વલ આવતા અભિજાતે ચિત્રશાળામાં ભણવાની જિદ કરી છે એમ જાણ્યું ત્યારે શાલ્વે કહ્યું હતું : "અરે, સંજીધા આ ટેક્નોલોજીનો જમાનો છે, કોઈ ટેકનિકલ લાઇનમાં એડમિશન લેવું હોય તો મને કહેજોને... આપણી ઓળખાણ છે. ચિત્ર શીખીને શું કરશે આ છોકરો? શિક્ષકગીરી કે બીજું કંઈ!' એક સમયની સહાધ્યાયી અને કલ્પિતાની સખી સંજીધાના પુત્ર હોવા કરતાં 'બાપવિહોણા દીકરા' અભિજાત માટે શાલ્વને વિશેષ ભાવ હતો.

'અંકલ, તમે જાણો છો? ચિત્રકળા એ કળાજગતમાં સર્વશ્રેષ્ઠ કળા છે; કળાનો નાતો આંતરબાહ્ય રીતે દરેક સજીવ અને જડને સુદ્ધાં અસર કરે છે, આ વાત તમે માનો છો?'

તે સમયે શાલ્વને અભિજાતની વાત સૂકાં પ્રદેશમાં હળ ખેડવા જેવી લાગી હતી; જેમાં કંઈ ઊગવાનું જ નથી એ જમીનમાં બીજ નાંખવાનો શો અર્થ?

આખરે અભિજાત ચિત્રકળાના ડિપ્લોમા કોર્સમાં જોડાયો હતો. માંગલિકે પાપાની વાત માનીને ટેકનિકલ લાઇનમાં પ્રવેશ મેળવ્યો. એ વાતને પણ એક દોઢ વર્ષ વીતી ગયું. વર્ષ પહેલાં કલ્પિતાનું અચાનક જ મૃત્યુ થઈ ગયું હતું. અચાનક આવી પડેલા આઘાતને લીધે હતપ્રભ થઈ ગયેલો શાલ્વ, સંજીધાને ફોન કરવાનું કે મળવાનું પણ વિસરી ગયો હતો. કલ્પિતાની વરસી પ્રસંગે શાલ્વ જાતે જ સુખડહાર ખરીદવા ગયો હતો. બજારમાં અભિજાત શાલ્વને મળી ગયો. અભિજાતે સંજીધાની લાંબી બીમારી અને પોતાના ચિત્ર ડિપ્લોમા કોર્સમાં વ્યસ્તતાની વાત કરી. 'તો સાંજે... તું... આવને માંગલિકને મળવા. એ તો સાઆઆવ એકલો પડી ગયો." શાલ્વએ નિસાસો નાંખ્યો. એ સાંજે સંજીધા અને અભિજાત શાલ્વના ઘરે આવ્યા.

ઔપચારિક વાતો કર્યા પછી શાલ્વએ વાતનો પ્રારંભ કર્યો.

"ડોલવણ પાસે મેં આજથી પચીસ વર્ષ પહેલાં વીસ એકરનું એક ફાર્મહાઉસ ખરીદ્યું હતું. છેલ્લા વીસ વર્ષથી એ એમ જ પડ્યું હતું. મેં ગયા વર્ષે જ એનું રીનોવેશન કરાવ્યું; કલ્પિતા અને માંગલિકે જિદ કરી કે ફાર્મહાઉસમાં એક અઠવાડિયું રહેવા જવું; ને છૂટકે મારે એક અઠવાડિયું ત્યાં એમની સાથે રહેવા જવું પડ્યું. છ દિવસ તો બરાબર હતું બધું. સાતમે દિવસે... ખબર ન પડી શું થયું હતું તે તો?"

શાલ્વએ ઊભા થઈને સિગાર સળગાવી ઊંડો કસ લીધો. સિગાર ખંખેરતા વાતને આગળ વધારી.

"સાતમે દિવસે શનિવાર હતો. રાત ઢળી ગઈ હતી; ચાંદની રાત હતી. કલ્પિતા અને માંગલિક તરણકુંડ પાસે ખુરશી ઢાળીને બેઠાં હતાં. રાત્રે મોડેથી સ્થાનિક નોકરો ગામમાં પોતાના ઘરે ગયા. મેં બેઉને કહ્યું કે "આવી જાઓ ઘરમાં." પણ તે બેઉ ન માન્યા. મને આગ્રહ કરતાં રહ્યાં કે હું પણ તેમની સાથે બેસું... પણ કોણ જાણે કેમ એ તરણકુંડ પાસે મને બેસવાનું ન ગમ્યું. બીજે દિવસે મોડી સવારે હું જાગ્યો ત્યારે કલ્પિતા અને માંગલિક ઘરમાં નહોતા, બારીમાંથી સવારનો તડકો રૂમમાં પ્રસરી ગયો હતો. વાતાવરણમાં

ડરામણી શાંતિ હતી. હું દોડીને બહાર ગયો...''

ડોક્ટરોની જબાનમાં કલ્પિતાને હાર્ટ એટેક આવ્યો હતો. શાલ્વની સ્મૃતિમાં એ ચિત્ર ઉપસી આવ્યું: કંઈક અનપેક્ષિત જોઈને વિસ્મય અને ભયના બેવડા આઘાતથી કલ્પિતાનાં અધખૂલા રહી ગયેલા હોઠ... એની વિસ્ફારીત આંખો... અજબ જોવાથી અચંબિત થઈ ગયેલો ચહેરો, ચિત્તતંત્રમાં થીજી ગયેલી ભયાવહ દૃશ્યસ્મૃતિઓથી ધબકતાં અટકી પડેલું હૃદય... છળી ગયેલી કલ્પિતા... એનો રૂપાળો ચહેરો કાળો પડી ગયો હતો.

દિવસે અમૂર્ત રહેતી કેટલીક સંવેદનાઓ રાત્રિના અંધકાર અને અજવાશમાં પણ મૂર્ત રૂપ ધરી અદૃશ્યપણે હાવી થઈ જતી હતી. કુંડમાં ઝબકોળાતી, ગૂંચળું વળતી, દબાતી, મદહોશ બનતી, ગૂંગળાતી, લપેટાતી હવા રાત્રિના સમયે કોઈક પળે આકારિત થતી હોય છે... ડોક્ટરો, મનોચિકિત્સકો અને ધર્મગુરુઓના માંગલિક માટેના એકાધિક ઉપાયો દરમિયાન આ વાત કોણે કહી હતી? શાલ્વએ સ્મૃતિને ખંખોળી પણ એને કંઈ યાદ ન આવ્યું.

''માંગલિક બસ તે દિવસથી જ સાવ સૂનમૂન થઈ ગયો હતો. એ કંઈ બોલતો જ નથી. ખાય-પીએ-ઊંઘે બધું જ કરે પણ. એની આંખો આપણને જોઈને પણ જોતી જ નથી.'' શાલ્વ હતાશ થઈ ગયો. ''બહેન, સંજીધા માંગલિક માટે કેટકેટલાં ઉપચાર કર્યા. પણ પથ્થર પર પાણી... એની આંખો સાવ બદલાઈ ગઈ છે.''

અભિજાતે તરત જ એક નિર્ણય કર્યો. મા તરફ જોઈ સંમતિ માંગતા કહ્યું : 'મા, હું પ્રયત્ન કરી જોઉં?' કોઈ અજ્ઞાત ભયથી સંજીધાએ માથુ નકારમાં ધૂણાવ્યું. આશા દેખાતાં શાલ્વએ વાતને પકડી લીધી. 'સંજીધા, ભગવાન કરે ને માંગલિક સાજો થઈ જાય તો અભિજાતને હું મારા દીકરાની જેમ જાળવીશ. બહેન, તને ડર લાગતો હોય તો ઉપચાર દરમિયાન તું પણ અભિજાત સાથે અહીં જ રહેને?'

● ● ●

અભિજાતે શાલ્વને પૂછ્યું, ''અંકલ તમે તમારા ખંડમાં મેં મૂકેલું અમૂર્ત ચિત્ર-એ જોયું કે નહીં?

''આજે રાત્રે જોઈશ.''

મોડી રાત્રે ચિત્ત એકાગ્ર કરીને શાલ્વે ચિત્ર જોવાનું શરૂ કર્યું... એક પળે ધીરે ધીરે ચિત્રમાં એક આકાર ઉપસી આવ્યો. સ્વર્ણિમ ચર્મ પર ઉપસી આવેલા કાળાં ટપકાં. શાલ્વને સ્મરણ થયું. એ મસૃણ ટપકાંઓનો રોમાંચક સ્પર્શ, હરણનું ધ્રૂજતું મધ્યબિંદુ અને પ્રસરતી સુવાસ. અચાનક જ ધસી આવેલાં દહાડતાં વ્યાઘ્રો. 'કેમ આવો મસૃણ શિકાર તારે એકલાએ જ હડપવો છે?' આક્ષેપથી ખલબલી ઉઠેલો એ. વ્યાઘ્રોના મોંમાંથી વછૂટતી તીવ્ર વાસ. 'અરે, પણ આ તો મારું પાળેલું હરણ છે.'' તો શું થઈ ગયું? ધંધામાં ભાગીદારી... આમાં નહીં?'' વ્યાઘ્રોના ફૂલેલા નાકના ફણાં લબડતી જીભમાંથી ટપકતી લાળ ધીરે ધીરે હરણની આસપાસ પાશ બનીને વીંટળાઈ ગઈ. એને હડસેલો લાગ્યો એ ક્યાંય ફંગોળાઈ ગયો. જાણે પૃથ્વીના ગોળાની બહાર... બંધ આંખે એ કણસતો રહ્યો. એણે આંખો ખોલીને જોયું તો ચૂંથાઈને-મસળાઈને ડૂચા જેવા થઈ ગયેલાં હરણની આંખો... બહાવરી, ત્રસ્ત અને અસહ્ય પીડાથી બહાર ધસી આવી હતી એ જાણે એના તરફ જ તાકી રહી હતી. હરણ તરફડીને ધીરે ધીરે શાંત થઈ ગયું. વેરણછેરણ વિચારોને શાલ્વે એકત્રિત કર્યા. હરણનું તૂટી જઈને નમી ગયેલું ગળું, હુમલાખોરોના અસહ્ય દબાણથી બે પગ મધ્યેના કોમળ ભાગમાંથી બહાર આવી ગયેલા આંતરડા એના કાળાં ટપકાંઓ પર ઉપસી આવેલાં નહોર અને ઝમ્યા કરતું લોહી...

'હવે સ્યું? આ તો. છોડ એલા... એ. એને... આ તરણકુંડમાં ડૂબાડી દો' એક ઘોઘરો અવાજ ઉપસી આવ્યો, ધીરે ધીરે એ અવાજ જાણે શાલ્વના ચિત્તમાં થીજી ગયો.

ચિત્રને એણે ધારી ધારીને જોયું. એણે એક આકાર તારવવાનો એણે પ્રયાસ કર્યો. એક જળભરેલા કુંડમાં તરતું મૃતહરણ... એ ચિત્રને પારખી શક્યો. એ હરણની આંખો કોઈ પણ ખૂણેથી એને જ તાકી રહી હતી જાણે. એક બોઝિલ સ્મૃતિ લઈને એણે વીસ વર્ષ વીતાવી દીધાં હતાં. એને એ ભાર હઠાવવાનું ગમ્યું. એ હરણ પર શું લખ્યું છે નામ? એણે ચિત્ર પુનઃ જોયું. સવિતા. અને પેલા વ્યાઘ્રો ઉપર. એણે જોયું ચટાપટા ઉપર ઉપસેલા નામ. રામજ, મહેશ, કરસન અને અંબુજ... એક ભયભીત વાઘ ઉપર શાલ્વ નામ લખ્યું હતું. તે વખતે શું થયું હતું બીજા દિવસે? બીજા દિવસે સાંજ ઢળતાં પહેલાં જ 'વાત' સગેવગે કરવા સવિતાના મામા અને મા, પોલીસ, સરપંચ અને ગ્રામ અગ્રણીઓને મળીને પિસ્તાલીસ બોક્સની ચુંબકીય અણી વડે આકસ્મિક મોત કુદરતી મોતમાં ફેરવાઈ ગયું હતું... વીસ-એકવીસ વર્ષ પહેલાં.

'અંકલ, અમૂર્ત ચિત્રમાં પણ કેટકેટલાં ચિત્ર ઉપસી આવ્યા છે ને?'

એ પ્રશ્નથી ઘવાયો હોય તેમ પાછો હઠવા ગયો. પણ કશોક ચીકણો પદાર્થ બાઝી પડે તેમ સ્મૃતિઓનું ચીકણું જાળું એને બાઝી પડ્યું. એ બહાવરો બનીને બહાર નીકળવા કોશિશ કરવા માંડ્યો. તેમ તેમ વધારે જકડાતો ગયો. એ પ્રયાસમાં એની વીસ એકવીસ વર્ષથી અકબંધ રહેલી સ્મૃતિઓ ઉઝરડાઈ ગઈ, ઝમતી ગઈ. એક રેલો સર્યો. એ રેલામાં સવિતા, પુરૂષો, જળકુંડ, ખાખી વસ્ત્રો અને દંડો, ૪૫ બોક્સથી વીંટળાઈને 'ડૂબી' ગયેલી 'વાત' સ્પષ્ટ

વંચાતી હતી. ચિત્રને ઉકેલતા ઉકેલતાં શાલ્વ ઠંડા ખંડમાં પરસેવે રેબઝેબ થઈ ગયો.

અભિજાતની પીંછી શાલ્વના ઉદ્ગારો સાથે સંચરતી જતી હતી. છતાં કોણ જાણે કેમ એનો કેન્દ્રસ્થ પાત્રને આકારવાનો પ્રયાસ વારંવાર નિષ્ફળ જવા માંડ્યો. આખરે મૂર્ત ચિત્ર-એને અધૂરું મૂકીને અભિજાત માંગલિક પાસે ગયો.

માંગલિક અમૂર્ત ચિત્ર-બી જોવામાં લીન થઈ ગયો હતો. એના અસ્ફટ શબ્દો વડે અભિજાતના ચિત્તમાં એક ચિત્ર અંકિત થતું જતું હતું. રાત્રે અભિજાત એ ચિત્રને આખરી રૂપ આપતો હતો. મૂર્ત ચિત્ર-બી પર અભિજાતે પીંછી વડે એક ઘટનાનું મૂર્ત રૂપ ખડું કર્યું... માંગલિક પર સમોહિત થઈ ગયેલી દેવકન્યાને એણે મૂર્ત રૂપ આપ્યું.

માંગલિક ચિત્રનિરીક્ષણમાં પ્રવૃત્ત થયો. એણે એક આકાર તારવ્યો. એ વાંસળી વગાડતો હતો. એનો જીવ એની વાંસળીમાં હતો. એના વાંસળીવાદનના સૂર તરંગો પર દેવકન્યા નર્તતી હતી. એના રૂપ પર મોહિત થઈ ગયેલી કોઈ દેવકન્યાએ એને ચાંદનીમાં નહાતા જોયો. એ નિરંતર વહેતી ચાંદનીમાં નહાતો હતો. તે સમયે તેની વાંસળીને દેવકન્યાએ નીલપંખીનું રૂપ ધરીને ચાંચમાં લીધી. વૃક્ષની ડાળ પર બેસીને ગાયું : "ઓરો ઓરો આવ કુંવર વાંસળી આપું તને..." વાંસળી લઈને ઊડેલી નીલપંખિણીને જોઈને માંગલિકે ગાયું : "વાંસળી આપને નીલપંખિણી, વાંસળી આપ' પરંતુ નીલપંખી માંગલિકને આ ઝાડ પેલું ઝાડ કરતાં કરતાં એક વિશાળ જળકુંડ પાસે લઈ આવી. માંગલિક આવી પહોંચ્યો. નીલપંખિણીએ એક સૌંદર્યવાન દેવકન્યાનું રૂપ ધર્યું. એની વાંસળીને કટિબંધમાં ખોસી લઈ જળકુંડમાં પ્રવેશવા પગથિયા ઉતરવાનું શરૂ કર્યું. માંગલિકે જોયું દેવકન્યાની વિશાળ આંખોની કીકીમાં ઘનઘોર અંધકાર હતો; એના અંગાગમાં થરકાટ હતો. એના ગોળાકાર ચહેરા પર ઘઉંવર્ણું લીંપણ હતું. એના અણીદાર નક્સ પર સુવર્ણજડ હતી. એના કાળા ઘનઘોર વાળ હવામાં ફરફરતાં હતાં. કચ્છ મારીને પહેરેલા પરિધાનમાં એના અંગો વધારે માદક લાગતાં હતાં. એના ઉભરેલા વક્ષઃસ્થળ પરના ઢોળાવ પર ચાંદીના હારની ચમક ચાંદરણામાં રેલાતી હતી. માંગલિક વાંસળી લેવા દેવકન્યા સમીપ પહોંચ્યો. વાંસળીને લેતાં લેતાં જ એનો હાથ દેવકન્યાને સ્પર્શી ગયો. દેવકન્યાની નજર એના પર પડી ને માંગલિકની ભીતર આંદોલન જળતરંગોની જેમ પ્રસરી રહ્યા; સર્પફણાંની જેમ એનું અંગાગ ફુત્કાર કરી રહ્યું, એ ધીરે ધીરે સોનેરી સર્પ બની ગયો. એણે સર્પ થઈ દેવકન્યાની કમરનો ભરડો લીધો. એક અલૌકિક ઘેનમાં એ સરી પડ્યો હતો. દેવકન્યાના બાહુપાશમાં એની સ્મૃતિઓ સ્થગિત થઈ ગઈ...

અમૂર્ત ચિત્ર-બીમાં માંગલિકે નીલપંખી ખોળી કાઢ્યું... અને એની સ્મૃતિઓ પુનઃચલિત થઈ ગઈ. એના હોઠ ખુલી ગયાં. દેવકન્યાએ એને બાહુપાશમાંથી મુક્તિ આપી. દેવકન્યાના સ્પર્શથી સ્થંભિત થઈ ગયેલી સ્મૃતિચેતના અહલ્યા જેમ રામનો સ્પર્શ થતાં સજીવન થઈ હતી તેમ અભિજાતે દોરેલું ચિત્ર જોતાં જ ધીરે ધીરે ખૂલતી ગઈ... સર્પની જેમ વળ ખાઈને પળભર માંગલિક અસ્થિર થઈ ગયો. દેશી બંદૂકમાંથી ગોળી છૂટે અને એના ધડાકાથી ખભા સાથે શરીર પાછળ ધકેલાય તેમ અચાનક બહાર નીકળી ગયેલી અજાણી શક્તિના જોરદાર ધડકાથી માંગલિક પાછળ ધકેલાયો. અભિજાતે એને આધાર આપ્યો.

કાચી ઊંઘમાંથી જાગ્યો હોય તેમ માંગલિકે ઉંઘરેટી આંખો ખોલી. એ બોલ્યોઃ 'કેમ મને આટલો મોડો જગાડ્યો?' એનું શરીર સાવ નિર્ભાર થઈ ગયું હતું. ખંડમાં પડેલા અમૂર્ત ચિત્રોને એ જોઈ રહ્યો. સાવ નજીક ઊભેલા અભિજાતને જોઈને એને પારાવાર નવાઈ લાગી. એ ઝાઝું વિચારે એ પહેલાં જ અભિજાત એને ભેટી પડ્યો. 'ઓ માય ફ્રેન્ડ, માંગલિક... નાઉ યુ ફીલ બેટર?' અભિજાતે બે હાથ ઉપર ઉઠાવી કલાદેવીને કૃતજ્ઞતાપૂર્ણ નમસ્કાર કર્યાં.

હરખભરી સંજીધાએ માંગલિકને પાણી આપ્યું. માંગલિકનું વિસ્મય હજી શમતું નહોતું. 'આ બધુ શું થઈ રહ્યું છે? અભિજાતે માંગલિકના ઉદ્ગારોને અનુલક્ષીને મૂર્ત ચિત્ર-બી પૂર્ણ કર્યું. માંગલિકને પાછળ આવવા ઈશારો કર્યો.

અભિજાત માંગલિકને બીજા ખંડમાં દોરી ગયો. માંગલિકના પાપા અમૂર્ત ચિત્ર-એમાંથી આકાર શોધવાની મથામણ કરતા હતા. અભિજાતે મૂર્ત ચિત્ર-બી શાલ્વની સામે મૂક્યું. એ ચિત્ર જોઈ શાલ્વ ઘૂંટણિયે બેસી ગયો દૂર દૂર ડોલવણના ફાર્મહાઉસના શેરડીના લીલા સાંઠાઓમાં અને આંબા-ચીકુના વૃક્ષોના પર્ણોમાં પવન ભેરવાઇ ગયો.

એક ગજબની ઠંડી લહેરખી શાલ્વના શરીર પર ફરી વળી એના અંગાગે સંકોડાઈને પ્રતિકાર કર્યો છતાં કોઈક અજાણ શક્તિ એની ભીતર પ્રવેશી રહી, એના અણુએ અણુમાં સંચારિત થઈ ગઈ. એની આંખો પરિવર્તિત થતી ગઈ. એણે એક હાથ મ્હોં પર દાબવા પ્રયાસ કર્યો પણ... શબ્દો બે હોઠ ખોલી બળાત્કારે બહાર કૂદી પડ્યા. 'આ તો... સવિતા છે!

અભિજાતે અંતઃચક્ષુ વડે પળવારમાં જ જોઈ લીધું; કોઈ માને કે ન માને પણ મૂર્ત ચિત્ર-બીમાંથી સવિતાની છબી ધીરે ધીરે ડગલાં ભરતી ખંડમાં મૂકેલા અધૂરા મૂર્ત ચિત્ર-એ તરફ ગઈ અને સ્થિર થઈ ગઈ. અભિજાત સ્વગત જ બોલ્યોઃ 'કોણ કહે છે? કોણ કહે છે કે થીજેલા સમયને ઓગાળી શકાતો નથી?' **મ**

## કેતન કાનપરિયા

# કબર



*ગુજરાતી વિષય સાથે સુવર્ણચંદ્રક અર્જિત કરી એમ એ કરનાર કેતન કાનપરિયાની આ વાર્તા એમની પ્રથમ વાર્તા કહી શકાય.*

**મુ. સલડી, તા. લીલીયા,**
**જિ. અમરેલી ૩૬૫ ૫૩૫**
**મો. ૯૮૭૯૯ ૯૬૦૧૯**
**ketu_kanpariya@yahoo.com**

શિયાળાની ગુલાબી ઠંડીને અલવિદા કહ્યું એને પણ બે-અઢી મહિના થઈ ગયા. અત્યારે તો વૈશાખની બપોરનો સોનલવરણો તડકો રસ્તાની ધૂળને સોનાનો વરખ ચડાવે છે. ગામથી કબ્રસ્તાન તરફના નિર્જન રસ્તાની બન્ને બાજુ ઊગેલા ઝાડ પર પંખીઓ આરામ ફરમાવે છે. પંખીના ગળામાંથી નીકળતા પ્રભાતી સ્વરો અત્યારે બળબળતી લૂમાં જાણે કે બળીને રાખ થઈ ગયા હોય એમ ચોતરફ શાંતિનું સામ્રાજ્ય છે. સમગ્ર વાતાવરણને સજીવનતાથી ભરપૂર કરનારી કોયલ પણ ક્યાંક બેઠી બેઠી કાચી કેરીનો સ્વાદ માણતી હશે.

આખા ગામની નજરમાં પાગલ ગણાતો એવો હું હાથમાં ફૂલ લઈ ધોમધખતા તાપની ચાદર ઓઢીને રોજની જેમ આજ પણ મારા મોતીના સ્મારક તરફ જાઉં છું. મેલુંઘેલું ધોતિયું અને ફાટેલા પહેરણમાં બંધાયેલું સાંઠ-પાંસઠ વર્ષનું સોટીના સથવારે ચાલતું મારું જીવતું હાડપિંજર કબ્રસ્તાન તરફ ડગલા ભરે છે. સાંધેલા કાનપુરી ચપ્પલવાળા મારા પગ યંત્રવત્ ચાલે છે પણ મારા મનમાં તો મોતીના વિચારો જ ઘૂમ્યા કરે છે.

મારો મોતી, મને જીવથી પણ વધુ વ્હાલો. એના વિના મારું જીવન કેટલું દોહ્યલું છે? આખા ગામને એમ હતું કે રામજી ડોસા એકલા છે. એને કોઈ કુટુંબી નથી પણ ગામને થોડી ખબર હોય કે મોતીનું મારે મન શું મૂલ હતું? ગામને ક્યાં ખબર છે એના મૃત્યુના કારણની? હું ફળિયામાં બેઠો બેઠો કામ કરતો હોંઉ ને એ મારી સામે જ બેઠો રહેતો જાણે કે એને પણ સુથારીકામ શીખવું હોય. ઝાલરટાણું થાય ને હું રોટલા બનાવું, એ પૂંછડી હલાવે. ઓસરીની કોર મોતીને મન લક્ષ્મણરેખા હતી. હું ઓસરીમાંથી જ એક રોટલો આપું એટલે તરત એ ખાવા માંડે. ક્યારેક કામ ઓછું મળ્યું હોય તો બન્ને એક રોટલામાંથી અડધો અડધો કરીએ. હું પેટપૂજા કરીને ઊંઘી જાઉં પણ એના ભાગ્યમાં ઈશ્વર ઊંઘ લખવાનું ભૂલી ગયેલો. એક બાજુની દીવાલ વગરના મારા નાના એવા ઘરની ચોકીદારી કરવા મોતી રાતભર જાગતો. મોતીથી મારી જિંદગી મને સુખથી ભરપૂર લાગતી. ગરીબી તો મને વારસામાં મળેલી અને મિલકતમાં એક મોતી, જેને હું હીરા ઝવેરાતની જેમ સાચવતો.

મને ચાર-પાંચ વર્ષ પહેલો ઝેરી મેલેરીયા થયો ત્યારે બાજુવાળો હરગોવિંદ દવાખાને લઈ ગયો. તાવ આઠેક દિવસ પછી મગજમાં ચડ્યો ને દોઢ-બે મહિના પથારીવશ રહેવું પડ્યું. દવાખાનેથી ઘેર આવતી વખતે મને ડોક્ટરે કહ્યું, ‘‘દાદા, તમારા મોતીની આંખમાં અમે રોજ આંસુ જોયા છે. આજ તમે ઘેર જઈ રહ્યા છો તો જુઓ, મોતી કેવો મોજમાં છે?’’

હરગોવિંદે ઘેર આવીને મને જણાવ્યું કે, દવાખાનાનું પાંચ હજારનું બિલ ગામના કપુરચંદ શેઠે આપી દીધું છે. હું આંકડો સાંભળીને ઘડીવાર તો કંઈ બોલી ન શક્યો. પછી મનમાં થયું કે કંઈ વાંધો નહીં, મારી બે વિઘા જમીનમાંથી ઉપજ આવશે એટલે

દેવું ચૂકવી દઈશ. આપણે વધારે રૂપિયા શું કરવા છે? મારે તો બસ હું ને એક મારો મોતી.

હું જેઠથી શ્રાવણ સુધી લાંબી માંદગીને લીધે ખેતર જઈ શક્યો નહીં. એટલે પ્રથમ વર્ષે દેવું ચૂકવાય તેમ ન હતું. બીજા વર્ષે ખૂબ વરસાદ થયો અને પાક બળી ગયો. કપુરચંદ શેઠ આવ્યા અને કહ્યું "કંઈ વાંધો નહીં, આ વર્ષથી દોઢ ટકો વ્યાજ ગણી લઈશું. ગામ લોકો પાસેથી બે ટકા લઉં છું પણ તમારે ક્યાં કોઈ રળવાવાળું છે?" મે રાતદિવસ કામ કરવાનું શરૂ કર્યું. લોકો પાસે સામે ચાલીને કામ માગવા જતો અને લોકો મારી ગરજને પારખીને ઓછા પૈસામાં વધુ કામ કરાવતા. છતાં પણ મારો અને મોતીનો ખર્ચો કાઢતા મેં ત્રણસો રૂપિયા ભેગા કર્યા. પણ હરગોવિંદની મોટી દીકરી આણું કરવા આવેલી એની સુવાવડ વખતે હરગોવિંદ મારી પાસેથી એ રૂપિયા ઉછીના પેટે લઇ ગયો.

> હરગોવિંદે ઘેર આવીને જણાવ્યું, દવાખાનાનું પાંચ હજારનું બિલ ગામના કપુરચંદ શેઠે આપી દીધું. હું આંકડો સાંભળીને બોલી ન શક્યો. મનમાં થયું કે કંઇ વાંધો નહીં, મારી બે વિઘા જમીનમાંથી ઉપજ આવશે એટલે દેવું ચૂકવી દઇશ.

ત્રીજા વર્ષે વરસાદનું એક ટીપું પણ ન પડ્યું. કપુરચંદ શેઠની ધીરજ ખૂટી. તેમણે મારી પાસેથી ખેતરના દસ્તાવેજ લઈ લીધા અને ઉપર જતાં કહ્યું "તમારી બે વિઘા જમીનના સાડા છ હજાર જમા થયા. મારે વ્યાજસહિત છ હજાર ને આઠસો રૂપિયા લેવાના થાય છે. મારે ખાસ જરૂર હોવાથી બાકીના ત્રણસો અત્યારે આપો." મે હરગોવિંદ સામે જોયું પણ છેલ્લા બે વર્ષથી ગામમાં કોઈના ખેતરમાં કંઈ પાક્યું જ નથી તો હરગોવિંદ મને ત્રણસો રૂપિયા ક્યાંથી આપે? કપુરચંદ શેઠને વિનંતી કરી મને થોડો સમય આપો. હું તમારુ દેવું ચૂકવી દઇશ. કપુરચંદ શેઠે ત્રણસો રૂપિયાના બદલામાં મોતીને લઈ જવાની વાત કરી અને કહ્યું



"આ મોતી મારી મીલે ચોકીદારી કરશે." મે તરત ના પાડી દીધી અને કહ્યું "મારા ઘરનો દસ્તાવેજ લઈ જાઓ પણ મોતી તો નહીં જ." છેવટે હરગોવિંદે મને કહ્યું "ઘર વેચી નાખશો તો તમે ક્યાં રહેશો? ગામમાં તમને તો કોઈ આશરો આપશે પણ આ મોતીને કોણ સંઘરશે?" મને હરગોવિંદની વાત સાચી લાગી. વળી થયું કે મોતી મીલની ચોકીદારી કરશે તો શેઠ તેને પૂરતું ખાવાનું આપશે અને એ સુખી થશે. મેં ભારે હૈયે મોતીને વિદાય આપી. થોડા દિવસોમાં ત્રણસો રૂપિયા આપીને મારા મોતીને છોડાવી લઈશ એવી મારી શરતને કપુરચંદે માન્ય રાખી. મોતી જતી વખતે દોડી દોડીને મારા પગ પાસે આવી ગયો. અમારા બન્નેની આંખોમાં આંસુ આવી ગયા પણ જુદા થયા વિના કોઈ રસ્તો જ ન હતો. મેં કહ્યું "મોતી તારાથી જુદા પડવાનું મને પણ ગમતું નથી પણ શું કરું? ઉપરવાળાની આ જ ઈચ્છા છે. જા મારા જીવ સુખી થજે અને તારા શેઠનું ધ્યાન રાખજે. હવે તારો રોટલો એના હાથમાં છે." શેઠનો નોકર મોતીને સાંકળે બાંધીને લઈ જતો હતો તે મારાથી જોવાયું નહીં. હું સાંકળ કાઢીને મોતીને શેઠની મીલ સુધી વળાવી આવ્યો. ઘેર આવતો હતો ત્યારે પણ મોતી મારી સાથે બે-ત્રણ વખત ચાલતો થયો. મેં પરાણે એને મીલમાં ધક્કો મારી બારણું બંધ કરી દીધું. હું ઘેર આવીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. મારા એ હૈયાફાટ રૂદનને ઈશ્વરે પણ સાંભળ્યું હશે કે કેમ એ બાબતે મને હજી પણ શંકા છે. સમય એની રીતે ચાલવા લાગ્યો. મેં મોતીને છોડાવવા રાતદિવસ કામ કરવાનું શરૂ કર્યું. મોતી ક્યારેક સાંકળ તોડીને ઘેર ચાલ્યો આવતો. હું કામ કરતો હોઉં ને એ આવીને એની જગ્યાએ બેસી જતો. શરૂઆતમાં તો મને આ બધું સારું લાગતું પણ શેઠનો નોકર આવતો અને સાંકળથી બાંધી એને મારઝૂડ કરીને લઈ જતો. મારો આત્મા એ મૂંગા પશુ માટે કકળી ઉઠતો. ક્યારેક તો એમ થતું કે આના કરતાં મોતી અહીં આવતો ન હોય તો સારું. એને કારણ વિના ખોટો માર ખાવો પડે છે. મોતી મારના ભોગે પણ મારે ત્યાં દરરોજ આવતો.

હું એક દિવસ સવારે ફળિયામાં બેઠો બેઠો ખાટલાની ઈસ બનાવતો હતો. ત્યાં જ અચાનક મોતી આવ્યો અને પોતાની જગ્યાએ બેસી ગયો. હમણાં શેઠનો નોકર આવશે અને મોતીને માર પડશે એવી બીકથી મેં બાજુમાં પડેલો ધોકો મોતી તરફ ફેંક્યો. મોતી અચાનક આવી પડેલા ધોકાથી બચવા જમણી બાજુ દોડ્યો. જ્યાં મે થોડી વાર પહેલા જ ધાર કાઢીને ફરસી ઊભી મૂકી હતી. મારી નજર સામે જ મોતી જડાઇ ગયો. મારા પગ નીચે ધરતી સરકતી હોય એમ મને લાગ્યું. હું દોડીને એની પાસે ગયો તો સહેજ પણ અવાજ વિના એ છેલ્લા શ્વાસ લઈ રહ્યો હતો. એના લોહીથી ભરાયેલા ખાબોચિયામાં મારા આંસુ ભળવા લાગ્યા. મારો ભવભવનો સાથી, મારો મોતી મને એકલો છોડીને ચાલ્યો ગયો. હું ઘડીના છઠ્ઠા ભાગમાં લૂંટાઇ ગયો. હું એની ડોકે વળગીને મારી જિંદગીમાં પહેલી વાર મન ભરીને રડ્યો. થોડી વાર પછી હરગોવિંદના ઘેરથી ફૂલ લઈ આવ્યો અને મોતીને ગામના કબ્રસ્તાનની બહાર દફનાવ્યો.

નોકર મોતીને સાંકળે બાંધીને જતો હતો તે જોવાયું નહીં. હું સાંકળ કાઢીને મોતીને મીલ સુધી વળાવી આવ્યો. ઘેર આવતો હતો ત્યારે પણ મોતી મારી સાથે બે-ત્રણ વખત ચાલતો થયો. મેં પરાણે એને મીલમાં ધક્કો મારી બારણું બંધ કરી દીધું.

દિવાળીએ મને હરગોવિંદે ત્રણસો રૂપિયા આપ્યા. પણ કરોડો રૂપિયા જેવો મારો મોતી મારા જ હાથે ચાલ્યો ગયો પછી આ રૂપિયાને શું કરવા? મોતીને ધોકો વાગ્યો નથી એમ હું સમજું છું પણ લોકોને કોણ સમજાવે? મોતીને જે જગ્યાએ દફનાવ્યો એ જગ્યાએ મેં એક સરસ મજાનું સ્મારક બંધાવ્યું. જેને આ ગામના અબુધ લોકો કબર કહે છે. જે મારાથી સાંભળી શકાતું નથી. મૂંગા પશુના મૂંગા પ્રેમને આ દંભી સમાજ ક્યાંથી ઓળખે? હું ત્રણસોમાંથી બાકી વધેલા રકમમાંથી દરરોજ એક રૂપિયાના ફૂલ લઈને એના સ્મારકે ચડાવું છું. કદાચ મારો મોતી મને માફ કરી દે. હવે તો કપુરચંદ શેઠની જેમ મારી ધીરજ પણ ખૂટી ગઈ છે. કેમ કે ગઈ કાલે છેલ્લો એક રૂપિયો વધ્યો હતો.

મોતીના મનગમતા વિચારોમાં મોતીનું સ્મારક ક્યારે આવી ગયું એની મને ખબર પણ ન પડી. મોતીના સ્મારક પાસે હું અટકી ગયો ને સાથે સાથે મારા મનપ્રદેશ પર ચાલતો મોતીની સ્નેહભીની યાદોનો વંટોળ પણ શમી ગયો. હું છેલ્લી વખતના ફૂલ મોતીના સ્મારક પર ચડાવવા જતો હતો ત્યાં જ અચાનક છાતીમાં દુખાવો ઉપડ્યો ને મારાથી મોતીના સ્મારક પાસે બેસી જવાયું. હું હાથમાં રહેલાં ફૂલ મોતીના સ્મારક પર ચડાવું એ પહેલા તો કાળુંડિબાંગ અંધારું મને ચોતરફથી ઘેરી વળ્યું. **મ**

ચંદ્રમણિ

# મમતા

વાર્તામાસિક

**આવતીકાલનાં વાર્તાકારોનું આજનું માસિક**

# જાહેર કરે છે ફરી એક જબ્બર મમતા વાર્તા સ્પર્ધા ૨૦૧૨



**પહેલું ઇનામ રૂ. ૫૧,૦૦૦**

દેવેન્દ્ર અને મીતા પીર તરફથી

**બીજું ઇનામ રૂ. ૨૧,૦૦૦**

મમતા વાર્તા-માસિક તરફથી

**ત્રીજું ઇનામ રૂ. ૧૧,૦૦૦**

મમતા વાર્તા-માસિક તરફથી

દરેક વ્યક્તિ પાસે કહેવાલાયક એક વાર્તા છે, એને લોકો સુધી પહોંચાડવા ‘મમતા’ ફરી એક વાર લાવ્યું છે, ‘વાર્તા સ્પર્ધા ૨૦૧૨’. ગત સ્પર્ધાની માફક એમાં દરેક નવસર્જક ભાગ લઇ જ શકશે.
આ સ્પર્ધામાં ભાગ માટેના નિયમો ધ્યાનથી જોઇ જવા વિનંતી છે...

- જેમનો એક પણ વાર્તાસંગ્રહ પ્રકટ ન થયો હોય તેવા લેખકની જ સરળ અને વાર્તા-તત્વવાળી મૌલિક અને અપ્રકાશિત, બે હજાર શબ્દોની મર્યાદાવાળી વાર્તા સ્વીકારાશે.
- ગઇ સ્પર્ધાનાં વિજેતા લેખકો આમાં ભાગ લઇ શકશે નહીં.
- ફક્ત કમ્પ્યૂટર પર એ-૪ સાઇઝમાં ટાઇપ કરેલી વાર્તા જ સ્પર્ધા માટે સ્વીકારાશે; જો તે ઇ-મેઇલથી મોકલવામાં આવે તો વર્ડ તેમજ પીડીએફ ફોર્મેટમાં હોવી જરૂરી છે.
- વાર્તા મૌલિક હોવાની અને કોઇ સામયિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજે કશેય પ્રકાશિત/પ્રસારિત થઇ ન હોવાની બાંયધરી હોવી અનિવાર્ય છે; સાથે જુદા કાગળમાં લેખકનું નામ, ચાર લીટીમાં પરિચય, પોસ્ટલ પિન કોડ સાથેનું પૂરું સરનામું, ફોન અને મોબાઇલ ફોન નંબરો, ઇ-મેઇલ આઇડી જેવી વિગતો હોવી જરૂરી છે.
- પરિણામ અંગે પત્ર, ઇ-મેઇલ, એસએમએસ કે ફોન દ્વારા કોઇ ચર્ચા થઇ શકશે નહીં. સ્પર્ધકો વાર્તા મોકલતાં પહેલા એક નકલ પોતાની પાસે સાચવી રાખે; વાર્તા પરત મેળવી શકાશે નહીં.
- સ્પર્ધામાં આવેલી કોઇપણ વાર્તામાં પ્રથમ પ્રકાશનો હક ‘મમતા’ને રહેશે; બીજે મોકલતાં પહેલાં ‘મમતા’ની સંમત્તિ મેળવવી જરૂરી છે. ‘મમતા’માં પ્રકાશિત તમામ વાર્તાઓને પુરસ્કાર આપવાનું ધોરણ છે.

**વાર્તા મોકલવાની છેલ્લી તારીખ : ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨**

વાર્તા મોકલવાનું સરનામું ‘મમતા’ વાર્તામાસિક, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, પથિકાશ્રમ બસ ડેપોની સામે. ગાંધીનગર ૩૮૨૦૦૭, અથવા mamataspardha@gmail.com (sub: વાર્તા-લેખકનું નામ).



ખેતીવાડી ખાતામાંથી અધિકારી વર્ગ - ૨ તરીકે નિવૃત થયેલ છું મને વાંચનનો શોખ છે. મારી લઘુ કથાઓ "પથિક", "અને વીણેલાં મોતી" સાત નવલિકાઓ પણ પ્રગટ થયેલ છે.

**૨૬૬ જૂની ઉમેદનગર**
**ભૂજ (કચ્છ) ૩૭૦ ૦૦૧**
**ફો. ૦૨૮૩૨ ૨૫૨૬૬૫**
**મો. ૯૮૭૯૨ ૦૫૪૪૪**

## હરિક્ષિત શુક્લ

# " આનું નામ તે..."

અલ્પના અષાઢી માહોલમાં ગોરંભાયલાં વાદળોની જેમ સતત ગુસ્સામાં, લાંબા અવઢવ બાદ આજે તો પોતાના વિચારોને અમલમાં મૂકવા બેગ પેક કરી રાજલ અને ધુર્જટિની સાથે સીતા, જેમ લક્ષ્મણ રેખા ઓળંગવા તૈયાર થયેલ તેમ જ 'મનોકામના' બંગલો છોડવા માનસિક સજ્જ થઈ, અલ્પેશને ગુડબાય કહેવા લાગી.

અલ્પેશે કહ્યું, ''અલ્પના ભલે તને યોગ્ય લાગતું હોય તો હું તારા નિર્ણય સામે આડો નહીં આવું પરંતુ ધુર્જટિના જન્મ પછીના દિવસો સંભારી...'' પછી ધીમા સાદે કશુંક કહ્યું. અલ્પના વાત સાંભળી આવાક્ થઇ ગઇ અને હાથમાંથી બેગ સરી પડી. અને દિવાન પર બેસી શું, પડી જ ગઇ!

નીરવ શાંત રાત્રીનાં એકાંતમાં અલ્પેશની ઊંઘ વેરણ થઇ ગઇ અને ખુલ્લી આંખે વીતી ગયેલાં અતીતને વાગોળવા લાગ્યો.

અલ્પેશ માસ્ટર ઓફ ફાર્મસી કરી મેડિકલ સ્ટોર કરવા જેટલી નાણાંકીય જોગવાઇના અભાવે પોતાની આવડતથી ભારતની માતબર ફાર્માસ્યુટીકલ કંપનીમાં રીપ્રેઝન્ટેટીવ તરીકે નોકરીની શરૂઆત કરી ટૂંકા ગાળામાં સેલ્સ ઓફિસર અને એરીયા મેનેજર તરીકે બઢતી પામતો ગયો.

સરકારશ્રી તરફથી પોતાની કંપનીની વધુમાં વધુ દવા માન્ય કરાવી સરકારી, અર્ધસરકારી દરવાનખાનામાં પોતાની કંપનીની દવા સરકાર દ્વારા ખરીદી થાય તે માટે સચિવાલયમાં આરોગ્ય વિભાગમાં દર બે દિવસે અધિકારીશ્રીઓને મળવા જતો. આરોગ્ય વિભાગમાં ડેપ્યુટી સેક્રેટરી તરીકે અલ્પના પોતાની જ જ્ઞાતીની છે. તેમ જાણ થઇ.

અલ્પના બે ભાઈની એક જ લાડકી બહેન હતી. અલ્પનાનાં પિતા કાર અકસ્માતમાં ગુજરી જતા મોટા ભાઇ ભુષણે અભ્યાસ અધૂરો મૂકી પિતાની રંગ રસાયણની ફેકટરી સંભાળી. મા અને બહેને નાના ભાઇ બહેનને પતિ-પિતાની ખોટ પડવા દીધી ન હતી. નાનો ભાઇ કેમિકલ ઇજનેર બની મોટાભાઇને ધંધામાં સાથ આપવા લાગેલ જ્યારે બહેન અલ્પના તબીબ અભ્યાસ માટે થોડાંક ગુણે અભ્યાસથી વંચિત રહેવા પામેલ, પરંતુ ઉજ્જવળ અભ્યાસની કારકિર્દીથી પોસ્ટ ગ્રેજ્યુએશન પુરું કરી કોમ્પિટિટિવ એક્ઝામ પાસ કરી સીધી ભરતીથી નાયબ સેક્રેટરી બની આરોગ્ય વિભાગમાં નોકરી કરવા લાગેલી.

આવી તેજસ્વી કારકિર્દી ધરાવતી અલ્પના સાથે કેન્ટીનથી ચા પાણીની શરૂઆત અને હોટેલમાં ડીનર પિક્ચર વગેરેને કારણે સબંધો બંધાતા ગયા તેમજ કંપનીની દવાઓ માન્ય કરાતા સાથે સહજીવન જીવવાના કોલ કરાર પણ થઇ ગયા.

અલ્પના-અલ્પેશના કુટુંબમાં તવંગર અને ગરીબાઇ આડખીલી ન બની, પરંતુ વડીલભાઇઓએ બહેનની પસંદગી અને અલ્પેશની નોકરીને જાણી સમજીને પસંદગીની મહોર મારી દીધી, લગ્ન સમયે અલ્પેશ માતાપિતા બંને ગુમાવી એકલો અટૂલો હતો

તેમ છતાં બહેનના સ્વતંત્ર સ્વભાવને ધ્યાને લઈ હોંશપૂર્વક લગ્ન કરાવી રડતા હૃદયે વિદાય આપેલી.

ટૂંકા ગાળામાં લગ્ન કરીને સુખી સંસાર શરૂ થઈ ગયો. કંપનીના કામ સબબ પાંચ દિવસની સતત મુસાફરી અને અલ્પનાની નોકરી બાદ શની-રવિ આનંદ પ્રમોદમાં અવનવા સ્થળે ફરવા જવામાં અને મોજ-મજામાં ગાળતા. ત્યારબાદ બંનેની આવક ભેગી થતા 'મનોકામના' બંગલો બનાવ્યો. બંગલાના રહેણાંકના પ્રથમ વર્ષે જ રાજલ દીકરીનો જન્મ થતા બંને ખૂબ જ ખુશખુશાલ રહેવા લાગ્યા.

રાજલનો જન્મ થતા અલ્પનાની કામગીરીમાં નોકરી સાથે બાળકની સંભાળ રાખવાની બેવડી જવાબદારી આવી પડી અલ્પેશ પણ નોકરીની જવાબદારીને કારણે તથા રાજલના ઉછેરના કારણે અલ્પના તરફ જાણે અજાણે બેકાળજી દાખવવા લાગ્યો. આ તરફ અલ્પના પણ અલ્પેશની બેકાળજી અને ગેરહાજરીથી નોકરીમાં બઢતી મેળવવા અધિકારીને પોતાની કામગીરીથી અને દૈનિક સૌંદર્યથી આકર્ષી, બઢતી પામવા સફળ થઈ. પણ તેમ છતાં અલ્પેશના પ્રેમને વશ પોતાની જાતને સંભાળવામાં સફળ રહી.

> અલ્પેશની બીજા બાળક પુત્રની અપેક્ષાથી થોડો સમય અલ્પના પુનઃ અલ્પેશમય બની અને ફળશ્રુતીરૂપે 'ધૂર્જટિ' પુત્રની ભેટ આપી. પુત્ર પુત્રીના જન્મ બાદ, સિવિલ હોસ્પિટલમાં સંતતિ નિયમનનું ઓપરેશન કરાવી અલ્પેશ નિશ્ચિન્ત બની ગયો.

રાજલ પાંચ વર્ષની થયા પછી અલ્પેશની બીજા બાળક પુત્રની અપેક્ષાથી થોડો સમય અલ્પના પુનઃ અલ્પેશમય બની અને ફળશ્રુતીરૂપે 'ધૂર્જટી' પુત્રની ભેટ પણ આપી. પુત્ર પુત્રીના જન્મ બાદ, ઉભય સંમતિથી સિવિલ હોસ્પિટલમાં સંતતિ નિયમનનું ઓપરેશન કરાવી અલ્પેશ નિશ્ચિત બની ગયો. ઓપરેશન બાદ બે માસમાં જ ત્રણ મહિના માટે અલ્પેશને ફોરેન જવાનું થયું. આથી અલ્પનાએ બાલવિધવા



માસીને પોતાને ઘેર રાખી બંને બાળકોની જવાબદારી સોંપી દીધી અને પોતે પોતાની ફરજમાં કાર્યરત બની ગઇ.

દરમિયાન આ જ સમયગાળામાં અલ્પનાને પોતાને વર્ગ-૧ અધિકારીના પ્રમોશનનો ચાન્સ હાથવેતમાં, દેખાયો પરંતુ આ વખતે અગાઉની જેમ કાર્યનિષ્ઠા અને સૌંદર્યથી આકર્ષવાનું અશક્ય જણાતા અલ્પેશની ગેરહાજરીની કારણે ઉપલા અધિકારીને રીઝવવા માટે પોતાની જાત અર્પણ કરી. જેનું મુખ્ય કારણ ''બઢતી'' હતું અને પોતાનાથી નાની વયના સીધી ભરતીથી આવેલ અધિકારી તરફનું આકર્ષણ પણ હતું. આમ અલ્પના મોજ-મજામાં સ્વઆનંદમાં દિવસો પસાર કરવા લાગી.

આ બાજુ અલ્પેશ પણ કામ-મુદત પૂર્ણ થતા વિદેશથી પરત આવી જતા અલ્પનાની બેધડક આવાગમન પર લગામ આવી દઈ. તેમ છતાં એક દિવસ અલ્પનાએ બેધડક પોતે ફરી ''મા'' બનવાની છે તેમ જાણ કરી આથી સંતતિ ઓપરેશનની સફળતા માટે તપાસણી-ચકાસણી કરાવવા જઇશું તેમ અલ્પેશે કહ્યું.

હોસ્પિટલમાં તપાસ કરાવ્યા બાદ આ બાજુ અલ્પનાએ પોતાની સત્તાની રૂએ સિવિલ હોસ્પિટલમાં અલ્પેશનો ટેસ્ટ ''પોઝિટિવ'' આવે અને ઓપરેશન ફેલ ગયેલ છે તેમ રિપોર્ટ આપવા હુકમ કરેલ.

અલ્પેશનો ટેસ્ટ પોઝિટિવ આવતા નાશીપાસ થઇ ગયો અને અલ્પનાને ''મેડિકલ ટર્મિનેશ ઓફ પ્રેગનન્સી'' કરાવી હળવીફૂલ બની. જાણે કંઇ જ ન બન્યું હોય તેમ જીવન જીવવા મંડી.

અલ્પેશને પોતાના ટેસ્ટ રિપોર્ટથી સંતોષ ન થતાં પોતાના મેડિકલ સબંધોનો ઉપયોગ કરી ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટ કરવતા પોતાનું ઓપરેશન સફળ છે, તેમ જાણવા મળતા સ્તબ્ધ બની ગયો. આમ શૂન્યમનસ્ક થોડા દિવસ બની જવા છતાં વિચારોના અંતે ''રાજલ અને ધૂર્જટિનું ભવિષ્ય મારાં એક અવિચારી પગલાથી રઝળી પડશે. અને બાળકો માતાનું વહાલ અને પિતાની લાગણી બંને ગુમાવી બેસશે. એટલું જ નહીં છેલ્લા ત્રણ માસની અલ્પનાની ગતિવિધિની જાણકારી મેળવવા છતાં, જો હું અલ્પના સાથે સબંધ વિછેદ કરીશ તો મારા લાડકવાયાં નોધારાં બની જશે.'' તેમ વિચારી ભવિષ્ય માથે પડદો પાડી દીધો. ખૂબ જ મનોમંથનને અંતે ગઇગુજરી ભૂલી જઇ શાંતિથી અલ્પના સાથે જીવન વ્યતિત કરવું એમાં જ શાણપણ અને ડહાપણ ભરેલું છે, તેમ વિચારી પુનઃ યથાવત્ જિંદગી પસાર કરવા પોતાની જાતને મનોમન તૈયાર કરી.

પરંતુ અલ્પના પોતાના નવા સબંધો પર મુત્સાહી રહી ''પોતે પણ ક્યાં ઓછુ કમાય છે? મારે શું પડી છે.'' તેમ વિચારી એક દિવસ પોતાના બાળકો સાથે ગૃહત્યાગ કરવા કૃતનિશ્ચયી બની, ગૃહત્યાગનું અંતિમ પગલું ભરવા ''મનોકામના'' બંગલો છોડવા તૈયાર થઇ નીકળી.

અલ્પેશની છેલ્લી વિદાય માટે લેવા નીકળી ત્યારે અલ્પેશે તેને પોતાનો ખાનગી લેબોરેટરી રીપોર્ટ બતાવીને કહ્યું કે, ''અલ્પના તું ઘર ભલે છોડે પણ મારા જેવો પતિ શોધજે.'' **મ**


મમતા વાર્તામાસિક




**USA readers may subscribe to Mamata by sending this form with your cheque for $30 (12 issues) payable to**
**Chicago Art Circle**
**1468 Sandburg Drive**
**Schaumburg, IL 60173**

**Name**..........................................................
**Profession**....................................................
**Address**.......................................................
..................................................................
..................................................................
**Phone**.........................................................
**E-mail**........................................................



ઉના (જૂનાગઢ) મારું વતન. દીવનો દરિયો ને ગીરનું જંગલ બંને મન ભરી માણ્યાં છે. કોલેજ સુધી ત્યાં ભણી. એમ. એ. અમરેલીથી અને પીએચ.ડી. કેશોદથી 'સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી સાહિત્યમાં નારીનિરૂપણ' એ મારા થીસીસનો વિષય હતો. 'મમતા'ની વાર્તાસ્પર્ધાએ પહેલીવાર વાર્તા લખવા પ્રોત્સાહિત કરી. સ્પર્ધાનું પરિણામ નહિ, સ્પર્ધામાં ભાગ લેવાની ક્રિયા પણ જ એટલી આનંદદાયક રહી કે આનંદ આપવા બદલ આપનો દિલથી આભાર.

**કોશા મનીષભાઈ રાવલ**
**૪૦૩/એ ફર્ટિલાઇઝરનગર**
**ટાઉનશીપ-જી.એસ.એફ.સી.**
**વડોદરા**

કોશા રાવલ

# હું નહિ, હું

''જય નથી રહ્યો - હિમા, કાલે રાત્રે હાર્ટ-એટેક... ડૂસકાંમાંથી દબાતો રશ્મિનો અવાજ એટલો રુંધાઇ ગયો કે ગળામાંથી ખાલી ફૂસફૂસાટ સંભળાતી હતી. પણ 'જય નથી રહ્યો' એ વાક્ય, ધચ્ચ દઈને વાંસનાં અંકુરની જેમ મનમાં ખૂંચી ગયું. અંગાગમાં જાણે વીજળીનો કરંટ લાગ્યો. શું કહેવું? શું કરવું? આંખ, નાક, કાન જિહ્વા બધુ જ બંધ થઈ ગયું, હૃદય પણ માંડ-માંડ ધબકતું હતું.

ધક... ધક... ધક, ધક... ક્ષણોનાં ઊંડા સન્નાટા પછી રશ્મિ માંડ-માંડ બોલી. ''હિમા તારી માટે તો વર્ષોથી તેનું હોવું-નહોવું સરખું હતું આ તો મીનુ... અટકીને ન બોલાયેલા તેના શબ્દો વચ્ચેનો અવકાશ ઘણો મોટો હતો. તેનો ફોન ડિસકનેક્ટ થયો સાથોસાથ મારાં તો ગાત્રેગાત્રો શિથિલ થઈ ગયાં. જયનો ચહેરો હજારો ઇન્દ્રિયરૂપે મારામાં એકસાથે ધસમસી ગયો. એનો લાગણી નીતરતો ચહેરો, ગુસ્સામાં ધૂંધવાતો, ચીડવાતો, શાંત, ત્રાસી આંખે મને જોતો કાચનાં અસંખ્ય ટુકડાઓ અંદર ખૂંપી ગયાં હતાં. ''જય તું... ધબ્બ દઈને જમીન પર કોકડુંવાળીને - હું ફસડાઈ પડી. આજની બધી મિટિંગો - શું કરું, કેન્સલ જ... મીનુ, હેં હાં મીનુ શું કરતી હશે? તેને ફોન તો કરવો પડશે. જય તેનો તો પપ્પા અને મારો??

મીનુનો અમેરિકાનો મોબાઇલ નંબર કેવી રીતે જોડવાનો છે તે પણ થોડીવાર સમજાયું નહીં, પ્રસ્વેદભીની હથેળીમાંથી-મોબાઇલની રિંગ જતી સંભળાતી હતી, મનમાં પ્રચંડ દબાણ ચાલતું હતું. સામેથી મીનુનો ઉમળકાભર્યો અવાજ આવ્યો:

''હા... ઈ મોઓમ. અત્યારે (કદાચ ત્યાં મોડી રાત હશે, નહીં.?)

''હં મીનુ બેટા. એક બેડ ન્યુઝ છે. મન મક્કમ કરી સાંભળજે.'

''શું?''

''બેટા, પપ્પા નથી રહ્યા દુનિયામાં કાલે રાત્રે હાર્ટએટેકથી. રશ્મિનો ફોન હતો. મી ઇ ઇ નુ ઉ ઉ... હીબકે-હીબકે રડતાં અમારા બન્નેની વેદના ક્યાંય સુધી સિસકાતી રહી.

''તું આવી શકીશ?'' ગળામાં ડૂમો ઉતારતાં, મેં પૂછ્યું.

''ના, પપ્પા તો હવે મળવાના નથી. કોની પાસે આવીને આવું?''


''હા, એ પણ ખરું.'' સંવાદ પૂરો થયો છે તેમ માની મેં ફોન કાપ્યો. ઓહ, અગ્નિ, વાયુ, આકાશ, જળ અને પૃથ્વીનો બનેલો મારો જય પંચમહાભૂતમાં ઓગળી ગયો. કેટલાંય અનુત્તર સવાલો-હવે હું કોને પૂછીશ? કોની પાસે ખુલાસાઓ કરીશ? અને જય 'મારો' એમ કહી પણ શકાય? મેં જ જાતે વર્ષો પહેલાં તેને છોડી દીધો હતો. ના, ના મેં નહીં અમારી તકદીરે... તો પછી જે મારો જ નહોતો, તેના જવાનું દુ:ખ અચાનક આટલું બધું કેમ?

મીનુને બહુ દુ:ખ થતુ હશે. જયની કેટલી લાડકી! એ જન્મીને જય વાવાઝોડા પેટે રૂમમાં આવી પહોંચ્યો. આનંદના અતિરેકમાં મને હચમચાવી નાખી. ''જય, જય-

જય... દુઃખે છે બધું છોડ, પણ તે તો ઊડતો હતો જાણે! મીનુની નાની-નાની આંગળી જોયાં કરી, તેની આંખ-નાકને ધીમુ પીંછાં જેવું સ્પર્શ્યો, પછી ઊંચી નજર કરી મને કહે "થેન્ક યુ, તે મારા ખોળામાં સ્વર્ગ લાવી દીધું." અને તેનું સ્વર્ગ તેની નજર સામે જ છીનવાઇ ગયું. મીનું થર્ડમાં આવી ત્યાં સુધીમાં તો અમે એકમેકના મનથી જોજનો દૂર થઈ ગયાં. મીનુ હોસ્ટેલમાં ન ગઈ ત્યાં સુધી મારી સાથે જ રહી અને બીચારો જય એકલો.

આમ તો અમારા બંનેના લવમેરેજ હતાં. તે એન્જિનિયરિંગમાં ને હું ફાઇન આર્ટ્સમાં. પણ તેની બહેન રશ્મિ મારી જીગરજાન દોસ્ત. એટલે અવારનવાર અમારા બન્નેની આંખ અથડાઈ જતી. એક દિવસ કોફી પીતાં-પીતાં મેં સાવ સહજ કહી દીધું - "રશ્મિ, જો હું જયને પરણું તો આપણી મૈત્રી અમર બની જાય કે નહીં?" મારા ગાલને જોરથી ખણતાં, રશ્મિ ગરજી, "લુચ્ચી, પ્રપોઝ મારા ભાઈને કરવું છે - ને લેવું છે મારું નામ? જય પ્રેમાળ નજરે મને જોતો રહ્યો અને મા-બાપના કચવાતાં મને અમે પરણ્યાં.

"રશ્મિ, જો હું જયને પરણું તો આપણી મૈત્રી અમર બની જાય કે નહીં?" મારા ગાલને જોરથી ખણતાં, રશ્મિ ગરજી, "લુચ્ચી, પ્રપોઝ મારા ભાઈને કરવું છે - ને લેવું છે મારું નામ? જય પ્રેમાળ નજરે મને જોતો રહ્યો અને મા-બાપના કચવાતાં મને અમે પરણ્યાં.



શરૂઆતનું એ લગ્નજીવન - ઓહ! જય લવ્સ મી પેશનેટલી. ભરપૂર આકર્ષણનો એ ગાળો. હસતો-રીસાતો, મનાતો, હોટલોમાં જમતો, દોડતો, કૂદતો એ સમય. એકબીજાના હાથમાં હાથ ઝીલી કેટલુંય દોડતાં રહ્યાં.

આમ પણ દોડવું મારા સ્વભાવમાં હતું. ઘરકામ, રસોઈ, ટી.વી.ની સીરિયલો-ચરખામાં ફરતાં તાર જેવી જિંદગી તો મને ક્યારેય ગમી નહોતી. અભાવોમાં ઉછરેલું બાળપણ મારામાં કેટલીય સ્પૃહાઓના ફૂંફાડા મરાવતું હતું. મને ભૌતિકતા ગમતી હતી અને તેમાં ખોટું પણ શું હતું? ડિઝાઇનર કપડાં, મઘમઘતાં પર્ફ્યુમ્સ, ગાડીઓમાં સડસડાટ પસાર થતું સુખ મને ઈર્ષ્યા અને અભાવોની ઊંડી ખીણમાં ધકેલતું હતું. જય સારો હતો પણ સામાન્ય. મારા સપનાંઓ જયને દિવસભર દોડાવતાં હતાં. એટલે જ જ્યારે જયને દુબઈ જવાની ઓફર આવી ત્યારે મેં ધાંય ધાંય દલીલો કરી, તેને ધકેલ્યો હતો. અરે, બે-ચાર વર્ષ

તો રમતાં નીકળી જશે પણ જય તું પાછો આવીશ ત્યારે આપણી ગાડી હશે બંગલો...

જયના ગયા પછીનું એકાદ વર્ષ તો માંદા માણસના ભોજન જેવું બેસ્વાદ રહ્યું. મેં બુટીક, પાર્લર લે-વેચના અખતરા ચાલુ કર્યા હતા. મીનુમાં, માઇમાં, રશ્મિમાં યેનકેન ઊનના દડાની જેમ દિવસો ગબડતાં જતાં હતાં. દિવસો તો નીકળી જતાં પણ રાતોની રાત મનમાં તડપાવતી રહેતી. અંધારામાં ચાલતાં હીંચકાના કિચૂડાટ સાથે મનપણ કિચૂડ-કિચૂડ કરવાં લાગતું. મને થતું, ક્યારે જય આવશે અને ઘેઘુર બાહુપાશમાં મને ઘેરી લેશે. મન મૂકીને તે વરસતો રહેશે અને હું ભીંજાતી... અચાનક ઠેસ વાગતા હીંચકો હાલક ડોલક થઇ અટકી પડયો અને હું રઘવાટમાં બેચેન બની ઊઠતી. ક્યારેક બાજુમાં રહેતો સિદ્ધાર્થ સાથ આપવા આવી પ્હોંચતો. મારાથી આઠ વર્ષ નાનો પણ તેના લીધે હીંચકો મોડી રાત સુધી મોજમાં ઝૂલવા લાગ્યો હતો.

અગિયાર વાગ્યે મિ. રાય સાથે મિટિંગ અગાઉથી નક્કી થઇ ચૂકી હતી. દક્ષિણની સ્કલ્પચર કંપની સાથે અમારી કંપનીના કેટલાંક હિસ્સાનું જોડાણ કરવાનું હતું. ડ્રાઈવરને સૂચના આપી નિયત સ્થળે પહોંચવાથી લઇ બે-ત્રણ કલાકની રસાકસી ભરી મંત્રણાએ મને, લગભગ બીજું બધું ભુલાવી દીધુ હતું. બહાર નીકળતાની સાથે ફરી મગજ જયના નામે ધબક-ધબક થતું ધમધમવા માંડ્યું. ડિવોર્સ પેપર મોકલાવતી વખતે જ મેં જયને કહ્યું હતું : ‘‘જય આપણા બન્નેનાં રસ્તા, કોઈ સ્થળે ફંટાય તો તેમાં ખોટું શું છે? તું તારી રીતે જીવવા સ્વતંત્ર છે. હું પણ બહૂ હું એકલી નથી જીવી શકું તેમ. સિદ્ધાર્થ મને ગમે છે. એણે મારા ઘણાં બધાં અભાવો ભરી દીધા છે. તું પણ તને ગમતા પાત્ર સાથે જોડાઇ જજે. પ્લીઝ મને મારી ખુશી આપને.’’ કેટલાય કલાકો સુધી અમે ફોનમાં ઝગડતાં-સમજાવતાં રહ્યા. કદાચ દુબઈમાં તેના પણ એકલતા ભાંગતા વિરામ સ્થળો હશે, પણ કદાચ વિરામ સ્થળો જ. જ્યારે મારે માટે તો મારું નવું ધબકતું ઘર... મને સલામતી પણ જોઈતી હતી. મેં તેને અન્યાય કર્યો હતો. હું પ્રેમમાં પડી તેમાં તેનો શો દોષ? ઘણી વાર મન મને પ્રતિપ્રશ્ન કરતું હતું. પછી હું જ, મને કહેતી. મેં તો કેટલીયવાર તેને ફરી પરણવાનું કહ્યું છે. એકલું રહેવું તેની નિયતિ હોય તો તેમાં હું શું કરું?

એક અઠવાડિયા પછી તેનો ડિવોર્સ પેપર પર સહી કરેલો કાગળ મને મળી ગયો. સિદ્ધાર્થે વચન આપ્યું હતું કે મીનુને તે સગી દીકરીથી પણ વિશેષ સાચવશે. બસ, વિશેષ તો શું જોઈએ મારે? હું ને સિદ્ધાર્થ નવી જિંદગીથી જોડાયાં. ફરી રોમાન્સ-રોમાંચનો ગાળો મનમાં કેટલીય મોસમ ખીલાવતો આવ્યો. આંખોમાં ઉછાળતા આવેગોને ભીંસતું શ્વાસોનું સંગીત. અજબ ઉન્માદનો નશો દિવસોના દિવસો સુધી મારામાં છવાતો રહ્યો. જય એ બધાંની વચ્ચે મનમાં ટીસ જગાવતો પણ હું એ મનમાં જ દબાવી દેતી હતી. જય મારી કાલ હતો. આજ તો સિદ્ધાર્થ જ છે. અને સિદ્ધાર્થ સાથે જીવવાનો નિર્ણય મારો પોતાનો હતો. દુબઈથી તેના ફોન કેટલાં ઓછા થઇ ગયા હતા. મારે જીવવા માટે આવલંબન તો જોઈએ જ ને! એમાં મારો કોઈ વાંક નથી. અફસોસ કરવાની પણ કોઈ જરૂર નથી.

**જય પાસે હું અને મીનુ પાછા ફર્યા. જાણે માળો શોધવા ભટકતા બે પંખીને ફરી પોતાનો માળો મળી ગયો. મધુર કલરવતી સવારો હૂંફાળી રાત સુધી લંબાતી રહી. એનો ખળખળ વહેતો પ્રેમ મારા મનમાં અહર્નિશ ગુંજ્યા કરતો હતો.**

ઘરે પહોંચી ત્યારે દિવસ આથમવા લાગ્યો હતો. બારીનાં એક ખૂણામાં ત્રાસો તડકો વિખરાયેલો પડ્યો હતો. માઇ પાસે જઇ આવું. રશ્મિ, મા બન્ને કેટલાં હિજરાતાં હશે. પણ મને એ લોકો ઘરમાં આવવા દેશે ખરા? કદાચ ધક્કા મારીને પણ બહાર ભગાડે. મારી દીકરી, મારી દીકરી કહેતાં જેમની જીભ સૂકાતી નહોતી તે માઇ મને જોઈને ભડકી ઊઠતાં હતાં. લવારીએ ચડી જતાં હતાં. મારું ત્યાં ન જવાનું જ તેમની માટે વધારે શાતાદાયક હશે. આમ પણ જય છેલ્લે ક્યાં હતો. કેવું જીવતો હતો. મને ક્યાં ખબર પણ હતી. શરીરથી તો જય કાલે છૂટો પડ્યો. પણ અમે તો વર્ષોથી...

ચાર વર્ષ પછી જય દુબઈથી પાછો ફર્યો હોવાના સમાચાર ઊડતાં-ઊડતાં મળ્યાં તો હતાં. એ વખત મારાં માટે પણ કસોટીપૂર્ણ હતો. સિદ્ધાર્થ મીનુની સાથે બહુ જડતાથી વર્તતો હતો. મારું બધું ધ્યાન ફક્ત તેનામાં જ રહેવું જોઈએ, મીનુમાં નહિ. તેની બાલિશ જીદ, બેજવાબદારીભર્યું વર્તન દરરોજ મને હર્ટ કરતાં હતાં. ક્યારેક ઝગડાં, ક્યારેક રૂક્ષતા-મથામણો-દલીલોમાં પ્રેમ તો શોધ્યોય જડતો ન હતો. મે આર્કષણનું પૂર હતું તે ઓસરી જતાં ભરભર રેતીની દઝાડતી લૂ મને રૂવેંરૂવાંમાં જલાવતી હતી. જય શું ખોટો હતો, મને કેટલું ચાહતો હતો. પણ હવે ક્યાં મોઢે તેની પાસે જઉં? આવી જ મનોમંથનની સ્થિતિમાં તે અચાનક એક દિવસ રસ્તામાં ભટકાઇ ગયો. મીનુ

તો 'પપ્પા પપ્પા કરતા તેને ભેટી પડી અને તે મીનુને ચૂમતો જ રહ્યો. આંખમાંથી પ્રેમ, ખુશી એકલતાં પછીનો સહવાસ ટપકવાં લાગ્યો. હું ઝંકૃત થઈ ઊઠી. એકબીજાથી છૂટ્ટા પડવાની મથામણો કેટલી તકલાદી હતી તે તો મને ત્યારે જ સમજાયું. તેને જોતાં જ તેને વળગી પડવાની, કદી અળગાં જ ન થવાની ઈચ્છા થઈ આવી. છતાંય ઔપચારિક 'કેમ છે? કેમ નહિ' કહી અમે અલગ-અલગ રસ્તે ફંટાઇ ગયા હતાં. ઘરે સિદ્ધાર્થને પ્રેમ કરતા-કરતા પણ મનોમન સતત જય ઝંખ્યો. આમ પણ સિદ્ધાર્થ અને મારી વચ્ચે અંતર પણ વધતું જતું હતું. એટલે જ જયારે તેણે છુટ્ટા પડવાની વાત કરી ત્યારે મેં તરત જ સ્વીકારી લીધી અને અમે છુટ્ટા પડ્યાં. આજ સુધીના મારા નિર્ણયોની બાબતમાં એક વાત તો છે કે મેં ક્યારેય કોઈને પૂછીને નિર્ણયો નથી લીધા. મારા મને જ્યારે જે મને કહ્યું તે મેં કર્યું. એથી જ મારા સુખ કે દુઃખની સંપૂર્ણ જવાબદારી પણ મારી પોતાની જ હતી.

> રશ્મિ કહેતી કે તું લાંબી
> રાહ અસહ્ય તરફડાટ પછી
> એટલો નિરાશ થઈ ગયો હતો
> કે... તને ખબર છે રાતોની
> રાતો મેં ભયંકર એકલતામાં
> વીતાવી છે. સપનામાં તને
> શોધ્યા કર્યો છે. ભેટો ન
> કરાવતી તારી શોધ પછી હું
> ઝબકીને હીબકે ચડી જતી.

જયે અલગ થતી વખતે જ મને કહ્યું હતું કે ''મન થાય ત્યારે તું પાછી ફરી શકે છે, તારી હંમેશાં હું રાહ જોઈશ.''

જય પાસે હું અને મીનુ પાછા ફર્યા. જાણે માળો શોધવા ભટકતા બે પંખીને ફરી પોતાનો માળો મળી ગયો. મધુર કલરવતી સવારો હૂંફાળી રાત સુધી લંબાતી રહી. એનો ખળખળ વહેતો પ્રેમ મારા મનમાં અહર્નિશ ગુંજ્યા કરતો હતો. ભગવાને સુખ વર્ષાવ્યું હતું. હું તેમાં તરબોળ હતી પણ અતિસુખ પણ મનમાં ધીમે-ધીમે ગૂંગળામણ પેદા કરવાં લાગ્યું હતું. તેમાંય જયના સિદ્ધાર્થને લઈને મરાતાં ટોણા, તેની શંકાઓ, એકબીજાના અભાવો છ મહિનામાં તો એવો ઉથલો મારી આવી પહોંચ્યા હતાં કે લગલગાટ બે ત્રણ વર્ષ ઝગડવામાં, ઝગડાઓ પછીના પશ્ચાતાપોમાં, ફરી ઝગડવામાં ગયા. દૂરથી એકમેકને ચાહી શકતાં અમે બંને નજીક આવતાં જ એકમેકના ઈગોથી બળી જતાં હતાં. માનસિક છૂટાછેડા જેવી સ્થિતિમાં લાંબો સમય રહ્યા પછી નવા લીધેલા ફ્લેટમાં મીનુ સાથે જવાનું મેં નક્કી કરી લીધું. એ પછી મીનુની વર્ષગાંઠ, તેની પેરેન્ટ્સ મિટિંગ, પપ્પાની સાથે ફરવા જવાની તેની જીદ-ઔપચારિક રીતે અમને બંનેને ભેગા કરતી હતી. કદાચ તે મારો ખરાબ પતિ હોવા છતાં સારો મિત્ર હતો.

મોબાઈલમાં રિંગ વાગી ત્યારે જ મને ખબર પડી કે ખાસ્સૂં અંધારુ થઈ ગયું હતું. રજનીભાઈ, અમારા ફેમિલીફ્રેન્ડ હતા, કશાક સામાજિક પ્રસંગનું આમંત્રણ આપતા હતા. એકવાર તો થયું કે તેમને જયના ખબર આપવા જોઈએ પણ વાત કરવાનું ખાસ મન જ ન થયું. મને થયું આ અંધારામાં હું કેટલી એકલી! દૂર રહ્યે પણ તારું હોવાપણું ધરપત આપતું હતું જય! હવે તું ક્યારેય નહિ મળને? તું યે મરતી વખતે સાવ એકલો હતો, નહિ? શા માટે એકલો રહ્યો? મેં તને ક્યા બાંધ્યો હતો તો યે તે કેમ મને છોડી જ નહિ? આપણે સાથે રહેવાનાં કેટલા પ્રયત્ન કર્યા પણ ક્યાં રહી શક્યા? એવું જ હતું તો હમણાં મે ફરી સાથે રહેવાનું કહ્યું ત્યારે તે કેટલી જડતાથી ના કહી દીધી હતી. રશ્મિ કહેતી હતી કે તું લાંબી રાહ પછી અસહ્ય તરફડાટ પછી એટલો નિરાશ થઈ ગયો હતો કે... તને ખબર છે રાતોની રાતો મેં ભયંકર એકલતામાં વીતાવી છે. સપનામાં પણ તને શોધ્યા કર્યો છે. કદી ભેટો ન કરાવતી તારી શોધ પછી હું ઝબકીને હીબકે ચડી જતી હતી. પણ સાથે રહેવું તે જ પ્રેમ હોય તો આપણા સંબંધનું કોઈ નામ, મને મળતું નથી. એમ તો સિદ્ધાર્થ પછી પણ મારી દોડતી જિંદગીને થામવા બીજા બે પુરુષો પણ મારી જિંદગીમાં આવ્યાને ગયા પણ. હા એકલતાની સાથે એમની પાસેથી ભરપૂર દોલત, એશોઆરામ મળ્યાં ખરા! આજના આ બધા ઠાઠ છેલ્લે મારી જિંદગીમાં પ્રવેશનાર દિનેશ રાજારામને તો આભારી હતાં. ત્રણ વર્ષની લીવ-ઇને મને બે ફેક્ટરી એક સ્કલ્પચર કંપનીની માલિક બનાવી દીધી હતી. જે ભૌતિકતા માટે જય વર્ષોથી લગાતાર દોડી છું ને તે મળ્યા પછી ઉલટાનું વધારે ખાલી-ખાલી લાગે છે.

જેવું ઈચ્છયું હતું તેવું બધું મેળવ્યું પછી પણ મન કેમ ભરાતું નથી? અંદર ભર-ભર ભૂકો થતી વેદનાને હવે ક્યુ નામ આપવું? જય તારી જેમ મને પણ આ ભીડમાં ભૂંસાઇ જવું છે, ખોવાઇ જવું છે. માઈ છેલ્લે મળ્યાં હતાં ત્યારે મને જોઈ મોં ફેરવી લીધું હતું. હિમા, જય ધીમું ધીમું દરરોજ મરે છે. અને તું જ - તું જવાબદાર છે તે માટે... તેમનો અવાજ ટીંપાય છે મન પર.

મારા ગળામાંથી ચીસ આવીને અટકી જાય છે.

હું? ના... હૂં... નહિ... હૂં... **મ**



*લેખકની શરૂઆતની વાર્તાઓમાંની એક*

**૧૭ ગીતાપાર્ક સોસાયટી**
**નવી સિવિલ હોસ્પિ. પાછળ**
**ભરૂચ ૩૯૨ ૦૦૧**
**મો. ૯૯૭૮૮ ૩૬૩૦૪**
**chintanshah.highdefinition@gmail.com**

ચિંતન શાહ

# અર્ધી ચિરી

"ગુડ મોર્નિંગ એન્ડ હેપ્પી બર્થ ડે ડાર્લિંગ. ચાલો ઊઠો હવે ઊઠો! ખાટલાના એક તરફથી બંધ આંખે આરાધના તેની બાજુની પથારી સમક્ષ ફરી, પ્રેમથી કહે છે. સવારના ૭ વાગ્યે, રોજ પહેલા ઊઠી તેના પતિને પછી પ્રેમપૂર્વક ઉઠાડવાની એની ૧૧ વર્ષ જૂની ટેવ. આજે પણ ઉઠાડવાના પ્રયાસે તેણે હલકા હાથે તેના પતિ ચિરાયુની પથારી તપાસી. પણ તે પથારીમાં સૂતેલો નથી એમ જાણીને તેણે તરત જ આંખ ઊઘાડી. ત્યાં માત્ર ઓશીકાં પડ્યાં હતાં. ઘેનમાંથી હોંશ સંભાળતા તેણે આજુબાજુ જોયું. સામે ડ્રેસિંગ ટેબલ પર ચિરાયુ તૈયાર થઈને માથાના બચ્યા-કુચ્યા વાળ ઓળતો હતો. ૧૯૯૧ની સાલ છે, ડૉ. મોહનકાકાનો વિત્તમંત્રી ગાળો શરૂ થવા જઈ રહ્યો છે અને આજે ચિરાયુનો પાંત્રીસમો જન્મદિવસ છે.

"ચિરી, શું વાત છે, આજે આટલા વહેલા ઊઠી ગયા? સરસ... સરસ; હેપ્પી બર્થ ડે માય લવ," આરાધના ઊભી થઈ, થોડું નજીક આવતા પ્રેમથી બોલી.

"થેન્કસ ડાર્લિંગ. પણ આજે દિવસ હેપ્પી જશે એવું મને સ્હેજે લાગતું નથી," અરીસામાં ધ્યાન ભટકાવ્યા વિના તે બોલ્યો.

"આજે સપરમા દિવસે આવું શા માટે કહો છો? અને સવાર-સવારમાં આટલા તૈયાર થઈને કોઈ વોક ઉપર જતું હશે?"

"હું વોક પર નહિ પણ ઘર છોડીને બહાર જાઉં છું. જો પેલે ત્યાં, બેગ પણ ગોઠવી રાખી છે. ખબર પડી તને સ્હેજે. મે સવારમાં કેટલું બધું પેક કરી દીધું, તે પણ અવાજ કર્યા વગર." તે મંદ અવાજે બોલ્યો.

આરાધનાને ગભરામણ જેવું લાગ્યું. પહેલાં તો લાગ્યું કે મજાક કરતા હશે, પણ પછી તેણે જોયું કે સૂટકેસ પાસે પડેલો થેલો ખરેખર ભરેલો છે. એટલે ચિંતાપૂર્વક પૂછ્યું, "ચિરી, આવી મજાક કરાતા હશે! એકદમથી તમને ક્યાં ઉપડી કશે જવાની?" ચિરાયુ ઊભો થયો અને એક ઊંડો શ્વાસ લઈ બોલ્યો, "મૃત્યુથી દૂર, જીવવા!"

આ વાર્તા છે અર્ધી-ચિરીની; ચિરાયુ મારફતિયા અને આરાધના મારફતિયા. વડોદરામાં રહેતો ચિરાયુ નાનપણથી સમજદાર, ચાલાક અને વાક્છટા એવી કે ભલાભલાને આંજી નાખે. આ જ કારણે તે તેના નજીકના લોકોમાં ખૂબ વખાણતો. પણ એક દિવસ કંઈક અદ્ભૂત થયું. તેમના ઘરની પાસે રહેતા યજ્ઞેન્દ્રજી મહારાજ એકાએક પ્રખ્યાત થઈ ગયા.યજ્ઞેન્દ્રજી જ્યોતિષી જ્ઞાન ધરાવતા હતા અને લોકોના જન્માક્ષર કાઢી તેમનું ભવિષ્ય જણાવતા. ૨૦ વર્ષની વયે એન્જિનિયરિંગ ભણતા ચિરાયુને થયું કે તેમણે આવા જ્ઞાની વ્યક્તિ પાસે જઈને પૂછવું જોઈએ કે આખર માજરો શું છે. ચિરાયુ એપોઇન્ટમેન્ટ મેળવી મહારાજ પાસે જન્માક્ષરના આધારે ભવિષ્ય જાણવા પહોંચ્યો. મહારાજ તેની કુંડળી વાંચી એક પછી એક બોલ્વા લાગ્યા, "ચિરાયુભાઈ તમારું નામ રાશિ પ્રમાણે તો બરાબર છે પણ આમ તમને વધારે જામે એવું લાગતું નથી."

"એ મારી ફોઇ! મીન રાશિ સંભાળ્યું નથી કે એમના મોઢેથી ચિરાયુ નામ નીકળ્યું

કુંડળીમાં ચિરાયુભાઈ તમને
૧૭ અને ૩૫માં વર્ષે પાણીથી
ઘાત છે. ૧૭મા વર્ષે તમે બચી
ગયા, પણ મોતને ચકમો ફરી
આપવો અઘરો પડી શકે.
તમારી ચિર આયુ પાક્કી છે.
ધન લાભ છે. પ્રેમ વિવાહનો
શુક્ર પ્રબળ, નોકરીની અંદર
કીર્તિ હાંસલ થાય.

નથી. મારા પછી બીજા ત્રણ છોકરાઓના નામ તેમણે ચિરાયુ પાડી દીધા એમના ફળિયામાં. કેમ, પણ શું થયું મહારાજ?'' ચિરાયુ મહારાજના અવાજની ગંભીરતાને મોડેથી સમજી પૂછવા લાગ્યા.

''મને જણાવશો કે ત્રણ વર્ષ પહેલાં, ૧૭ની ઉંમરે તમારી સાથે કોઈ પાણીથી થતી દુર્ઘટના થઈ હતી?''

''એક મિનિટ... યાદ તો નથી એવું કંઈ ખાસ થયું હોય એવું.''

''થોડું વધુ યાદ કરી મને કહો કે કોઈ પ્રકારની ઉપાધિ થઈ હતી પાણીના કારણે? કોઈ આમ જાન લેવા અકસ્માત?''

''એ હા, યાદ આવ્યું. મારા બા રાતના સમયે ક્યારાના છોડમાં પાઈપથી પાણી પાતા હતાં. મને ખ્યાલ જ ન્હોતો કે જમીન પર પાઈપ છે અને હું આવતો હતો ઘરમાં. પાઈપમાં મારો પગ ગૂંચવાઈ ગયો અને હું પડ્યો ધમ્ કરીને. એટલો જોરથી પડ્યો હતો કે માથે ચાર ટાંકા, હાથે પાટો અને પૃષ્ઠની નસ ખેંચાઈ ગઈ હતી. એ રાત્રે પપ્પા બહુ ખીજાયા... બાને.''

''હા જોયું, લખ્યું જ છે અહીં તમારી કુંડળીમાં ચિરાયુભાઈ! તમને ૧૭ અને ૩૫માં વર્ષે પાણીથી ઘાત છે. ૧૭મા વર્ષે તો તમે બચી ગયા, પણ મોતને ચકમો ફરી આપવો અઘરો પડી શકે. તમારી ચિર આયુ પાક્કી છે. ધન લાભ ખૂબ છે. પ્રેમ વિવાહનો શુક્ર પ્રબળ, નોકરીની અંદર કીર્તિ હાંસલ થાય. પણ, પણ પાણીની ઘાત ખરી તમને ૩૫માં વર્ષે.''

'પણ મહારાજ, પાઈપને અને મોતને શું લાગેવળગે?''


''પાઈપમાં હતું પાણી. અને પાઈપના કારણે તું પડ્યો. ભગવાન તારા પર મહેરબાન હશે કે આ વખત તું બચી ગયો'', તેઓ મોઢું ફુલાવતા બોલ્યા.

''હેં, ખરેખરા! મહારાજ કંઈ થાય એમ નથી.''

''ઉપાય તો હજાર છે. સમયનું ચક્ર નિરંતર ચાલે છે. મોતનાં પાસાં પલટી શકાય છે. એક વિધિ છે. સાત હજારનો ખર્ચો થશે.''

''ના મહારાજ ઘરે કોઈ માનતું નથી આવા બધામાં. સાત હજાર કોણ આપવાનું! કોઈ બીજો ઉપાય છે?'', ચિરાયુએ ભાવતાલ શરૂ કર્યાં.

''બ્લૂ સફાયર એટલે કે નીલમની વીંટી, જમણા હાથની બીજી આંગળીમાં પહેરવી પડશે. શનિને શાંત કરવા. મારી પાસો છે. આંગળીના માપ અનુસાર કરાવી લેજો. માત્ર બે હજારની થશે.''



''બે હજાર? મહારાજ કોઈ બીજો ઉપાય ખરો?''

''બોટા મારી કનસલ્ટન્સી ફી છે ને તારી પાસે?''

''હા એ તો છે. તમે ઉપાય

જણાવો ને''

''તો જો બેટા, એમ કરાય, રોજ, તું જે ભગવાનને માને છે એમનું સ્મરણ કરી મૃત્યુંજયનો જાપ કર. અને ૩૫મા વર્ષે પાણીથી સાવચેત રહેજે. બહાર બેઠા બાબુને ફી આપી દેજે. આયુષ્યમાન ભવઃ''

''થેંક યુ મહારાજ. જઈ શ્રી કૃષ્ણ.''

તો આ બનાવ પછી બન્યુ એવું કે ચિરાયુને જયોતિષીઓ પરથી શ્રદ્ધા ઊઠી ગઈ. તેણે બનાવેલા ખોટા અકસ્માતને મહારાજે પાણીનો ભય પ્રકટ કરાવાનો અને વિધિના બહાને ધન મેળવવાનો પ્રયાસ કેટલો છળાવો છે. એ સાબિત કરી તેને અનેરો આનંદ મળ્યો. પણ છતાંય મનમાં ક્યાંક ને ક્યાંક એ વાત તો બેસી ગઈ હતી કે પાણી તેનું મોતનું કારણ બની શકે. ઘણા મહિનાઓ વીત્યા. એન્જિનિયરિંગના ચોથા વર્ષમાં તેમનો પરિચય આરાધના સાથે થયો. ડી.ડી.એલ.જે પિક્ચર જોવા સિનેમા ઘરની ટિકિટબારી પાસે લાઇન લાગી હતી. ચિરાયુ, આરાધનાની પાછળ ઊભો હતો. બે રૂપિયા છૂટા ન હોવાના કારણે આરાધના ટિકિટ વેચનાર સાથે ઝઘડવા લાગી. ચિરાયુ પણ ચીવટવાળો એટલે અનાયાસે જોડાયો. તેમ થતા તેઓ વચ્ચે નાનીસૂની ઓળખાણ થઈ. પિક્ચરમાં સીટ પણ પાસે આવાના કારણે વાત કરવાની તક મળી અને તેઓ પરસ્પરને થોડા-થોડા જાણતા થયા. સૌભાગ્યે એવું બન્યું કે આરાધના પણ ચોથા વર્ષમાં જ એની કોલેજમાં ભણતી હતી પણ તે કમ્પ્યૂટર એન્જિનિયરિંગ કરતી હતી એટલે એની સાથે કોલેજમાં મુલાકાત દુર્લભ હતી. પણ ઓળખાણ થયા બાદ મુલાકાતોનો દોર બેવડાયો.

ખૂબ જ ઝડપથી સમય વીત્યો અને બન્નેનું સ્નાતક પૂરું થયું. નોકરી મળતા પહેલા ચિરાયુએ છોકરી શોધી કાઢી હતી. ચિરાયુ હોંશિયાર અને કુશળ તો આરાધના રૂપાળી, મહેનતું અને પ્રેમાળ. આમ, બન્નેના શોખ એક સરખા અને બન્નેની પસંદ પણ સરખી. એકબીજાને એટલા પસંદ કરવા લાગ્યા કે સંબંધ મિત્રતાથી આગળ વધ્યો અને જીવન-મરણની કસમો સુધી પહોંચ્યો. ચિરાયુને નોકરી મળતા જ તેમણે ઘરે વાત ચલાવી અને કોઈ વિઘ્ન વિના તેઓના લગ્ન સંપન્ન થયા.

લગ્નના ઘણા વર્ષો પછી પણ તેમનો પ્રેમનો સુયોગ અતૂટ રહ્યો. તેમણે એકબીજાનું લાડકું નામ અર્ધી અને ચિરી પડ્યું. ચિરાયુ ખૂબ ચીવટથી ઘર ચલાવતો પણ તેણે ક્યારેય ધનનો અભાવ કે જરૂરી ખર્ચા ઉપર કાપ ન્હોતો મૂક્યો. તેમને એક પુત્ર થયો જેનો તેમણે ખૂબ પ્રેમ અને ધ્યાનપૂર્વક ઉછેર કર્યો.

થોડા વર્ષો બાદ યજ્ઞેન્દ્રજી મહારાજની બોલબાલા વધી. ચિરાયુએ આ વાતની નોંધ લીધી. તેણે પોતાની જિંદગી રિવાઇન્ડ કરી અને અનુભવ્યું કે હજી સુધી જે કંઈ પણ થતું આવ્યું છે તે મહારાજના કીધા પ્રમાણે જ થયું છે. અને થોડી તપાસ કર્યા પછી એને એ વાતની ય જાણ થઈ કે તે જ્યારે સત્તર વર્ષનો હતો ત્યારે ગંદા પાણીના કારણે તેની આસપાસના વિસ્તારમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો, પણ તેઓ સ્વચ્છ પાણીનો વપરાશ કરતા તેથી આ વાતને ધ્યાન બહાર કરી હતી. સમય જતા તેની ચિંતા વધતી ગઈ અને હસતી-દોડતી અને જિંદગી ધીમી પડતી ગઈ. આરાધનાએ તેના બદલાયેલા સ્વભાવની નોંધ લીધી હતી. પણ કૈક જોબ અંગે ચિંતા હશે એમ માનીને ક્યારેય ચર્ચા કરી ન હતી. ઘડિયાળ આજે ફરતી-ફરતી ચિરાયુના જન્મદિવસે આવીને અટકી છે.

''મોતથી દૂર! શું કહો છો મને કઈ સમજાતું નથી?'' ચિંતાતુર અવાજે આરાધના બોલી.

''તને મેં બહુ પહેલા યજ્ઞેન્દ્રજીવાળી વાત ન્હોતી કીધી! બસ એ વાતના સંદર્ભે મેં ઘણી વિચારણા કરી અને એક નિર્ણય લીધો જે આપણા લગ્નજીવનના અહિતમાં છે પણ મારા જીવનના હિતમાં છે. હું બધું છોડીને એક વર્ષ પૂરતું એવી જગ્યાએ વસવા જઈ રહ્યો છું જ્યાં મને પાણીના કારણે કોઈ ઘાત નહિં રહે. હું જાઉં છું નેપાળ, બુદ્ધ મઠમાં.''

''શું? તમારું મગજ ઠેકાણે છે ને? આવી લપ ક્યાંથી સુજી? તમે એ મહારાજના કહેવાથી પાણીથી દૂર ભાગો છો? હોતું હશે ક્યારે એવું જોયું છે? દુનિયા શું કહેશે! અને દુનિયાને કહેવું હોય એ, પણ અમારું શું?'' ખૂબ રોષથી એમણે પૂછ્યું.

''એવા-એવા બનાવ બની ગયા છે ને અર્ધી કે તું રહેવા જ દે. ભ લે આ સાંભળીને અંધશ્રદ્ધા જેવું લાગતું હોય પણ એક સમય એવો આવે જ્યારે જીવન વધારે સારું લાગે ભણતરથી મેળવેલા જ્ઞાન કરતા. ના સંજોગે હું મરી ગયો તો?''

''બોલશો જ નહિં એમ! હું નથી તમારી પાસે. તમને એવું જ હોય તો હું તમારો ખ્યાલ રાખીશ, આખું વર્ષ વીતે ત્યાં સુધી.

"બોલશો નહિં એમ! હું નથી તમારી પાસે. તમને એવું હોય તો હું તમારો ખ્યાલ રાખીશ, આખું વર્ષ વીતે ત્યાં સુધી. તમને નેપાળ જવાની શી જરૂર એમાં?" આરાધનાની આંસુધારા વહેવાની શરૂ થઈ ગઈ. ચિરાયુએ તેને બેસાડી સમજાવવાનું શરૂ કર્યું.

તમને નેપાળ જવાની શી જરૂર એમાં?'' આરાધનાની આંસુધારા વહેવાની શરૂ થઈ ગઈ. ચિરાયુએ તેને બેસાડી સમજાવવાનું શરૂ કર્યું.

''વહાલી, તને શું લાગે છે, મારે દૂર ભાગવું છે તારાથી. નજીક રહીને જીવવાના બધા ઉપાય અને સંભાવવાનું પૃથક્કરણ કરી ચૂક્યો છું. મહારાજને પણ પૂછી આવ્યો કે વિધિ કરવાથી પતતું હોય તો જણાવો. તેમણે કહ્યું કે ગ્રહોની સ્થિતિથી એવી જગ્યાએ આવી ગઈ છે કે વિધિ અને યજ્ઞ હવે કશું કરે એમ નથી. તે છતાં તેમની પાસેથી મેં આ નીલમની વીંટી લીધી છ હજારમાં. તેમણે કહ્યું કે દિવસ-રાત મૃત્યુંજયનો જપ કરવાથી હજી ફેર પડે એમ છે. એટલે આ ઘોંઘાટ અને કકળાટની જગ્યાથી દૂર જાઉં છું. મેં તપાસી જોયું તો ખબર પડી કે નેપાળમાં લેખનથ કરીને શહેર છે, જ્યાં ક્યારેય કોઈ કુદરતી આપત્તિ આવી નથી. ખૂબજ શાંત અને નિર્મળ વાતાવરણ છે ત્યાંનું. વર્ષ કાઢીશ હું ત્યાંના મઠમાં.''

''અર્ધી, બી પ્રેક્ટીકલ... આખું વરસ દીકરો ભણ્યા વગર રહેશે? એના ભણતરનો ભોગ ન લેવાય એટલે તો હું એકલો જાઉં છું. અને આમ પણ ત્યાં મઠમાં સ્ત્રી પ્રવેશની મનાઈ હોય. જો, સંભાળ હવે, મેં બચત ખાતામાં બે લાખ રાખ્યા છે.

''આટલું બધું સ્વાર્થીપણું? અમે પણ આવીશું સાથે તમારી. દીકરાને કહું છું આ બાબતે. તમે એકલા નહીં જાઓ.''

''અર્ધી, બી પ્રેક્ટીકલ... આખું વરસ દીકરો ભણ્યા વગર રહેશે? એના ભણતરનો ભોગ ન લેવાય એટલે તો હું એકલો જાઉં છું. અને આમ પણ ત્યાં મઠમાં સ્ત્રી પ્રવેશની મનાઈ હોય. જો, સંભાળ હવે, મેં બચત ખાતામાં બે લાખ રાખ્યા છે. પેલી ચિઠ્ઠીમાં બેંકની બધી જ વિગતો છે. સાથે-સાથે પી.એફમાં ચાર લાખ છે. કોઈ ઉપાધી આવે એમાં જરૂર પડે તો ચાલી રહે, એના માટે. ભાવવધારો તો ખૂબ જ છે, પણ છતાં મારી ગણત્રી હિસાબે તમને આથી વધુ જરૂર નહિં પડે.''

''એ બધું તો ઠીક. પણ હું શું કરીશ આખું વર્ષ! સીતાજી મહેલમાં અને રામજીનો વનવાસ. આ કેવી રામાયણ ચિરી! હું જીવીશ કેમ તમારા વિના એ તો વિચારો!''

''અહીં રહીને હું મારી ગયો તો? આખી જિંદગી એકલી રહેવા કરતા તો સારું ઓપ્શન છે ને આ!''

''આવું ના હોય ચિરી! લોકોને શું કહીશ હું! કેમની જીવીશ હું તમારા વિના!''

''કહેજે વર્ષ બહાર કામસર ગયા છે. પાછા ફરતા નેપાળી ચોકલેટ લેતો આવીશ એટલે બધા માની જશે. અને અર્ધી હું વર્ષે પાછો ચોક્કસ આવીશ. પછી તને છોડીને કશે નહિં જાઉં, સ્વર્ગમાં પણ નહિં.''

''પાછા આવીને કરશો શું તમે? નોકરી થોડી પછી મળશે! કશે તડજોડ કરી સસ્તી નોકરી મળશે.''

''એ ના, હું નોકરી નહિં કરું. નલિન સાથે વાત થઈ ગઈ છે. એના ધંધે લાગી જઈશ. ભાઈઓ શું કામના! અને નલીન પાસે લાયક નોકરું નહિં હોય તો તારા પપ્પાનું કારખાનું તો છે જ ને. ત્યાં કામ કરી લઈશ.''

''એટલું બધું વિચારી બેઠા છો તમે! તો પછી મારે તમને રોકવાનો મતલબ જ શું? જાઓ તમે જીવી આવો. પણ એટલું યાદ રાખજો કે હું આ આખું વર્ષ તમારા વિના પળ-પળ મરતી રહીશ.''

''એવું ના બોલ અર્ધી. હું તને કંઈ નહિ થવા દઉં. પણ પહેલા મને કંઈ ન થાય એ માટે...''

''હા જાઓ. ફ્લાઇટ હશે ને?''

''હા. અલવિદા અર્ધી''

''આવજો... તમારા જીવન માટે હું પણ પ્રાર્થના કરીશ.''

આ વાર્તાલાપ પછી થોડું ઈમોશનલ ડ્રામા ચાલ્યું. ચિરી ગયો મોતથી દૂર અને અર્ધી ખરેખર અડધી થઈ ગઈ. જેમ તેમ દિવસો પસાર કરતી. થોડા વખત સુધી ચિરીના પત્રો મળ્યા, પણ પછી ઘણા સમય સુધી પત્ર ના આવ્યો એ જ સમયે યજ્ઞેન્દ્રજીનું કોઈ કૌભાંડ બહાર આવ્યું. વર્ષ પૂરું થવાને બે અઠવાડિયા બાકી હતા ત્યારે સ્વામી આનંદમય નામે પત્ર આવ્યો.

''પ્રિય અર્ધી. હું જાણું છું કે હું તમારા બધાનો દોષી છું. સૌથી વધારે તારો. પણ આ પગલા પછી તો તમે મને માફ કરશો એવી આશા જ નથી. મેં આ જીવનથી સંન્યાસ લઈને મઠમાં સેવા આપવાનો નિર્ણય લીધો છે. અહીં આવ્યા પછી મને આત્મજ્ઞાન આવ્યું કે જીવન-મરણના ડરથી ઊંચું છે ભગવાનનું સ્મરણ. તે માટે હું આ માયાની દુનિયા ત્યાગું છું. જમવામાં ફળ આરોગું છું. અહીંના સફરજન ખૂબ મીઠાં છે. સફરજનની જ્યારે અડધી ચીરી કરું ત્યારે તું યાદ આવે. પોતાનો ખ્યાલ રાખજે.''

ચિરાયુ મરી ગયો અને સ્વામી આનંદમયનો જન્મ થયો. આરાધનાએ તેના વિના જીવવાનું શીખી લીધું અને પોતાની સ્નાતક પદવીનો ઉપયોગ કરી લેક્ચરર તરીકે નોકરી કરતી રહી. અને આખરે થયું એમ કે આરધાનાએ સફરજન ખાવાના છોડી દીધા જેથી આખી ચીરી કે અડધી ચીરીનો વિષય જ ન આવે. **મ**



મારુ અસલ નામ નિકિતાકુમારી પરમાર છે, પરંતુ લેખનના ક્ષેત્રમાં હું 'નિકી રાજુ' ઉપનામથી લખુ છું. રાજુ એ મારી માતાનું નામ છે જેની સાથે પ્રેમ અને ગુસ્સાની ઉત્કટ લાગણી મેં વહેંચી છે. મારું કોઈ પુસ્તક પ્રગટ થયેલ નથી. ગાંધીનગરની સરકારી શાળામાં ભાષાશિક્ષક તરીકે ફરજ બજાવું છું.

**બ્લોક નં -૧૫૯/૨ 'ચ'**
**ટાઇપ સેક્ટર-૭ ગાંધીનગર**
**મો. ૦૮૮૬૬૩ ૭૨૧૭૮**
**૦૯૪૨૬૩ ૪૮૯૮૨**
**priynikee@gmail.com**

નિકી રાજુ

# ચોરચપાટી અને ભ્રષ્ટાચાર

જિજ્ઞાસાવૃત્તિ, કુતુહલવૃત્તિ દરેક મનુષ્યમાં વત્તાઓછા અંશે રહેલી જ હોય છે અને એમાંય એ મનુષ્ય પત્રકાર હોય એટલે તો પછી વાત જ શું પૂછવી!

શાલિની સોનપરા-અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં પોતાનો બંગલો ધરાવતી પચ્ચીસ વર્ષીય બ્રેઇન વીથ બ્યુટી! થોડા વર્ષો પહેલા ભૂકંપ આવ્યો અને શાલિની આ દુનિયામાં એકલી થઈ ગઈ હતી. પોતે ગોવા પ્રવાસમાં ગઈ હતી ત્યારે જ ભૂકંપ આવ્યો. શાલિનીના કાકા-કાકી, મમ્મી-પપ્પા અને તેનો નાનકડો ભાઈ તેને બે ઘર, બે કાર અને વતનના ગામનાં ત્રણ ખેતરો સાથે એકલી છોડીને કાકાના શિખર એપાર્ટમેન્ટ સાથે ધરાશાયી થઈ ગયા હતાં.

ચારેક વર્ષ પહેલા એક નાનકડા મેગેઝીનમાં ટ્રેઇની તરીકે સંઘર્ષ કરતી શાલિની હવે એક ન્યૂઝચેનલમાં ચીફ રીપોર્ટર તરીકે કામ કરતી હતી. ઈન્ટરવ્યું આપનાર કે માહિતી આપનાર કોઈપણ વ્યક્તિ ઈચ્છવા છતાં શાલિનીથી કશું જ છુપાવી ન શકતો. શાલિની ચબરાકીભર્યા પ્રશ્નો પુછી માહિતી કઢાવવામાં, ચહેરા પરની રેખાઓ વાંચવામાં અને મૌનને માપવામાં 'માસ્ટર' હતી.

અને આજે આ માસ્ટર મેડમ શહેરને છેવાડે આવેલા ગણપતિદાદાના મંદિરના ઓટલા પર બેસીને ભીખ માંગતી ચીંથરેહાલ સ્ત્રીને જોઈને મૂંઝાયા હતા.

આ એ જ સ્ત્રી હતી જેણે ત્રણ વર્ષ પહેલા પોતે શી રીતે 'બિઝનેસ' શરૂ કર્યો એની ઉત્સાહસભર થઈને નિખાલસતાથી ચર્ચા કરી હતી. એના મોંઘાદાટ કપડા અને વૈભવી સ્ટાઈલ જોઈને શાલિની પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

એ જ સ્ત્રી આજે મંદિરના ઓટલે ચીંથરેહાલ થઈને ભીખ માંગવા બેઠી હતી. આથી જ શાલિનીને જિજ્ઞાસા થઈ આવી. આ વીતેલા ત્રણ વર્ષોની એની 'પ્રગતિ' વિશે જાણવાની!

મંદિરમાં જઈને શ્રી ગણેશજીને ઝટપટ નમન કરીને શાલિની બહાર આવી. ઓટલા પર બેઠેલી તે ભિખારી સ્ત્રી અન્ય ભિખારીઓથી અલગ તરી આવતી હતી. તેનુ સ્પષ્ટ કારણ હતું. અન્ય ભિખારીઓ ઉછળી ઉછળીને એકસરખા ડાયલોગ બોલીને આર્શિવાદ આપતા ભીખ માંગતા હતા જ્યારે આ સ્ત્રી ચૂપચાપ નિસ્તેજ નયને નીચી નજર રાખીને બેઠી હતી.

એક સમયે પોતાના બિઝનેસમાં હોશિયાર અને ચબરાક એવી આ સ્ત્રી ભીખ માંગવાનો ધંધો હજુ શીખી ન હોય અને તાજી જ ભિખારણ બનીને 'બેગીંગ બિઝનેસ'માં આવી હોય એવુ શાલિનીએ અનુમાન લગાવ્યું. શાલિનીએ તેનુ નામ યાદ કરવા પ્રયત્ન કર્યો અને તેને યાદ પણ આવી ગયું.

'ઓહ્ ચંપાબહેન... અહીં ક્યાંથી? આ સ્થિતિમાં?!' શાલિનીએ અવાજમાં બને તેટલી કોમળતા અને અનુકંપા લાવવા પ્રયાસ કર્યો.

જાણે ઘણા વર્ષો પછી પોતાનું નામ સાંભળ્યુ હોય એમ પેલી સ્ત્રીની આંખોમાં થોડી ચમક આવી. નિષ્પલક નજરે તે શાલિની સામે જોઈ રહી પરંતુ તેણે કોઈ પ્રત્યુત્તર આપ્યો નહિ પણ શાલિની કંઈ હાર માને એવી નહોતી. તેણે ફરીથી ઓળખાણ કાઢવા

પ્રયત્ન કર્યો.
'ચંપાબહેન... યાદ છે...' ત્યાં જ 'ચંપાબહેન'ની બાજુમાં બેઠેલી ભિખારણ બોલી,
'અરરર... બુન... આ તો મુંગી સ... છેલ્લા એક વરહથી આય બેહે હે પણ કાંઈ બોલી નથ... તમેં... તમેં ઈના હગા (સગા) થાવ?'
શાલિનીનુ મગજ ચકરાઈ ગયું. ત્રણ વર્ષ પહેલાની એ મુલાકાત, આ મુંગીનું બોલકાપણુ, પોતાના ટૂંકા સવાલોના તેણે આપેલા લાંબાલચક જવાબો-એ બધુ તેની નજર સામે તરવરી ઊઠ્યું,

✷ ✷ ✷

શાલિની ખાનગી મેગેઝિનમાં હવે ટ્રેઈનીમાંથી રિપોર્ટર બની ગઈ હતી. આઠમી માર્ચનો 'મહિલાદિન' નજીક આવી રહ્યો હતો. શહેરની નામાંકિત બિઝનેસવુમન, વિવિધક્ષેત્રે નામ મેળવેલી સ્ત્રીઓ, સંઘર્ષ કરતી સ્ત્રીઓ વગેરે વિશે માહિતી એકઠી કરવાનું કાર્ય શાલિની કરી રહી હતી.
એક દિવસ શાલિની બેંકમાંથી પગાર ઉપાડીને બહાર આવી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તેના પર્સને કોઈએ અડ્યુ છે તેણે પર્સ જોયુ તો તેમાં બ્લેડ વડે ચીરો મૂકાયો હતો. શાલિનીએ તરત જ સમયની ગણતરી કરી. છેલ્લી મિનિટોમાં તેની આસપાસમાં કોઈ જ નહોતુ સિવાય કે એક ચાલીસેક વર્ષની સ્ત્રી.
તેણે લાઈટ યલો રંગના ચુડીદાર-કમીઝ પહેર્યા હતા. ગળામાં સોનાની ચેઈન, કાનમાં સોનાની બુટ્ટીઓ અને દેખાવ પણ સજ્જન મહિલાને છાજે તેવો હતો. શાલિનીએ તેને ચાલતી જતી જોઈ. શાલિની ઝડપથી તેની પાછળ દોડી. દોડવાનો અવાજ સંભળાતા જ તે સ્ત્રી પાસેની એક ગલીમાં ઝડપથી વળી ગઈ. શાલિની હવે ઝડપથી દોડવા લાગી. ગલીમાં જઈને પેલી સ્ત્રી પણ દોડવા લાગી. ગલીમાં દોડપકડ રમીને એ સ્ત્રી ટ્રાફિકથી ભરેલા રોડ પર આવી ગઈ.
શાલિનીએ કસરત વડે શરીરને સારુ એવુ કેળવ્યું હતું. ખૂબ ઝડપથી દોડીને આખરે શાલિનીએ તે સ્ત્રીને પકડી પાડી. શાલિની સાથે તેણે થોડી ઝપાઝપી કરી.
બે સ્ત્રીઓને જાહેર રસ્તા પર મારામારી કરતી જોઈને ત્યાં ઊભેલા ટ્રાફિક પોલિસમેન દોડી આવ્યા.
બપોરનો સમય હતો એટલે ટ્રાફિક નહિવત્ હતો. પરંતુ પોલિસને જોઈને શાલિનીએ વાતને તરત વાળી લીધી. અને પેલી સ્ત્રી તેની મિત્ર હોય તેમ તેની સામે જોઈને સ્મિત કરવા લાગી. ટ્રાફિક પોલિસ સમાધાન થઈ ગયું છે એમ વિચારીને ચાલ્યા ગયા.
શાલિનીના આ વ્યવહારથી પેલી સ્ત્રીને અચરજ થયું. તે કઈ બોલે તે પહેલા જ શાલિની બોલી,
'જુઓ મેડમ, મારા પર્સમાં જેટલા રૂપિયા હતા એનાંથી બે ગણા રૂપિયાના ઘરેણા તમેં ઠઠાડ્યા છે, દેખાવે તો તમે ચોર લાગતા નથી. મામલો શું છે?''
'હું તને શા માટે કહું?' ચંપા કતરાતી નજરે શાલિની સામે જોઈને બોલી.
શાલિનીનો મળતાવડો સ્વભાવ કોઈની પણ પાસેથી માહિતી કઢાવવામાં તેને હંમેશાં ઉપયોગી થતો હતો જે આ સમયે પણ ઉપયોગી નીવડ્યો.
શાલિનીએ સ્મિત કર્યું અને બોલી,
'હું પત્રકાર છું પછી તેણે મોં ફુંગરાવ્યુ અને બોલી, 'વિશ્વ મહિલા દિન નજીક આવે છે અને મારી બેડલાઈન એવી ડેડલાઈન પણ નજીક આવે છે. ચોક્કસ સમયમાં મારે માહિતી લખીને આપવાની છે પણ લખેલા લખાણથી મને સંતોષ નથી. તમારા જેવી ઘણી ધનિક સ્ત્રીઓને આવો સ્ટીલિંગ મેનિયા-ચોરી કરવાની આદત હોય છે. શોપિંગમોલમાંથી સેફટીપીનનું બોક્સ ઉઠાવી લેવાનું, શાકભાજીવાળાની નજર ચૂકવીને એકાદ ટમેટુ કે બટાટુ સગેવગે કરી લેવાનું, ચાન્સ મળે તો કોઈના પર્સ પર બ્લેડ વડે ચીરો પાડી લેવાનો...'
છેલ્લા શબ્દો પર ભાર મૂકીને શાલિનીએ તે સ્ત્રી સામે આંખો મિચકારી અને પછી ઉમેર્યું,
'એટલે... આમાં તમારો કોઈ વાંક નથી. આ એક પ્રકારનો મેનિયા છે એટલે જ તો મેં તમને પોલિસને ન પકડાવી દીધા. જુઓ, મારે તમારા વિશે જાણવુ છે. તમે કહેશો તો હુ તમારુ ક્યાંય નામ નહીં લખુ પણ તમારે મને સાચેસાચી માહિતી આપવી પડશે.'
શાલિનીની આટલી વાતનો પેલી સ્ત્રીને વિશ્વાસ થયો છતાંય તે બોલી,
'ઓકે, પણ તારે પહેલા મને પ્રોમીસ આપવુ પડશે કે મારુ નામઠામ તું ક્યાંય નહીં લખે.'
'પ્રોમીસ' શાલિની સસ્મિત બોલી.
અને આટલી ટૂંકી ઓળખાણમાં ચંપાને શાલિની પર એવો વિશ્વાસ આવી ગયો કે તે શાલિનીને તેના ઘરે લઈ ગઈ.

✷ ✷ ✷

અમદાવાદની એક ગંદી ચાલી! ચાલીમાં ઝૂંપડપટ્ટી! બે માણસોએ એકસાથે ચાલવુ હોય તો આડા ચાલવુ પડે એવો સાંકડો રસ્તો અને એ રસ્તા પર ચંપાનું ઘર!
થોડીવારમાં તેઓ ચંપાના ઘરે પહોંચી ગયા. બહારથી ખંડેર જેવુ ચંપાનુ ઘર, જેની બહારની દિવાલો ચોમાસાના વરસાદી પાણીથી લીલયુક્ત થઈને લીલી અને કાળી થઈ ગઈ હતી પરંતુ અંદર...
ગુલાની ઓઈલપેઈન્ટથી ધોળાવેલુ ઘર, એલસીડી ટીવી, કમ્પ્યૂટર અને એરકુલર જોઈને શાલિની દંગ રહી ગઈ. તેને જોઈને ચંપા બોલી,
'આશ્ચર્ય થાય છે ને?! મારું નામ ચંપા વારાણી. મૂળ તો મારો શાકભાજી વેંચવાનો ધંધો હતો પણ હવે એ પાર્ટટાઈમ બિઝનેસ થઈ ગયો છે, માત્ર નામ પૂરતો!
બાકી ફુલટાઈમ બિઝનેસ... ચોરી કરુ છું. મને કહેવામાં

કોઈ શરમ નથી કે હું ચોરપટ્ટી છું. મંદિરના ઓટલેથી સારા મજાના બ્રાન્ડેડ સેન્ડલની ચોરીથી માંડીને અત્યંત પૈસાદારના લગ્નપ્રસંગમાં ઘૂસીને ચાંલ્લાની થેલી પણ તફડાવેલી છે પણ ક્યારેય પકડાઈ નથી. આજે પહેલીવાર તે પકડી પાડી.

મારો વર શાકભાજીની લારી ચલાવતો દારૂ પી પીને વહેલો મરી ગયો. એક દીકરો છે જે હજુ બારમા ધોરણમાં ભણે છે. શાકભાજી લેવા આવતી શેઠાણીઓ બે રૂપિયા માટે પણ રકઝક કરે અને સુપરમોલમાં ઉઘાડી લૂંટ થતી હોય તોય નખ્ખોદિયા સેલ્સમેનોના પ્લાસ્ટિકીયા સ્મિતથી ખુશ થઈને કેટલાય રૂપિયા વધારાના આપી દે.

એકવાર એક સાંઈઠ વર્ષનો દાદો શાકભાજી લેવા આવ્યો. એ ચોરી કરવામાં એક્કો હતો. ધીમે ધીમે રોજ આવતો થયો. પરિચય વધ્યો અને એણે મને એની સાથે કામ કરવા કહ્યું.

હું ઘડીભર મૂંઝાઈ. પ્રામાણિકતા, નૈતિકતા, સદાચાર વગેરે બધુ થોડુઘણુ નાનપણમાં વાંચેલુ એ યાદ આવી ગયુ અને પછી નજર સામે અચાનક મનિયો-મારો દીકરો આવી ગયો. મારે એને સરકારી નોકરીએ લગાડવો છે એટલે પછી હુ તો દાદા સાથે જોડાઈ ગઈ.

દાદાએ તો મને પહેલા પાકી ટ્રેઈનીંગ આપી. મારે એમને ખબર ન પડે એમ એમનુ પાકિટ તફડાવી લેવાનુ, ખિસ્સુ શી રીતે કાપવાનું, બ્લેડ શી રીતે મારવાની, સજ્જન હોવાનો દેખાવ શી રીતે કરવાનો, કદાચ પકડાઈ જઈએ તો શારીરિક અને માનસિક રીતે સ્વબચાવ શી રીતે કરવાનો- એ બધુ દાદાએ શીખવ્યું.

તમને ઉજળા લોકોને આ બધુ ખૂબ ખરાબ લાગતુ હશે પણ દાદા તો મારા ભગવાન છે, ગુરૂ છે. દાદાની ટ્રેનિંગ લઈને પછી તો ચોરીના બિઝનેસમાં હું ખૂબ આગળ વધી. અત્યાર સુધીમાં મેં નાની મોટી લગભગ પાંચસોથીય વધુ ચોરીઓ કરી હશે. મને આ ચોરીના બિઝનેસમાં ખરેખર ગમે છે કારણ કે હવે હું અને મારો મનિયો મોંઘી હોટલમાં ખાવા જઈ શકીએ છીએ, સારા કપડા પહેરી શકીએ છીએ. મને પટાવવા પ્રયત્ન કરતાં જાનવર જેવાં પુરુષને હુ ઝાપટ મારી શકુ છું, કારણ કે મારી પાસે પૈસો છે. આ પૈસાથી કાલ સવારે મારા મનિયાને નોકરી મળશે-સરકારી નોકરી અને પછી - હું મારો બિઝનેસ સંકેલી લઈશ.

અરે હા... એકવાત તો કહેવાની જ રહી ગઈ! મારા ધંધાનો મેં સિદ્ધાંત રાખ્યો છે કે પૈસાદારોના જ પૈસા અને વસ્તુઓ તફડાવવી, મોટા મોટા મોલમાં, શો-રૂમમાં જ ચોરી કરવી. નાના જીવો-દુકાનદારો, ગરીબોને બક્ષી દેવા!

પૈસાદારોના દરિયામાંથી ડોલ ભરી લઉં તો ચાલે પણ સામાન્ય લોકોનો લોટો છીનવી લઉં તો ગણપતિબાપા મને કદી ય માફ ન કરે.'

✷✷✷

આટલુ કહીને ચંપા તેના ઓરડામાં લગાવેલા બે ફૂટ મોટા ગણપતિદાદાના પોસ્ટર સામે વિચિત્ર રીતે પગે લાગી. ફોટા પરના શ્રી ગણેશના કપાળ પર લાલ કંકુના થર જામ્યા હતા. કદાચ ચંપા રોજ શ્રી ગણેશને તિલક કરતી હશે.

ઘરમાં રૂમ ફ્રેશનરની સરસ સુગંધ આવતી હતી. ફર્શ પર માર્બલ જડેલો હતો. કોઈ વિચારી પણ ન શકે કે આવી ઝૂંપડપટ્ટીમાં આવુ સુંદર ઘર હોઈ શકે.

શાલિનીને આ બધુ જોવાની અને ચંપાની વાતો સાંભળવાની મજા પડી ગઈ. ચંપાએ શાલિનીને ફ્રિઝમાંથી આઈસક્રીમ કાઢીને આપ્યો. હવે શાલિનીનો બોલવાનો વારો હતો. તે બોલી, 'ચંપાબહેન, તમે કરેલી વાતોમાં ક્યાંય તમારુ નામ નહીં આવે. તમને શુભેચ્છા કે તમારા મનિયાને જલદી નોકરી મળે જેથી તમેં આ ધંધો સમેટી લો' કહીને શાલિનીએ વિદાય લીધી. શાલિની ચંપાના ઘરમાંથી બહાર નીકળી ત્યારે ત્રણે સ્વર્ગમાંથી નરકમાં પહોંચી ગઈ હોય એવો તેને અનુભવ થયો.

ઝૂંપડપટ્ટી, ગંદી ખુલ્લી ઉભરાતી ગટરો, ગંદી ગાળો બોલતા સ્ત્રીપુરુષ અને મેલાઘેલા ફરતા, ઉકરડા ખુંદતા બાળકો અને એમાંય રસ્તા પર હમણા જ પડેલા વરસાદને કારણે ઉત્પન્ન થયેલો કાદવ... ઉફ! એ ચાલીમાંથી બહાર નીકળતા શાલિનીના નાકે દમ આવી ગયો.

મેઈન રોડ પર આવીને શાલિની હસી પડી. ચંપાનું ઘર સ્વર્ગ હતું, ઘર બહારનો માહોલ નર્ક હતો. નર્ક વચ્ચે સ્વર્ગ! અને આ સ્વર્ગ અને નર્કની સફર કરીને હવે શાલિની સોનપરા સુંદર મજાની વાસ્તવિક ધરતી પર આવી પહોંચી હતી. સીટી બસ આવી. શાલિની તેમાં ઠેકડો મારીને ચડી ગઈ.

✷✷✷

શાલિની ભૂતકાળમાંથી પાછી આવી. આ એ જ ચંપા હતી. પરંતુ મૂંગી?! આ મૂંગી ચંપા હતી - થઈ ગઈ હશે પરંતુ બહેરી તો નહોતી જ!

શાલિનીમાં થોડુ ધુનીપણુ હતું. જ્યારે તેને કોઈ જિજ્ઞાસાવૃત્તિ ઉત્પન્ન થતી ત્યારે તેનામાં રહેલો પત્રકાર નામનો ભુવો ધુણવા લાગતો અને તે ક્રિસ્ટોફર મારલોવના 'ડો. ફોસ્ટસ' જેવી જ્ઞાનપિપાસા અનુભવતી. તેને ચંપાની આ વર્તમાનસ્થિતિ પાછળનું કારણ જાણવું હતું.

તે હવે સાત ભિખારીઓની હરોળમાં ચંપાની બાજુમાં બેઠી હતી. જતા આવતા ભક્તો તેને જીન્સકેપ્રી અને લાલ સ્લીવલેસ ટી-શર્ટ પહેરેલી આધુનિક ભિખારણ સમજતા હોય એમ વિચિત્ર નજરે તેની સામે જોઈને ચાલ્યા જતા. પરંતુ શાલિની વ્યસ્ત હતી ચંપાપુરાણ બોલવામાં!

શાલિની ચંપાની સામે જોઈને તેને એ જ વાતો કહી રહી હતી જે ક્યારેક ચંપાએ શાલિનીને એના સ્વર્ગસમાન ઘરમાં કરી હતી. શાલિનીને કોઈપણ રીતે વીતેલા વર્ષોનો હિસાબ મેળવવો હતો. શાલિનીએ ચંપાપુરાણ પૂરુ કર્યું પરંતુ માત્ર મનિયાના નામના ઉલ્લેખ વખતે તેણે સહેજ મોં ઊંચુ કર્યું અને વિચિત્ર રીતે શાલિની સામે જોઈ રહી. શાલિનીએ એને

બોલાવવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ ચંપા કશુ જ બોલી નહીં.

'જુઓ, તમે ચાલો મારી સાથે!' શાલિનીએ કોમળ સ્વરે વિનંતી કરીને ચંપાનો હાથ પકડી લીધો. ચંપા પણ જાણે અદૃશ્ય શક્તિ તેને ખેંચતી હોય એમ વિરોધ વગર દોરાઈ.

શાલિનીએ પાર્કિંગમાંથી કાર બહાર કાઢી. ચંપાને અંદર બેસાડી. રસ્તામાંથી નવા સલવાર કમીઝ અપાવ્યા, તેના વાળ ઓળાવ્યા અને રેસ્ટોરન્ટમાં નાસ્તો કરાવ્યો. અને ચંપાને પોતાના ઘરે લઈ આવી.

શાલિની કુટુંબના ભૂકંપમાં થયેલા ગોઝારા મૃત્યુ પછી શાલિની એકલી જ રહેતી હતી. સ્વબચાવ માટે કરાટે શીખી હતી. પોતાની પાસે પરવાનાવાળી પિસ્તોલ પણ રાખતી. સ્વમાનથી એકલી અલ્લડ થઈને જીવતી હતી.

હવે તે નવા મહેમાનને લઈ આવી હતી. ચંપાને તે માનસિક સ્વસ્થ કરવા પ્રયાસો કરવા લાગી. ચંપાને તે મનોચિકિત્સક પાસે લઈ ગઈ, તેના નર્ક વચ્ચે રહેલા સ્વર્ગ સમાન જૂના ઘરે પણ લઈ ગઈ જે અત્યારે ઉજ્જડ ખંડેર જેવુ બની ગયુ હતું. જ્યાં-ત્યાં કરોળિયાના જાળા બાઝી ગયા હતા. શ્રી ગણેશના ફોટા પર કંકુના થર તો હતા જ પરંતુ હવે એના પર ધૂળના થર પણ જામ્યા હતા.

બધા જ પ્રયત્નો કરવા છતાં પણ ચંપા કશુ જ બોલતી નહોતી.

શાલિની બહાર જતી ત્યારે ચંપાને ઘરમાં પૂરીને તાળુ મારીને જતી. ચંપા શાંત હતી. ક્યારેય કજીયો નહોતી કરતી. ચૂપચાપ જમી લેતી. ભૂખ લાગે તો ફ્રીજ ખોલીને જે મળે તે ખાઈ લેતી અને બેસી રહેતી.

પરંતુ શાલિનીએ હાર ન માની. ચંપાની હાજરીથી શાલિનીને હવે સારુ લાગતું હતું. ઘરમાં તેના સિવાય પણ કોઈક છે એ બાબત તેને ખુશ કરતી હતી. આખરે એ દિવસ આવી પહોંચ્યો જેની શાલિનીને પ્રતિક્ષા હતી.

છવ્વીસમી જાન્યુઆરી! શાલિની ન ઇચ્છવા છતા મમ્મી-પપ્પા, કાકા-કાકી અને ભાઈના ફોટા સામે જોઈને રડી પડી. કુદરતે કુટુંબ છીનવી લઈને તેને મકાન, ગાડી અને બેંકબેલેન્સનો વારસો આપીને અમીર બનાવી દીધી હતી. પરંતુ પોતાના કુટુંબને ગુમાવીને તે લાગણીની દૃષ્ટિએ સાવ 'ગરીબ' બની ગઈ હતી. તે રડી રહી હતી. તેનુ રૂદન જોઈને એક બીજો ભૂકંપ આવ્યો જેને લાવવા શાલિની છેલ્લા કેટલાય દિવસોથી પ્રયત્ન કરતી હતી. ચંપા મોટેથી બુમો પાડવા લાગી, રડવા લાગી અને ચંપાએ મનિયાપુરાણ શરૂ કર્યું.

✷✷✷

'મનિયાને ખૂબ સમજાવ્યો, પટાવ્યો પણ મુઓ ન જ ભણ્યો એટલે કલાર્કમાં ન લાગી શક્યો અને એટલે છેવટે પટ્ટાવાળામાં લગાડ્યો. એક સાહેબને પુરા બે લાખ રૂપિયા આપ્યા ત્યારે પેલા નાણામંત્રી હરિપ્રસાદ પલાણિયાની ઓફિસમાં નોકરીએ લગાડ્યો.

નાણામંત્રીનું નામ સાંભળતા જ શાલિની ચમકી કારણ કે હરિપ્રસાદ એવો ઇન્સાન હતો કે તેનામાં ભાગ્યે જ કોઈ અવગુણની કમી જોવા મળે. તેના પર બે ખૂનકેસ પણ ચાલી રહ્યા હતા. અન્ડરવર્લ્ડ સાથેય તેની ઓળખાણ હતી. કન્યા કેળવણીના કરોડો રૂપિયાની તેણે ઉચાપત કરી હતી પરંતુ સજ્જડ પુરાવાઓને અભાવે કોઈ તેની વિરુદ્ધ કશુ જ બોલી શકતુ નહોતું.

✷✷✷

'મનિયાને સારી નોકરી મળી ગઈ. મોટા મંત્રીને ત્યાં એણે કામ કરવાનુ હતુ એટલે એણે સારા મોબાઇલની માગણી કરી. એણે કહ્યુ એ મોડલ મેં જોઈ લીધુ અને શોપિંગમોલમાં એક શેઠિયાને પકડીને મારા રૂપના જોરે અને ચોખ્ખી ભાષા વાપરીને એને શીશામાં ઉતારીને દસ મિનિટમાં એનો મોબાઇલ તફડાવી લીધો.

સાંજ તો મોબાઇલ જોઈને મનિયો ખુશખુશાલ થઈ ગયો. મને ઊંચકીને નાચવા લાગ્યો.'

આટલુ બોલીને ચંપા જાણે અત્યારે મનિયાએ તેને ઊંચકી લીધી હોય અને નાચતો હોય એમ મોટેમોટેથી હસી પડી. શાલિની તેને જોઈ રહી.

✷✷✷

'મે વિચાર્યું કે કેમેરાવાળો નવો નવો ફોન છે, જુવાન છોકરુ છે એટલે ભલે ખુશ થતો પણ મને ખબર હોત તો હુ ક્યારેય... ક્યારેય એ મોબાઇલ તફડાવત નહીં, ક્યારેય મનિયાને મોબાઇલ ન આપત. મનિયો ચાલાકી કરવા ગયો અને જીવ ખોયો. મનિયાએ કેમેરાવાળો મોબાઇલ માંગ્યો અને શુ કર્યું ખબર છે ? ખબર છે?'

ચંપા મોટેથી બૂમો પાડવા લાગી.

''એણે હરિપ્રસાદના રાજકારણને, તેના કારનામાઓને, ભ્રષ્ટાચારને કેમેરામાં કેદ કરી લીધા અને એક દિવસ હરિપ્રસાદને આની જાણ થઈ ગઈ.

પછી હરિપ્રસાદના મળતિયાઓ અમારા ઘરે આવવા લાગ્યા, અમને ધમકાવતા અને પછી... પછી... એક દિવસ મને સમાચાર મળ્યા કે મનિયાએ કેનાલમાં પડીને આત્મહત્યા કરી લીધી છે.

મારા મનિયો! હુ ઓળખુ છુ એને! એની માં છું. મારુ લોહી છે એ! જરૂર પડે તો કોઈને મારી નાખે પણ જાણીજોઈને મરી જાય, આત્મહત્યા કરે એ વાતમા માલ જ નથી!

પછી હરિપ્રસાદના માણસો આવ્યા. આખુ ઘર ફેંદી નાખ્યું. આખરે ગાદલા નીચેથી તેમને ઘણીબધી સીડીઓ મળી આવી. અંદરના ઓરડામાંથી કોમ્પ્યૂટર ઉઠાવીને મારી સામે ખંધુ હસીને એ લોકો ચાલ્યા ગયા.

✷✷✷

ચંપા રડી રહી હતી. શાલિની તેને ભેટી પડી અને તેના આંસુ લૂછ્યા અને તેણે ઓપરેશન 'મનિયા-મર્ડર' શરૂ કરી

દીધું.

મામલો ગંભીર હતો. હરિપ્રસાદ વિરુદ્ધ નાનકડા પુરાવાનો તણખો પણ ખૂબ મોટી અગનજ્વાળા જેવુ કામ કરવાનો હતો, પરંતુ મહત્ત્વનો પ્રશ્ન જ એ હતો કે પુરાવો શોધવો શી રીતે?! શાલિનીએ દટાયેલા મૂળિયા ખૂબ સીફતપૂર્વક ઉખાડવાના હતા.

હરિપ્રસાદના માણસો ચંપાના ઘરેથી મુદ્દામાલ લઈ ગયા હતા છતા શાલિનીએ ફરીથી ઘરમાં તપાસ કરી, મનિયાના મિત્રોને મળી પરંતુ અથાગ પ્રયત્નોનું પરિણામ આવ્યું-શૂન્ય!

પરંતુ શાલિની નિરાશ થાય એમ નહોતી. છેવટે એ ફરીથી ચંપાના ઘરે ગઈ. તેણે ઘરનો એક એક ખૂણો તપાસવાનું નક્કી કર્યું.

તિજોરી, રસોડુ, રસોડાની અભેરાઈઓ, સ્ટીલની બરણીઓ, જુના છાપાઓની પસ્તી પણ તેણે ચીવટથી એક એક છાપુ જુદુ કરીને તપાસ્યું. છેવટે થાકીને તે પલાંઠી વાળીને ફર્શ પર બેઠી. અચાનક તેની નજર માળિયા પર પડી. માળિયાની તલાશી લેવાની બાકી હતી. શાલિની ટીપોઈ લઈ આવી, ટીપોઈ પર ટેબલ મૂક્યુ અને માળિયા પર ચડી.

લોખંડનો થોડો ભંગાર અને જૂના કપડાઓ ભરેલુ એક પોટલુ ત્યાં પડ્યુ હતું. શાલિનીએ એ પોટલામાંથી એક પછી એક કપડા બહાર કાઢ્યા. તેના હાથમાં એક જૂનો પુરાણો ઓવરકોટ આવ્યો. તેના ખિસ્સા તપાસતા જ તેની આંખોમાં ચમક આવી ગઈ. ઓવરકોટના મોટા ખિસ્સામાં નવ સીડીઓનો થપ્પો હતો અને સાથે એક પત્ર પણ!

શાલિની આ બધા સંપેતરા ઘરે લઈ આવી. સૌથી પહેલુ કામ તેણે પત્ર વાંચવાનુ કર્યું. મનિયાના અક્ષરો ખરાબ હતા પરંતુ વાંચી શકાય તેવા હતાં.

'મને હંમેશા સાહસભરી જિંદગી જોઈતી હતી, પરંતુ એ ક્યારેય ન મળી એટલે છેવટે મેં એ મેળવી લીધી. હરિપ્રસાદના ભ્રષ્ટાચાર વિશે મેં ઘણુ સાંભળ્યું હતુ એટલે એને ત્યાં જ પટ્ટાવાળાની નોકરીમાં ઘૂસી ગયો. શરૂઆતમાં મેં મોબાઈલના કેમેરાથી કામ ચલાવ્યુ અને પછી તો મને ફાવટ આવતા મેં હરિપ્રસાદની ઓફિસમાં ટ્યુબલાઈટ નીચે એક બટન જેવો નાનકડો કેમેરો ફીટ કરી દીધો. અને મારુ કામ આસાન થઈ ગયું.

હવે હરિપ્રસાદને મારા આ પરાક્રમની જાણ થઈ ગઈ છે અને મને લાગે છે કે એ કાંઈ પણ કરી શકે છે - મારુ ખૂન પણ! એટલે જ આ ત્રણે સીડીઓની ત્રણ કોપી કરાવીને અહીં મૂકું છુ. મોતથી સતત બચીને મારે જિંદગી જીવવાની છે એટલે જ આ સાહસપૂર્ણ જિંદગી હવે મને અર્થપૂર્ણ લાગે છે.

**લિ. મનિલ વારાણી**

✷✷✷

હવે શાલિનીએ કમ્પ્યૂટર ચાલુ કર્યું. અને એક પછી એક સીડી જોઈ. તે જોઈને શાલિની આશ્ચર્યચકિત થઈ ગઈ.

મનિલે કમાલનુ કામ કર્યું હતું. કેટલાક દશ્યોમાં હરિપ્રસાદ લાંચ માંગતા હતા તો કેટલાકમાં રાત્રે કંઈ 'છોકરી' આવશે એની બીજા મંત્રી સાથે ચર્ચા કરતા નિર્લજ્જતાથી હસી રહ્યા હતા. કન્યાકેળવણી કાર્યક્રમ થકી કરોડો રૂપિયા તેઓએ શી રીતે ચાંઉ કર્યા તે આ સીડી થકી કોઈપણ સમજી શકે તે સ્પષ્ટ હતું. 'કન્યાકેળવણી' 'કૌભાંડ' ખૂબ ગાંઝ્યુ હતુ પણ ગાંઝ્યા મેહ પુરાવાના અભાવે વરસી શક્યા નહોતા જે હવે પુર આવે એટલે હદે વરસવાના હતા. હરિપ્રસાદ અને મળતિયાઓ મનિલને મારી નાખીને પેલી ત્રણ સીડીઓ મળી જવાથી બધુ જ ભીનુ સમેટાઈ ગયુ છે એમ માનીને બેઠા હતા એ તમામની ધોતી હવે ખૂલી જવાની હતી.

✷✷✷

'માય વોઇઝ' ચેનલ પર બ્રેકિંગ ન્યૂઝ આવી રહ્યા હતા. સ્ક્રીલબાર પર પટ્ટી ફરી રહી હતી.

'ઓપરેશન મનિયા-મર્ડર, શિક્ષણમંત્રી મોત માટે જવાબદાર, શિક્ષણમંત્રીના કાળા કરતુતો...'

શાલિની સોનપરા આત્મવિશ્વાસભર્યા અવાજે શિક્ષણમંત્રી બની બેઠેલા હરિપ્રસાદની પોલ ખોલી રહી હતી.

કન્યાકેળવણી, સેક્સસ્કેન્ડલ, ભ્રષ્ટાચાર, શકુનિને ય ટપી જાય એવી કુટીલનીતિ ધરાવતા હરિપ્રસાદનું રાક્ષસી હાસ્ય... શાલિની એક પછી એક વીડિયો-ક્લીપિંગ્સ પ્રગટ કરી રહી હતી અને ત્યાં સુધી કે મનિયાનો પત્ર અને દોઢ વર્ષ પહેલાના સમાચાર-'કેનાલમાં તરતી અજાણ્યા યુવાનની લાશ'ના ફાઇલ દશ્યો પણ તેણે શોધીને પ્રગટ કર્યા હતા.

સર્વત્ર સનસનાટી મચી ગઈ. અનેક બચવાના પ્રયાસો છતા સર્વત્ર દબાણ વધતા હરિપ્રસાદનુ રાજીનામુ આપવા ફરજ પડાઈ અને તેને જેલમાં પૂરી દેવાયો.


✷✷✷

માત્ર જિજ્ઞાસાવૃત્તિથી કરાયેલુ કાર્ય આટલુ મહત્ત્વપૂર્ણ હશે અને વાતાવરણમાં આટલો મોટો બદલાવ લાવશે એ શાલિનીએ ક્યારેય વિચાર્યું જ નહોતું. શાલિનીને એ જ વર્ષે 'બેસ્ટ ફિમેલ જર્નાલિસ્ટ'નો એવોર્ડ અપાયો. અને એ જ વર્ષે શાલિનીએ એક મમ્મી દત્તક લીધી - ચંપા વામાણી!

આ ચંપા હવે નોકરાણી પસંદ કરતી વખતે વટથી બોલે છે,

'એક વાત સમજી લે, અમે ભલે પૈસાદાર હોઈએ, મારી બેબી ભલે ખૂબ કમાતી હોય પણ તો ય તું ચોરીછૂપીથી જો એક ચમચી પણ તફડાવવા પ્રયત્ન કરીશ તો તારા ટાંટીયા ભાંગી નાખીશ. ગાંધીબાપુ કહેતા હતા કે ચોરી કરવી એ પાપ છે.'

આ સાંભળીને શાલિની હસી પડતી. તમે વાંચક અત્યારે હસી રહ્યા છો એમ જ! **મ**



વ્યવસાયે ઇલેક્ટ્રિકલ એન્જિનીયર/ મેનેજર, હાલ નિવૃત્ત અને અગિયાર વર્ષથી ડલાસ-ટેક્સાસ નજીક સ્થાયી વસવાટ. છેલ્લા છ એક વરસથી ગુજરાતીમાં પોતાની બ્લોગ-ડાયરી પર લેખન. પાંચ ઇ-બુક બનાવેલ છે અને પોતાના બ્લોગ પર મૂકેલ છે. કશું કશેય પ્રકાશિત થયેલ નથી. 'ઇશ્વરનો જન્મ' મારા પોતાના બ્લોગ પર પ્રકાશિત.


***3201, Silver Point***
***Ct, Mansfield,***
***TX-76063, USA***
***Phone – (817)-453-4759***
***sbjani2006@gmail.com***


## સુરેશ જાની

# ઈશ્વરનો જન્મ

ગીચ જંગલમાં, ઝાડની એક ડાળી પર, સાંજના ધુંધળા ઉજાસમાં મનુ ફસાયેલો પડ્યો હતો. આખી બપોર તે એક હરણના શિકાર માટે તેની પાછળ દોડતો રહ્યો હતો. આમ તો જો કે તે નિશાન તરફ પથ્થર ફેંકવામાં પાવરધો હતો; પણ આ હરણ તેનાથી વધારે ચપળ હતું. મનુનાં બધાં નિશાન તેણે ચૂકવી દીધાં હતાં અને મનુની કમર પરની ચામડાની કોથળીમાં સંઘરેલા બધા પથ્થર પણ ખલાસ થઈ ગયા હતા. ઘાસ અને ઝાડીથી ભરેલી જંગલની જમીન પરથી તે બીજા પથ્થર વીણી લે, એટલી વારમાં તો એ ચાલાક હરણું ગીચ ઝાડીઓની પાછળ રફુચક્કર થઈ ગયું હતું.

મનુ ગુફાવાસી હતો. તેની બે પત્નીઓ અને પાંચ બાળકો સાથે જંગલના એક કોરાણે આવેલા પર્વતની ગુફામાં એ રહેતો હતો. બીજાં કુટુમ્બો પણ આજુબાજુની ગુફાઓમાં રહેતાં હતાં. શિકાર કરવો અને ઝાડ પરથી ફળો અને સુકા મેવા પાડવા; આ બે પર જ એમનો ગુજારો થતો. આમ તો બધા પુરુષો સાથે જ શિકાર માટે સવારે નીકળી પડતા. પણ તે દિવસે મનુ તેમનાથી અનાયાસ વિખૂટો પડી ગયો હતો. આ કમબખ્ત હરણનો પીછો એક ધ્યાનથી કરવામાં આમ બન્યું હતું.

ઝાડીઓમાં તે હરણની ભાળ મેળવતાં મેળવતાં, તેને બે લીલી ચળકતી આંખો દેખાણી. તેની ચાલાક આંખોને સમજતાં વાર ન લાગી કે કોઈક જંગલી અને માંસાહારી જાનવર તેની તરફ ધ્યાનથી તાકી રહ્યું હતું. અને મનુ ભાગવાનો વિચાર કરે તે પહેલાં જ એક જોરાવર વાઘ ઝાડીમાંથી તેની તરફ લપકયો. અને લો ! શિકારીનો જ શિકાર થઈ જવાની નોબત બજી!

બીજી તરફની ખુલ્લી જમીન પર મનુ એની બધી તાકાત ભેળી કરી, મૂઠીઓ વાળીને



ભાગ્યો. એ વાઘે તેનો પુર ઝડપે પીછો કર્યો. મનુને ખબર પડી ગઈ કે, તેનાથી એ વાઘ કરતાં વધારે ઝડપથી દોડી શકાય તેમ ન હતું અને થોડી જ વારમાં વાઘ તેનો કોળિયો કરી જશે.

મનુને તરત જ સૂઝયું કે, પોતે ઝાડ પર ચઢી જાય, તો જ મોતના આ સાક્ષાત્ પીછામાંથી બચી શકે. તે નજીકના એક ઝાડ તરફ ગાંડાની માફક દોડ્યો અને ઠીક ઠીક ઊંચે પણ ચઢી ગયો. પણ વાઘે ઊંચા થઈને એક થપાટ તો મારી જ લીધી અને તેના ઘૂંટણને ચીરી નાંખ્યો. મનુ અત્યંત પીડામાં ચીસ પાડી ઊઠ્યો. તેના ડાબા પગમાંથી દડ, દડ, દડ લોહી નીતરતું હોવા છતાં; બધી તાકાત ભેળી કરીને વાઘ તેને પકડી ન શકે એટલી ઊંચાઈએ તો તે ચઢી જ ગયો. તેને લાગ્યું કે તે બેભાન થઈ જશે. પણ તેણે ઊંડો શ્વાસ લઈ, દાંત ભીડી, તેના બન્ને હાથે ઝાડની એક ડાળી સાથે બાથ ભીડેલી રાખી.

અને આ જ સ્થિતિમાં તે સખત હાંફતો પડ્યો રહ્યો. વાઘ તેના નીચે પડી જવાની રાહ જોતો, ઝાડની નીચે જ ઊભો રહ્યો. લાગ જોઇને અને થોડી કળ વળતાં, તે થોડો વધારે ઊંચે, સલામત જગ્યાએ ચઢી ગયો. વાઘને બદલે દીપડો હોત તો તો તે કયારનોય મરણ શરણ થઈ ગયો હોત, તે વિચારે તેને પોતાનું નસીબ કાંઈક સારું લાગ્યું.

આમ ને આમ કલાકે'ક વીતી ગયો. સૂરજ ક્ષિતિજની પાર જવા માંડ્યો અને અંધારું ઘેરાવા લાગ્યું. નીચે વાઘ પણ દેખાતો બંધ થઈ ગયો. અને આ જ સમે તેને કયાંક બાજુમાંથી એક સિસકારો સંભળાયો. સાવ આછા પ્રકાશમાં તેને બાજુમાંથી કાંઈક સળવળાટ થતો જણાયો. કશુંક લીસું તેને સ્પર્શીને સરકી રહ્યું હતું. કાળોતરો નાગ તો નથી ને ? ભયનું એક લખલખું તેના શરીરમાં ફરી વળ્યું. તેણે ચૂંચી નજર કરીને આજુબાજુ જોઈ લીધું. સદ્ભાગ્યે એક વેલો તેની સાવ નજીકમાં લબડતો હતો. તેણે બધું બળ એકઠું કરી તેને પકડી, ગાંડા વાંદરાની જેમ હીચ્યો. જુની આવડતથી તે ઝાડની બીજી ડાળી પર આવી પહોંચ્યો અને મરજીવાની જેમ, વેલો છોડી તે ડાળી તેણે પકડી લીધી. તે માંડ માંડ નીચે પડવામાંથી બચ્યો. તેના ડાબા પગમાં જબરદસ્ત સણકારો તો થયો જ, પણ એની તરફ લક્ષ્ય આપવાનું તેને પોસાય તેમ કયાં હતું?

અને આ ડાળી ઉપર જ મનુ અમાસની એ કાજળ કાળી રાતમાં પડેલો રહ્યો. આખા દિવસના ભૂખ અને સખત પરિશ્રમને કારણે તેના પેટમાં તો વિણાંચુટાં થતાં હતાં. દૂર ક્ષિતિજમાં કાળાં ડિબાંગ વાદળો ઘેરાયેલાં હતાં. તે વધારે ને વધારે ઘનઘોર થવા લાગ્યાં અને છેવટે ઝરમર ઝરમર ટીપાં પડવાની શરૂઆત પણ થઈ ગઈ. થોડી વારમાં જ તો હળવી બુંદો અને પછી તો બારે મેઘ મુશળધાર તૂટી પડ્યા. તે બરાબર લથપથ થઈ ગયો હતો અને અશકિતમાં કણસતો હતો. શિયાળાની તે નિષ્ઠુર રાતે ઠંડો, જલ્લાદ જેવો પવન પણ તીણા સૂસવાટા મારતો, તેના શરીરને આરપાર વીંધી નાંખતો હતો. તેની કાયા ઠંડી અને ભયના કારણે થરથર ધ્રૂજતી હતી. આટલું અધૂરું હોય તેમ, તેને બીજા ભયની કલ્પના થવા લાગી કે આ દુશ્મન વરસાદે ગુફામાં સલામત પાછા ફરવાના જંગલમાં રસ્તે છોડેલાં બધાં જ સગડ ધોઈ નાંખ્યાં હશે. અને વળી સાંજની આ ભયાવહ ઘટનામાં ગુફા તરફની દિશાનો અંદાજો તો તે કયારનોય ગુમાવી ચૂકયો હતો!

મનુને લાગ્યું કે, તેનું મરણ હવે નિશ્ચિત છે. તે શબની જેમ ડાળી પર જેમ તેમ લટકેલી દશામાં પડ્યો રહ્યો. આ અવસ્થામાં તેની આંખો કયારે મીંચાઈ ગઈ, તેની તેને ખબર જ ન પડી. તેની આ દયામણી નિયતિમાં, પોતાના જીવનના કરૂણ અંતના સપનાની ભયાવહ દુનિયામાં તે ખોવાઈ ગયો. મોંમાંથી ભયાનક આગ અને ઝેર ઓકતા, ઊડતા ડ્રેગનોએ તેને ચારે તરફથી ઘેરી લીધો હતો. ભયની પરાકાષ્ઠાની તીવ્ર લાગણી સિવાય કશું જ તેના હોવાપણામાં બાકી રહ્યું ન હતું.

તેની આવી અવસ્થા કંઈ કેટલાય સમય માટે ચાલુ રહી. એવી જાગ્રત-અજાગ્રત અવસ્થામાં જ કયાંકથી વહેલી સવાર સળવળાટ કરવા લાગી. ઘેરાં વાદળો તો કયારનાંય સમેટાઈ ગયાં હતાં. રહ્યાં સહ્યાં વાદળોની આડશમાંથી, દૂર દૂરથી સૂર્યનાં પહેલાં કિરણો અંધકારનાં અંચળાને હળુ હળુ સમેટવા લાગ્યાં. ઉષાના એ ઝાંખા ઉજાશમાં તેના શબવત્ શરીરમાંથી તેની પાંપણો, જીવનના રહ્યા સહ્યા અસ્તિત્વને ઝંકૃત કરતી ખૂલી. ન કશો વિચાર, ભય કે મૃત્યુની કોઈ લાગણી પણ હવે બચી હતી. જીવન અને મૃત્યુની વચ્ચેની એ કોઈક અણજાણ અવસ્થા હતી. તેની ખુલ્લી આંખો શૂન્યવત્ બનીને આકાશના ઝાંખા ઉજાશને તાકી રહી અને એમાં ધીમે ધીમે વધુ ને વધુ પ્રકાશ પ્રવેશતો રહ્યો.

ઝાડની ડાળીઓની આડશમાંથી તેણે દૂર દૂર કાળા આકાશમાં વાદળો આકાર લેતાં જોયા. ધીમે ધીમે તેને તેનો આકાર દેખાવા માંડ્યો. એનો રંગ પણ ધીમે ધીમે બદલાવા માંડ્યો. પહેલાં થોડોક રાખોડી, પછી આછો પીળો, પછી હળવો કેસરી, પછી ઘેરો કેસરી, પછી લાલાશ પડતો અને છેવટે અંગાર જેવા લાલ રંગોમાં વાદળો રંગાયા. આ લાલચોળ વાદળોને વીંધીને એમની વચ્ચેથી સૂર્યનાં પ્રથમ કિરણો તેની સમક્ષ આવી ઊભા. કોઈ મહાન અસ્તિત્વની વિશાળ અને લાલચોળ આંખ ઉભરાવા માંડી. તેનું સમગ્ર હોવાપણું એક ઊંડી એકલતામાંથી આળસ મરડીને અંગડાવા લાગ્યું. હળુ-હળુ તેના શરીરમાં જીવનનો આછો-પાતળો સંચાર થવા લાગ્યો. કશાય આકાર કે રૂપ વિનાનું, અજાણ્યું અને અતિ વિશાળ હોવાપણું તેના સમસ્ત હોવાપણાને ઘેરી વળ્યું હોય તેવી અનુભૂતિ તેને થવા માંડી. એ લાલચોળ આંખમાંથી સૂર્યનાં સોનેરી કિરણો રેલાવા માંડ્યાં. તે જાણે કે, એને કાંઈક કહી રહ્યાં હતાં. એનો એ ગુપ્ત સંદેશ તેનું જાગૃત મન ઝીલી શકે તેવા કોઈ જાણીતા શબ્દ કે ઈશારા વિનાનો હતો. એ સંદેશની તો તેનું હોવાપણું માત્ર અનુભૂતિ જ કરી શકે તેમ હતું - કોઈ સમજણ તો નહીં જ.

આ સાવ નવા નક્કોર અનુભવથી તેના રોમે રોમમાં કોઈક અજાણી ઝણઝણાટી થઈ આવી. અને આ નૂતન અનુભૂતિના

આવિર્ભાવે તેની જીવંતતા પણ ધીમેથી સંચાર કરતી સળવળવા લાગતી હોય તેમ તેને લાગવા માંડ્યું. તે અ-હોવાપણામાંથી હોવાપણામાં ધીમાં પગરવ પાડી રહ્યો હતો. તેનાં અંગ-પ્રત્યંગ ધીમે ધીમે જાગૃત થવા માંડ્યાં અને નૂતન જીવનના પગરણ તે અનુભવી રહ્યો. તેના પગનો દુખાવો અને પીડા આશ્ચર્યજનક રીતે ઓછાં થઈ ગયાં હતાં. મનુ ધીમે ધીમે ડાળ પરથી નીચે ઊતરવા લાગ્યો. છેવટે થડ પરથી સરકીને જમીન પર આવીને ઊભો અને કોઈ ઈચ્છા વગર, દિશાના કોઈ ભાન વગર કે તે શોધવાની કોઈ આકાંક્ષા વગર ચાલવા લાગ્યો.

કોઈક અજાણી તાકાત તેને ચાલવા અને ચાલતા જ રહેવા માટે લાલાયિત કરી રહી હતી. હવે સૂર્ય તો ઊંચો આવી ગયો હતો અને પેલા અજ્ઞાત હોવાપણાની મહાકાય આંખ પણ અદશ્ય થઈ ગઈ હતી. બધાં વાદળોને વાયરો વાળી ગયો હતો. પ્રગલ્ભ અને તરોતાજા સવારમાં તે ક્યાં જઈ રહ્યો હતો ; તેના કોઈ ભાન વગર, કેવળ આનંદની પરાકાષ્ઠાના અપ્રતિમ ભાવમાં તે બસ ખેંચાઈ રહ્યો હતો. અપાર શાંતિ અને સમાધિની અનુભૂતિમાં કોઈ અજાણ બળ વડે તે દોરાઈ રહ્યો હતો. તેની આજુબાજુની સૃષ્ટિનું તેને કશું જ ભાન ન હતું, અથવા એનો એને માટે કોઈ અર્થ ન હતો.


ધીમે ધીમે તેની સમાધિ-સ્થિતિ ઓસરવા માંડી. તેને આજુબાજુનું પર્યાવરણ પરિચિત લાગવા માંડ્યું. ઝાડ, પાન, ઘાસ, પાષાણ, ધીમે ધીમે તેને જાણીતાં લાગવા માંડ્યાં. તેને હવે સમજાયું કે તે પોતાના જૂના અને જાણીતા નિવાસસ્થાનની નજીક સરકી રહ્યો છે. તેની ગુફા દૂરથી દેખાઈ રહી હતી. ડાબો પગ સહેજ લંગડાતો હોવા છતાં, આનંદના અતિરેકમાં હવે તે દોડવા લાગ્યો.

થોડા જ વખતમાં મનુ તેના આપ્તજનો વચ્ચે ઘેરાઈ ગયો. તેની વહાલી પત્નીઓ અને તેનાં બાળકો; તેના સાથીઓ અને પાડોશીઓ વિંટળાઈ વળ્યાં. આનંદની કિલકારીઓ, વહાલની બાથો, ખોરાક અને પાણીની વચ્ચે તે પોતાના ગઈ બપોર પછીના અનુભવો વર્ણવવા લાગ્યો. ભાવી સાથેની તેની મૂઠભેડ અને તેમાંથી તેના ચમત્કારિક ઉગારની અજાયબ વાતો તેના મુખથી ઊતરવા લાગી. પણ મનુના માનસમાં એ પ્રલયકારી પળોની વિશાળ અને લાલચોળ આંખ સતત ડોકાતી રહી.

તે ઘટના આકારહીન, રૂપહીન, અજાણી હોવા છતાં મનુએ તેનો આભાર માન્યો. તે જ દિવ્ય અને સોનેરી આંખે તેને નવજીવન બક્ષ્યું હતું અને તેને હેમ-ખેમ ઉગારી, સ્વજનો વચ્ચે ગુફા ભેગો કર્યો હતો. મનુએ તેને 'ઈશ્વર' કહ્યો.

ત્યારે જ ઈશ્વરનો જન્મ થયો અને ત્યારથી જ માનવ મનમાં તે હરહંમેશ વસતો રહ્યો છે. **મ**


મમતા વાર્તામાસિક



આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક

## મમતાનું વાર્ષિક લવાજમ
## ભારતમાં રૂા. ૨૦૦ (૧૨ અંક)

**Mamata Monthly, 977/2, Sector 7C, Opp. Pathika Bus Depot, Gandhinagar - 382007.**

**હવે પછી મનીઓર્ડરથી લવાજમ સ્વીકારાશે નહીં**

**લવાજમ સીધું બેન્કમાં ભરી શકાય છે. "Mamata Monthly" a/c no. 202020110000306 Bank of India, Gandhinagar 382 016 IFSC BKID 0002020 આ ફોર્મ ભરી મોકલવાનું સરનામું:**

'મમતા'નું વાર્ષિક (૧૨ અંક)નું લવાજમ રૂ. ૨૦૦/- ચેક/ડી.ડી નં. ____________ દ્વારા આ સાથે મોકલું છું / અથવા તા.____________ ના રોજ 'મમતા વાર્તામાસિક'ના ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે 'મમતા' મોકલશો.

ગ્રાહકનું નામ ____________

વ્યવસાય (સ્વૈચ્છિક) ____________

ફોન ____________ મોબાઈલ ____________

સરનામું ____________

____________

____________ પિન કોડ ____________

# છાયાછબીલી વાર્તા / **શોધ**

‘ખબરદાર જો શે’રનું નોમેય લીધુ સતો...’ ગુસ્સાથી ધ્રૂજતી બાના શબ્દો શૈલેશને યાદ આવ્યા. દુબળા હાથ વડે ખભા ઝાલી શૈલેશને હલબલાવી નાખેલો. હોઠ કંપવા માંડેલા... જોઈ રહેલી ઘડીક ફાટી આંખે ને પછી છાતીએ વળગાળી દીધેલો. ભીંસેલો એવો, જાણે ચસકવાય નહિ દે...

શૈલેશ હાથમાંના કાગળિયાને ખોલી એમાંના ફોટાને જોતો રહ્યો. સવિતાનો એ એકનો એક દીકરો. એકમાત્ર સહારો એનો. ઘડીક આંખ સામેથી અળગો થવા ન દે. શૈલેશનો બાપ ધંધો કરવા શહેરમાં ગયો પછી પાછો જ ન આવ્યો. ન પતો ન ખબર. સવિતા ત્યારથી શહેરનું નામ સંભાળતા જ ભડકી ઊઠતી.



જમીનના જે ટુકડામાં શાકભાજી ઉગાડી ગાડું ગબડાવતા’તા એ ય વેચીને ગયેલા બાપા. કમાવા. પછી બા મજુરીએ જતી. ભૂખી રહીને ય પોતાને રોટલો ખવડાવતી, માથે હાથ ફેરવી ખાટલીમાં સુવાડતી... શૈલેશ હાથમાંના કાગળિયા પર આંગળીઓ ફેરવતો યાદ કરતો રહ્યો. દસમામાં નાપાસ થયા પછી ભણવાનું છોડ્યું. બાની સાથે મજૂરીએ જવા લાગ્યો ને શાકભાજી વેચવાનું ય શરુ કર્યું. બા ટોપલો ઉપાડે ને પોતે પૈસાનો હિસાબ રાખે.

‘બા, ઓંય ગોમડોંમોં શ્યુ મળ... હેંડન શેરમોં જઈન ધંધો કરીએ...’ દોસ્તારો સાથે અમદાવાદ જઈ આવેલા શૈલેશે બાને કહેલું ને એ ઉકળી ઊઠેલી. જોકે, શૈલેશને શહેરમાં જઈ ધંધો કરવાની, પૈસા કમાવાની ને બાપને શોધી કાઢવાની બરાબરની ધૂન લાગેલી.

હાથમાંના કાગળિયાથી નજર બચાવતો હોય એમ બસની બારી બહાર જોવા લાગેલો શૈલેશ. બહારના દશ્યો ઊંધા પગલે દોટો કાઢી રહ્યા હતા. બાનો દોરો, વીંટી અને થોડી રોકડ રકમ જે હાથ લાગ્યું એ લઈ નાસી આવેલો પોતે... ‘ચ્યોં હેંડ્યો અત્તારમોં...?’ જોઈ ગયેલી બા. જોઈ રહેલી પ્રેમથી. ‘શેતરમોં...પશ્યાકાકાએ વે’લા આબ્બાનુ કીધુ સ.’’પણ સોંટો ચા..’ છેવટે પાણી પીને જ નીકળવા દીધેલો. કળશ્યો આપીને આમ જ જોઈ રહેલી... શૈલેશે ફરી કાગળિયામાં જોયું.

લાકડાનો થાંભલો પકડીને ઊભી છે, શાકની લારીઓ વચ્ચે. જોઈ રહો છે, આશાભરી નજરે... ફોટો ધૂંધળાયો. શૈલેશે આંખ લુછી. બે દિવસ પહેલા અચાનક હાથમાં આવી ગયેલું આકાગળિયું. દુકાનેથી ઘરે જતાં કોકી માટે સમોસા લઈ ગયેલો ને પડીકું ખોલતાં, તેલના ડાઘ વચ્ચે બા...

ખાઈ નહિ શકેલો શૈલેશ. કોકિલાને કહે, ‘આ તો મારી બા...’- વાર્તા લખો ને લવાજમ જીતો... લખેલું હતું, એની બાના ફોટા નીચે. ને છેક નીચે ફોન નંબર... શૈલેશે તરત એ નંબર જોડેલો.

ત્રણ-ચાર ફોન કર્યાં ત્યારે કોઈ મધુભાઈ સાથે વાત થયેલી. સમજાવેલી બધી વાત એમણે અને નંબર આપેલો આ ફોટો પાડનારનો. ફોટોગ્રાફરે માંડ-માંડ યાદ કરીને ‘...કદાચ’ કહેતાં એક-બે જગ્યાઓ જણાવેલી. એ જગ્યાને શોધવા ચારે તરફ નજર દોડાવતો શૈલેશ ઠસોઠસ ભીડમાં આમતેમ ભટકી રહ્યો હતો.

બે-ત્રણ દિવસ ભટકેલો, શહેરમાં નવો-નવો આવ્યો ત્યારે ય. સાવ અજાણ્યો. કંઈ જોયેલું નહિ. ફૂટપાથ પર સુવાનું. કંઈ સૂઝે નહિ. બાની ચિંતા અને ચોરી કર્યાની પીડા...પણ નક્કી કરેલું, કમાઈશ-બાપાને શોધીશ-બાને અહીં લાવીશ..

શાકભાજીમાં ન ફાવ્યો. પ્લાસ્ટિકના ડબલા-ડબલીનો ટોપલો માથે મૂકી ફર્યો, લારી કરી ને પછી નાનકડી દુકાન... વર્ષો વીતતાં ગયાં. કોકી મળી મેળામાં. લાલ બાંધણી પહેરેલી રૂપાળી-બટકબોલી-હસમુખી કોકિલા. પકડી લીધેલો હાથ એનો શૈલેશે ને માંગી ય લીધેલો.

બાના આશીર્વાદ લઈશું ને એને લેતાય આવીશું, એમ વિચારી સાત-સાત વર્ષે પાછો આવેલો શૈલેશ, કોકિલાને લઈને...પણ, ‘લ્યા, તારી બા બાપડી ચેટલી વાટ જોતીતી.. ગોમમોં ન શેતરોંમોં ભટકે જાય ન રોતી જાય... શી ખબેર્ય પસી ચ્યોં જઈ...’ બાપા તો ન મળ્યા ને હવે બા..

ચમકી ઊઠેલી શૈલેષની આંખો. એ જ જગ્યા...એવી જ લારીઓ ને પાછળ અંગ્રેજી પાટિયું... દોડીને પહોંચેલો, હાથમાંનું કાગળ જોતો, લારીઓ આગળથી પસાર થતો, લારીવાળાઓને જોતો એ જ જગ્યાએ પહોંચેલો. એ જ ચહેરો...‘ઓવ લ્યા, આતો મું સુ...’

શૈલેશે ફોટામાં આંગળી ચીંધી બા વિશે પૂછેલું. ‘પોર આ ડોશી આવતી...અમ નહિ આવતી...રોજ આઈન પૂસતી’તી, મારા શીયાન જોયો લ્યા ભૈ...’ લારીવાળાએ જવાબ આપેલો.

બાના ફોટા સામે જોતો શૈલેશ કયાંય સુધી એ જ લાકડાના થાંભલાને પકડી ઊભો રહેલો. ફોટામાંથી ય બા પૂછતી હતી જાણે, મારા શીયાન જોયો લ્યા ભૈ...

***- જિજ્ઞેશ બ્રહ્મભટ્ટ (૯૪૨૮૧ ૨૪૧૧૫)***
***-jigneshpb@yahoo.com***

# ‘મમતા’ જાહેર ખબરના દર




# MAMATA

## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | **Width x height** | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| | Premium Positions | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**


ઝાયડસ
જીવનને સમર્પિત
ખુશી બાહ્ય ચીજો પર નહી પરંતુ
એ ચીજોને આપણે કેવી રીતે જોઈએ છે તેના પર નિર્ભર છે.
લેવ તોલ્સ્તોય
Zydus
dedicated to life
કેડિલા હેલ્થકેર લિમીટેડ
ઝાયડસ ટાવર, સેટેલાઈટ ક્રોસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ભારત. ફોન : +૯૧-૭૯-૨૬૮ ૬૮ ૧૦૦ (૨૦ લાઈન્સ) ફેક્સ : +૯૧-૨૬૮૬ ૨૩ ૬૫ www.zyduscadila.com

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 10, August 2012

GUJGUJ13769/06/1/2011-TC



## આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો

Printed, Published and Owned by ARVINDKUMAR VALLABHDAS THAKAR.
Printed at Allied Offset Printers (Guj) Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad - 380 021
and Published from Plot No. 977/2, Sector No 7-C, Gandhinagar - 382 007 (Gujarat State).
Editor - ARVINDKUMAR VALLABHDAS THAKAR

Please Retun Undelivered Mail to Mamata, 977/2 Sector 7-C, Gandhinagar 380-007